સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ/સપ્ટેમ્બર - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

## દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી
## શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી - સરધાર
## તારીખ :- ૧૬ થી ૨૬ ઓક્ટોમ્બર - ૨૦૦૯




પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'ને તા. ૧-૮-૨૦૦૯ના રોજ 'રાજકોટ રેલ્વે સ્ટેશન' પર આશીર્વાદ સાથે વિદાય આપવા પધારેલા પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા તિથિ-તારીખનું સુંદર કેલેન્ડરનું વિમોચન.

(વધુ વિગત અંદરના પેજ ૩૬ પર)

શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા. જી. રાજકોટ

પ્રસિદ્ધ કર્તા : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠ સ્થાન સંસ્થાન-વડતાલ વતી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર તા.જી.રાજકોટ

# 'સ્નેહમયું સંભારણું'




સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઈ.સ. ૨૦૦૪ થી ઈ.સ. ૨૦૦૯ સુધીમાં છ-છ સ્પેશ્યલ ટ્રેનયાત્રાનું આજ દિવસ સુધીમાં આયોજન થયેલ છે. આ દરેક યાત્રામાં તન-મનથી જોડાઈને **ભાગ્યવાન બનેલા ભક્તો**ને કાયમને માટે આ દિવ્ય યાત્રાની **અવિસ્મરણીય પળો**ની **સ્મૃતિ** સદા તાજી રહે તે માટે આ સુંદર **'સ્મૃતિ પત્ર'** અર્પણ કરવાનું આયોજન કરેલ છે. **ટ્રેનયાત્રા તવારીખ :-** ૧. તા. ૨ થી ૧૭ સપ્ટેમ્બર - ૨૦૦૪, ૨. તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર - ૨૦૦૫, ૩. તા. ૯ થી ૨૭ નવેમ્બર - ૨૦૦૬, ૪. તા. ૩૧ ડીસેમ્બર થી ૧૫ જાન્યુઆરી - ૨૦૦૮, ૫. તા. ૩ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોમ્બર - ૨૦૦૮, ૬. તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૦૯

**ખાસનોંધ :- આપ પણ જો આ કોઈપણ યાત્રામાં જોડાયા હોય તો 'સરધાર મંદિર'થી આ સ્મૃતિ પત્ર પ્રાપ્ત કરી શકશો.**





















**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯**

૧. ત્ર્યંબકેશ્વર મંદિરના દર્શને પૂ. સંતો સાથે યાત્રિક ભક્તજનો. ૨. નાસિકમાં શ્રી નીલકંઠ વર્ણીના પ્રાસાદિક કૂવાના દર્શને પૂ. સંતો તથા ભક્તજનો. ૩. નાસિકમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દેવોના દર્શન કરતા યાત્રિકો. ૪. પંઢરપુરમાં પ્રાસાદિક ચંદ્રભાગા નદીના જળપ્રવાહમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી સાથે સંતો. ૫. ઠાકોરજીના અભિષેકના જળનો યાત્રિકો પર છંટકાવ કરતા પૂ. સ્વામી. ૬. પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલજી પ્રભુના દર્શને જતાં યાત્રિકો. ૭. સેતુબંધ રામેશ્વરમાં રેલ્વે સ્ટેશનથી સર્વે સંતો-ભક્તોના સમૂહમાં શ્રી રામેશ્વર મહાદેવના દર્શને. ૮. મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના પ્રાસાદિક સમુદ્રમાં ઠાકોરજી સાથે સંતો-ભક્તોનું સમૂહ સ્નાન. ૯. રક્ષાબંધનના પવિત્ર દિવસે ભક્તજનોને રાખડી બાંધતા પૂ. સ્વામી તથા સંતો. ૧૦. રામેશ્વર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર યોજાયેલ સત્સંગ સભાનો લાભ લેતા યાત્રિક ભક્તજનો.



**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯**

૧. શ્રીરંગ ક્ષેત્રમાં મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના દિવ્ય સ્પર્શથી પ્રાસાદિક થયેલ કાવેરી નદીમાં ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરતા પૂ. સંતો-ભક્તો. ૨. ત્રીચીનાપલ્લીમાં રોકફોર્ટ પર પૂ. સંતો. ૩. ભૂતપૂરીમાં શ્રી રામાનુજાચાર્યજીના જન્મસ્થાનના દર્શન કરતાં પૂ. સંતો-ભક્તો. ૪. તિરૂપતિમાં યોજાયેલ સત્સંગ સભાનો લાભ લેતા યાત્રિક ભક્તજનો. ૫. જગન્નાથપુરીમાં મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના પ્રાસાદિક સમુદ્રમાં ઠાકોરજીના અભિષેક સાથે સંતો-ભક્તોનું સમૂહ સ્નાન. ૬. ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સંતો-ભક્તોનું સમૂહ સ્નાન. ૭. ચક્રતીર્થના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૮. સાક્ષીગોપાલ ભગવાનના દર્શને પૂ. સંતો સાથે યાત્રિક સમુદાય. ૯. ભુવનેશ્વરમાં મહાન સમ્રાટ રાજા અશોકે સ્થાપેલ બૌદ્ધ શાંતિ સ્તુપ (ધોલાગીરી)ના દર્શને યાત્રિક ભક્તજનો. ૧૦-૧૧. બૌદ્ધગયામાં વિવિધ દેશો દ્વારા નિર્મિત બૌદ્ધ મંદિરોના દર્શન કરતા પૂ. સંતો તથા યાત્રિકો. ૧૨. કાશી રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર સત્સંગ સભાનો લાભ લેતા યાત્રિક ભક્તજનો.





































**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯**

૧-૨. પ્રયાગરાજ-અલ્હાબાદમાં ગંગા-યમુના-સરસ્વતીના ત્રિવેણી સંગમમાં નૌકા વિહાર કરીને ઠાકોરજીને અભિષેક કરતા પૂ. સંતો-ભક્તો. ૩. શ્રી ભારદ્વાર મુનિના આશ્રમના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૪. પ્રયાગરાજ સ્થિત નવનિર્માણ મંદિરના દર્શન કરતા પૂ. સ્વામી તથા સાથે પૂ. મહંત સ્વામી અને સંતો-ભક્તો. ૫. હરિદ્વારમાં ગંગાતટ પર પૂ. સંતો સાથે યાત્રિક ભક્તસમુદાય. ૬. ગંગાના વિશાળ જળપ્રવાહમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી તથા સંતો-ભક્તો. ૭. હરકી પૌડીના નદી કિનારે સંધ્યા આરતીના દર્શન કરતા સર્વે યાત્રિક ભક્તજનો. ૮. હરિદ્વારમાં રેલ્વે મેલા સ્ટેશન ઉપર યોજાયેલ યાત્રિકોની સત્સંગ સભા. ૯. ગૌરીકુંડથી કેદારનાથ દર્શન જતાં યાત્રિકો. ૧૦. ગૌરીકુંડમાં તપ્તકુંડમાં સ્નાન કરતા પૂ. સ્વામી તથા સંતો-ભક્તો. ૧૧. મથુરામાં યમુના નદીના કિનારે પૂ. સંતો-ભક્તો. ૧૨. ગોકુલ -રમણરેતીમાં પૂ. સંતો-ભક્તો.

શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા. જી. રાજકોટ


SL-1


SL-2

શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા. જી. રાજકોટ


SL-3


SL-4


SL-5


SL-6


SL-7


Pantry


SL-8


SL-9


SL-10


SL-11


SL-12


SL-13


SL-14


SL-15


SL-16


SLR-1


SLR-2

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'માં તીર્થદર્શન કરી
ભાગ્યવાન બનેલ યાત્રિકોની સ્મૃતિરૂપે ૧ થી ૧૯ કોચવાઈઝ સમૂહ તસ્વીરો




:: સંસ્થાપક ::    :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૨-૩, તા. ૨૦-૦૯-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : chintansardhar@yahoo.in




# "વ્હાલા લાગે વાલપના વેણ..."

"સત્સંગમાં અમે જે શુદ્ધ વર્તન રખાવ્યા છે તે નિર્દોષ જનોને પ્રિય લાગે છે. સદોષ જનો સત્સંગમાં પાર પડે નહિ. નિર્મળ મણિ હોય તેના પર મલિન રજ પડી હોય તો તરત જણાઈ આવે છે. તેમસત્સંગ મણિ સમાન નિર્મળ સ્થાપ્યો છે. તેનાથી અપાર જનો નિર્મળ થાય છે. અને દોષ માત્ર ટાળી દે છે. ગૃહસ્થ આચાર્ય હોય ત્યારે વર્તન તે પ્રમાણે હોય. ધન-નારીના પ્રસંગથી તેમાં દોષ જોવાય નહિ. ગૃહસ્થના નોરમાં તેમને ચાલવું પડે. ત્યાગી પોતાનો ત્યાગીનો ધર્મ પાળી આચાર્યની સેવા કરે.

**'કઠિન મેં કઠિન વચન હે એહા, ત્યાગિ કું ગૃહી ગુરુ કરના તેહા ।**
**આપે ધન ન રાખે રખાવે, ગુરુ અર્થ જાઈ ધન લેવાવે ॥'**

ત્યાગીને કઠણમાં કઠણ એ છે જે ગૃહસ્થને ગુરુ કરવા. પોતે ધન રાખે નહિ અને ગુરુને માટે જઈ દાન લઈ આવે.

ત્યારે નિત્યાનંદ મુનિ બોલ્યા કે અમે એ પ્રમાણે નિશ્ચય કર્યો છે કે વચન પ્રમાણે ચાલવું છે. શાસ્ત્ર અને લોકની રીત એ તમારા વચન જ છે એમઅમે માન્યું છે. બધા સંત હરિભક્તો એ પ્રમાણે સમજે છે. એવા વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને ઉરમાં ચરણ આપ્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૯, તરંગ : ૫૭)

## :: અનુક્રમણિકા ::


૧ આચાર્ય પરંપરા : એક અધ્યન.... ૦૮
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ બ્રાહ્મણોનું અતિશય માહાત્મ્ય... ૩૨
- સંકલિત

૩ સત્સંગ સમાચાર પત્રિકા ૩૪

૪ ટૂંકસમયમાં જ પ્રકાશિત થાય છે.... ૩૫
- સંકલિત

૫ શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી.... ૩૮
- સંકલિત



**અક્ષરધામથી જાહેર આમંત્રણ.... પધારો ગઢપુર... ચાલો ગઢપુર...**
**'આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ' તા. ૧૮ થી ૨૬ ડીસેમ્બર - ૨૦૦૯**

**ઘેર બેઠાં સત્સંગનો અલૌકિક લ્હાવો લેવા માટે... આજે જ ક્લીક કરો નીચે આપેલ વેબસાઈટ પર...**
www.swaminarayanvadtalgadi.org ✤ www.swaminarayanmahamantra.org ✤ www.gopinathji.com

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વેદો ક્ત અને શાસ્ત્રો પ્રમાણે સાંપ્રદાયિક

# આચાર્ય-ગુરુપરંપરા : એક અધ્યયન

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ ગાદી આચાર્ય પરંપરા

ઉત્તર વિભાગ શ્રી નરનારાયણ દેવ દેશ ગાદી આચાર્ય પરંપરા



આપણે એક વાત વારંવાર સાંભળીએ છીએ કે **પરિવર્તન સંસારનો નિયમ છે.** અંગ્રેજીમાં એક કહેવત છે **'એવરીથિંગ ઈઝ પરમેનન્ટ એક્સસેપ્ટ ચેન્જ'** - પરિવર્તન સિવાય બધું જ કાયમી છે. પરિવર્તન કાયમી હોય જ ન શકે. પ્રકૃતિનો સ્વભાવ પણ પરિવર્તનશીલ છે.

માણસમાં દરરોજ કેટલું **પરિવર્તન** થાય છે ? બીજું કંઈ ન થાય તો પણ **દરરોજ માણસ એક દિવસ મોટો તો થાય જ છે.** બાળક અને બુઢાપા વચ્ચેની જિંદગી ક્યારેય સીધી લીટીમાં ચાલતી નથી. હાથની રેખાઓમાં **માઈલસ્ટોન** નથી હતો. ક્યાં વળાંક છે, ક્યાં ચઢાવ છે, ક્યાં ઉતાર છે, ક્યાં સ્પીડબ્રેકર છે, તેના બોર્ડ નથી હોતાં.

પરિવર્તન હંમેશાં **અણધાર્યાં** હોય છે. પરિવર્તનની એ જ તો મજા છે. પરિવર્તનો જ માણસના વર્તનને ઘડે છે. પરિવર્તનનો પવન ક્યારે કઈ દિશામાં પલટાશે તે કહેવું મુશ્કેલ છે. પરિવર્તનથી એ જ માણસ ડરે છે જે પરિવર્તનો માટે તૈયાર હોતો નથી.

એક માણસને નદી પાર કરવાની હતી. એક હોડીવાળાને તેણે બોલાવ્યો. જે દિશામાં જવાનું હતું એ દિશા તરફ પવન વાતો હતો. હોડી સડસડાટ કિનારા તરફ દોડવા લાગી. હોડીમાં સફર કરનાર વ્યક્તિને થોડા સમયમાં એ જ માર્ગે પાછું ફરવાનું હતું. તેને વિચાર આવ્યો કે અત્યારે તો પવન અનુકૂળ છે પણ પાછા ફરતી વખતે તો પવન ઊંધો હશે, ત્યારે શું કરીશું ?



મુસાફરે નાવિકને પૂછ્યું કે, વળતી વખતે તું શું કરીશ ? પવન તો સામો હશે ! નાવિકે હસીને કહ્યું કે, ચિંતાનું કોઈ કારણ નથી. મેં સરસ મજાનો સઢ બનાવ્યો છે. હું પવન બદલી શકવાનો નથી, હોડીનો સઢ ફેરવી નાંખીશ. તમે જોજો આવી જ રીતે સડસડાટ આપણે પાછા આવી જઈશું. **સવાલ** એ છે કે પરિવર્તન માટે સઢ બદલવાની આપણી તૈયારી છે ?

પરિવર્તનથી માણસ પરખાઈ જાય છે. સારા પરિવર્તન વખતે જે સમજણથી વર્તે છે, એ નરસા પરિવર્તન વખતે ટકી જાય છે. પરિવર્તનથી વર્તન બદલાવું જોઈએ. પરિવર્તનથી વર્તન સુધરવું જોઈએ. દરેક પરિવર્તન માણસને વધુ કુશળ બનાવે છે. દરેક પરિવર્તન સાથે નવા અનુભવો મળે છે. પરિવર્તનો કરવટ લેતા રહે છે. સમયની સાથે નવા નવા પરિવર્તન થાય છે. સમય બદલે છે, સંજોગ બદલે છે, સ્થળ બદલે છે. અને બધું બદલે પણ **કોઈ વસ્તુના મૂળ તત્ત્વોને બદલવા ન જોઈએ.** દરેક વસ્તુ જે **બેઝિક્સ** (મૂળભૂત-પાયાનું) છે તે એ જ રહેવા જોઈએ. બંધારણમાં જેમ કેટલાક અધિકારો **મૂળભૂત અધિકાર** હોય છે તેમ સંપ્રદાયના મૂળભૂત **મૂલ્યો** હોવા જોઈએ.

**વિનોબા ભાવે કહે છે,** દરેક વસ્તુને એના અસલ સ્વરૂપમાં રાખો. મહોરા બદલીને અસલનો નાશ થાય છે. એ ન ભૂલો કે જ્યાં જ્યાં પરિવર્તનના નામે સુધારા થાય છે ત્યાં બધે જ તે **મૂળભૂત વસ્તુ** એના **ધ્રુવ સ્થાનેથી ખસે છે** અને **અંતે ખતમ થઈ જાય છે.** નારીના જીવનમાં **પરિવર્તન** કરીને તેને કેવી ઊભી બજારે રખડતી કરી દઈને સાવ **ગુલામ** બનાવી દીધી. **ખેતીમાં પરિવર્તન** કરીને ખેતીને **મોંઘીદાટ** બનાવી દીધી છે. **નવરાત્રિ**નાં ગરબાને પરિવર્તન કરતાં તેનું **મૂળભૂત ભક્તિ સ્વરૂપ** ખતમકરાયું છે.

"...**વિનોબા ભાવે કહે છે,** દરેક વસ્તુને એના અસલ સ્વરૂપમાં રાખો. મહોરા બદલીને અસલનો નાશ થાય છે. એ ન ભૂલો કે જ્યાં જ્યાં પરિવર્તનના નામે સુધારા થાય છે ત્યાં બધે જ તે **મૂળભૂત વસ્તુ** એના **ધ્રુવ સ્થાનેથી ખસે છે** અને **અંતે ખતમ થઈ જાય છે.** નારીના જીવનમાં **પરિવર્તન** કરીને તેને કેવી ઊભી બજારે રખડતી કરી દઈને સાવ **ગુલામ** બનાવી દીધી. **ખેતીમાં પરિવર્તન** કરીને ખેતીને **મોંઘીદાટ** બનાવી દીધી છે. **નવરાત્રિ**નાં ગરબાને પરિવર્તન કરતાં તેનું **મૂળભૂત ભક્તિ સ્વરૂપ** ખતમ કરાયું છે..."

ધાર્મિક ઓઠાની નીચે પોતાના **અધાર્મિક કાર્યો**ને વેગ આપી દેવાય છે. પેલું **ધાર્મિક ઓઠું** માત્ર નામ પુરતું કે **દેખાવા પુરતું** રહે છે. **તુરીયા** અને **કારેલાની કલમ**ને ભેગી કરીને તેને ખાતર ભેગી જો દાટવામાં આવે તો બંનેનો એક સાથે વિરુદ્ધ દિશામાં વિકાસ થાય. પછી વેપારી દષ્ટિનો માણસ તુરીયાના વિકાસને સ્થગિત કરી દેવા માટે તેને કાપી નાખે એટલે એકલો કારેલાનો છોડ વિકસવા લાગે. પરંતુ આમાં જે કારેલું આવે તે તુરીયા જેટલું જ લાંબુલસ હોય, દેખાવે તુરીયું હોય ને અંદર કારેલું હોય. તુરીયું એટલે **ધર્મનાં મૂલ્યો** અને કારેલું એટલે દુષ્ટ તત્ત્વો.

હિન્દુસ્તાન સામે **આરોપ** છે : તે એવા જંગલી છે કે તેની પાસે કંઈ ફેરફાર કરાવી શકાતાં નથી. આ આરોપ એ આપણો ગુણ છે, દોષ નથી. જે બીજ આપણા વડવાઓએ રોપ્યાં છે તે આપણે કેમફેરવીશું ? પરિવર્તનને નામે રોમ ધૂળધાણી થયું, અને ગ્રીસનું નકશામાં ફક્ત નામ જ રહ્યું ત્યારે હિન્દુસ્તાન અડગ રહ્યું છે. આ તેની ખુબી છે, આ તેનું લંગર (નાંગળ) છે.

જેમ્સ જિન્સ જેવા **વૈજ્ઞાનિકો** કહે છે કે અમારી વાતોને એકદમ**સાચી માની લેવાની ઉતાવળ** કરજો મા, કેમકે નિતનવા થતાં જતાં સંશોધનોમાં **જુના સમીકરણો** અને અન્વેષો **ખામીભર્યાં** દેખાવા લાગે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું **બંધારણ** સર્વકારણના કારણ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વયં બનાવેલું** છે. એ બંધારણમાં લગીરેય **ફેરફાર**ને **અવકાશ** નથી. કારણ કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ **ગોડ-મેઈડ** (ભગવાને બનાવેલું) છે, મેન-મેઈડ (માણસે બનાવેલું) નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વજ્ઞ હતા. તેમણે જે **અપરિવર્તનીય** મૂળભૂત **સિદ્ધાંતો** આપ્યાં તેમાં



**પરિવર્તન**ને લગીરેય **અવકાશ** હોય શકે નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં **શિક્ષાપત્રી**માં કહ્યું છે :

'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।

गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥'

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને **દીક્ષા** આપવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।

कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥'

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. (શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

આ કળિયુગની ભયાનક સુનામીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે લખાયેલી શિક્ષાપત્રીનાં આ બંને શ્લોકો એ વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને **'સંપ્રદાય'** તરીકે અડગ ઊભો રહેવા દીધો છે. સંપ્રદાય એટલે 'संप्रदायो गुरुक्रमः' અર્થાત્ વંશવારસાગત રીતે ચાલી આવતી, **અણિશુદ્ધ ગુરુપરંપરા દ્વારા** પ્રાપ્ત થયેલો **સદુપદેશ** (જીવાત્માને **મુક્તિ હેતુ મંત્ર** અને તેના **વિસ્તૃત** જ્ઞાનનો ઉપદેશ) શિષ્ય પરંપરામાં પ્રાપ્ત થતો રહે તે જ સંપ્રદાય અને આ ગોડ-મેઈડની **બહાર રહેલા**નાં વર્તુળને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** ન કહેવાય, પરંતુ **'વાડા'** કહેવાય. આ બંને શ્લોકને મૂકીને કોઈ પોતાના પંથને કે વાડાને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઠેરાવે તો આ બંને શ્લોકથી બધી જ વાતે તે **મૂળથી ખોટા** ઠરે છે.

નોકરી માટે **ઈન્ટરવ્યુ** આપવા આવેલા યુવકને મેનેજરે પૂછ્યું :

"તમે દારુ પીઓ છો ?"

"ના."

"ચોરી કરો છો ?"

"ના."

"ગાળો બોલો છો ?"

"ના."

"મારામારી કરો છો ?"

"ના."

"સિગારેટ પીઓ છો ?"

"ના."

"તો શું તમારામાં કોઈ ખામી જ નથી ?"

"હું દરેક બાબતમાં  જૂઠું જ બોલું છું !!!"

કહેવાની જરૂર નથી કે મેનેજરે પળનોય વિલંબ વિના યુવકને પોતાની કેબિનમાંથી બહાર ધકેલી દીધો હશે કે કેમ?

જૂઠની એક જ **નબળી કડી**એ જેમએ યુવકને **તમામ બાબતમાં ખોટો** પુરવાર કરી દીધો. તેમ આ **બંને શ્લોકો** મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિના બીજાને **ખોટા** પુરવાર કરી આપે છે.

**'સ્વરાજ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.'** એ જો લોકમાન્ય તિલકનું **સૂત્ર** હતું તો ભગવાન શ્રીહરિ કહે : 'मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ।' - **'શિક્ષાપત્રી એ મારું જ સ્વરૂપ છે.'** માટે આ શિક્ષાપત્રીને આદર આપવો, **એમના વચનનું પાલન કરવું એ અમારો સ્વભાવસિદ્ધ અધિકાર છે.** એ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને વરેલા અને સમજેલા પ્રત્યેક ભક્તોનું **સૂત્ર** છે. લોકમાન્ય તિલકે તો મેળવીને પોતાના જન્મ સિદ્ધ અધિકારને યથાર્થ ઠેરવી દીધો. પરંતુ આપણે આપણા સ્વભાવ સિદ્ધ અધિકારને, વાસ્તવિક્તાને ધરતી પર પ્રસિદ્ધમાં લાવવા હજુ ખૂબ દૂર હોઈએ તેવું નથી લાગતું ? શું ખૂટે છે આ બાબતમાં ? શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં સિદ્ધાંતો અને શાસ્ત્રોનું જ્ઞાન જ ને ? તેથી જ સ્વામી વિવેકાનંદે કહ્યું કે, "ગરીબ હોવાથી કોઈ દેશ કે પરિવાર ક્યારેય ખતમ નથી થઈ જતો પણ જો તે દેશ કે પરિવારનાં લોકો વચ્ચેથી તેમનો **ઈતિહાસ** કે **ધર્મગ્રંથનું ગૌરવ** ખેંચી લેવામાં આવશે તો તે લોકો જરૂર ખતમ થઈ જશે."

'गुरौ पुरस्कृते तस्मात् धर्मग्रंथः पुरस्कृतः' - જો તમે ધર્મચાર્યને જ આગળ કરો છો તો હકીકતમાં તમે ધર્મગ્રંથને જ આગળ કરો છો. સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે :-

'कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।

धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥'

અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૪૧)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન ગ્રંથરત્નરાજ શ્રી સત્સંગિજીવન (પ્ર : ૪, અધ્યા. : ૪૬) પણ બતાવે છે : 'तत्राद्यां प्राप्नुयुर्ये ते प्रोक्ताः सत्सङ्गिसंज्ञकाः।' - જેમણે ધર્મવંશી આચાર્ય પાસેથી મંત્રદીક્ષા લીધી હોય તે જ સત્સંગી કહેવાય અન્ય કદાપી નહી.

'वैदिकधर्ममार्गे दीक्षाविधानं जैमिनिसूत्रे अध्याय ६ पा. ५ अधिकरणेषु ८-१२ विस्तरेण प्रतिपादितं दृश्यते' - વૈદિક ધર્મમાર્ગમાં દીક્ષાનું વિધાન જૈમિનિસૂત્ર અધ્યાય ૬ પા.૫ અધિકરણ ૮-૧૨ માં સવિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

'अदीक्षितोऽपि मरणे रौरवं नरकं व्रजेत् ।

तस्माद्दीक्षां प्रयत्नेन गृह्णीयुः सर्वमानवाः ।।'

દીક્ષા લીધા વિના મૃત્યુ થાય તો રૌરવ નામના નરકમાં જવું પડે. માટે બધા જ મનુષ્યોએ પ્રયત્ન કરીને ગૃહસ્થ બ્રાહ્મણ પાસે દીક્ષા ગ્રહણ કરવી. (તંત્રસાર)

'देवि ! दीक्षाविहीनस्य न सिद्धि र्न च सद्गतिः ।

तस्मात् सर्वप्रयत्नेन गुरुणा दीक्षितो भवेत् ।।'

પાર્વતી શિવજીને પૂછે છે કે દીક્ષાની શું આવશ્યકતા છે ? દેવી ! દીક્ષા વિના તો કોઈ સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી અને મર્યા પછી પણ સદ્‌ગતિ મળતી નથી માટે સર્વ પ્રયત્ન કરી ગુરુ થકી દીક્ષા લઈ દીક્ષિત થવું. (શબ્દરત્નમહોદધિ : પાન નં. ૧૦૬૬)

'अदीक्षिता ये कुर्वन्ति जपपूजादिकाः क्रियाः ।

न भवन्ति प्रिये ! तेषां शिलायां न्यस्तबीजवत् ।।'

જે મનુષ્યે દીક્ષા ગ્રહણ નથી કરી તેણે કરેલ જપ-પૂજાદિક એવી રીતે **નિષ્ફળ** જાય છે કે જેવી રીતે **પથ્થર પર વાવેલા બીજ.** (રુદ્રયામલ)

'अनेकजन्मपुण्योघैर्दीक्षितो जायते नरः ।'

જે મનુષ્યના પૂર્વ જન્મના કંઈક વિશેષ પુણ્ય



હોય છે તે જ ગુરુ દ્વારા **દીક્ષા ગ્રહણ** કરી શકે છે. (વૈષ્ણવતંત્ર)

'तथाचादीक्षितानां च मन्त्रदेवार्चनादिषु ।
नाधिकारोस्त्यतः कुर्यादात्मानं शिवसंस्कृतम् ।।'

જેણે દીક્ષા ગ્રહણ નથી કરી તે મનુષ્યને ભગવાનના નામમંત્ર અને દેવપૂજન આદિક કરવાનો અધિકાર નથી. માટે બ્રાહ્મણને ગુરુ બનાવી દીક્ષા ગ્રહણ કરીને **સુસંસ્કૃત** થવું જોઈએ. (દીક્ષા રહસ્ય)

'तथात्रादीक्षितानां तु मन्त्रदेवार्चनादिषु ।
नाधिकारोस्त्यतः कुर्यादात्मानं दीक्षितं गुरुम् ।।'

અદીક્ષિત મનુષ્યને મંત્ર, જપ તથા દેવ-અર્ચનાદિક કરવાનો **અધિકાર** નથી. માટે બ્રાહ્મણને ગુરુ બનાવી અવશ્ય **દીક્ષિત** થવું જોઈએ. (ગૌત્તમીયતંત્ર)

'जपो देवार्चनविधिः कार्यो दीक्षान्वितै नरैः ।'

ગુરુ દ્વારા દીક્ષા ગ્રહણ કરાયેલા મનુષ્યને જ દેવ-પૂજન અને ભગવદ્‌નામ મંત્રનો જપ કરવાનો અધિકાર છે. (મંત્રમુક્તાવલી)

'मन्त्रग्रहणमात्रेण नरो नारायणो भवेत् ।'

ગુરુમંત્ર ગ્રહણ કરવા માત્રથી મનુષ્ય ભગવાનની જેમ પવિત્ર બને છે.
(નારદપંચરાત્ર - દ્વિતિય રાત્રિ, તૃતીય અધ્યાય)

'मन्त्रग्रहणमात्रेण नरो नारायणात्मकः ।
पुनाति लीलामात्रेण पुरुषाणां शतं शतम् ।।'

ગુરુમંત્ર ગ્રહણ માત્રથી મનુષ્ય દેવ સરખો પવિત્ર બને છે. અને મંત્ર ગ્રહણથી પોતાની સેંકડો પેઢીઓનો ઉદ્ધાર કરે છે. (મયુખ)

'यथा काञ्चनतां याति कांस्यं रसविधानतः ।
तथा दीक्षाविधानेन द्विजत्वं जायते नृणाम् ।।'

જેવી રીતે કાંસા ઉપર સુવર્ણ રસનો પ્રયોગ કરવાથી તે કાંસુ સુવર્ણ બની જાય છે તેવી જ રીતે દીક્ષા ગ્રહણ કરવાથી મનુષ્યને દ્વિજત્વની પ્રાપ્તિ થાય છે. (વૈષ્ણવતંત્ર)

'अदीक्षितानां मर्त्यानां दोषं शृण्वन्तु साधकाः ।
अन्नं विष्ठासमं ज्ञेयं जलं मूत्रसमं तथा ।।'

હે સાધકો ! દીક્ષા રહિત મનુષ્યના દોષો સાંભળો. અદીક્ષિતનું અન્ન વિષ્ટા સમાન છે અને એમનું જળ મૂત્ર સમાન છે. (રુદ્રયામલ)

'अदीक्षितकृतं श्राद्धं श्राद्धं चादीक्षितस्य च ।
गृहीत्वा पितरस्तस्य नरके चाशु दारुणे ।।'

અદીક્ષિત પુરુષોએ કરેલું શ્રાદ્ધ ગ્રહણ કરીને એમના પિતૃઓ ચૌદ ઈન્દ્ર સુધી ઘોર નરકમાં પડે છે. (રુદ્રયામલ)

'तस्माददीक्षितं दृष्टवा सचैलं स्नानमाचरेत् ।
दीक्षाग्रहणकाले तु पापराशिः प्रलीयते ।।'

માટે દીક્ષા રહિત પુરુષોને જોઈને કપડાં સહિત સ્નાન કરવું જોઈએ. દીક્ષા ગ્રહણ કરવાના સમયમાં જ પાપરાશિનો નાશ થઈ જાય છે. (રુદ્રયામલ)

'अदीक्षितश्च मरणे रौरवं नरकं व्रजेत् ।
तस्माद्दीक्षां प्रयत्नेन गृह्णीयादागमान्मुदा ।।'

અદીક્ષિત પુરુષના મરણ પછી તે રૌરવં નામના ઘોર નરકમાં પડે છે. માટે પ્રયત્નપૂર્વક મનુષ્યે આગમમાં કહેલી વિધિ પ્રમાણે દીક્ષા લેવી જોઈએ. (રુદ્રયામલ)

'अथ दीक्षाविहीनो हि वर्तते भुवि पापभुक् ।
मोहान्धकारे नरके गर्ते पतति दुःखितः ।।'

જે મનુષ્ય દીક્ષા રહિત છે તે સંસારમાં પાપ ભોગવે છે. અને મોહ અંધકારરૂપી નરક-ખીણમાં પડીને દુઃખને ભોગવે છે.
(દત્તાત્રેયામલ)

'अनीश्वरस्य मर्त्यस्य नास्ति त्राता यथा भुवि ।
तथा दीक्षाविहीनस्य नेह स्वामी परत्र च ।।'

જેવી રીતે પરમાત્માને ન માનવાવાળા નાસ્તિકની આ સંસારમાં કોઈ રક્ષા નથી કરી શકતું તેવી જ રીતે દીક્ષા રહિત મનુષ્યને પરલોકમાં કોઈ રક્ષા કરવાવાળું નથી. (દત્તાત્રેયામલ)

'उपगम्य गुरुं विप्रमाचार्यं तत्त्ववेदिनम् ।
जापिनं सद्‌गुणोपेतं ध्यानयोगपरायणम् ।।'

મનુષ્યને બ્રાહ્મણ, આચાર્ય, સર્વશાસ્ત્ર પારંગત, તત્ત્વવેતા, જપકર્તા, સદ્‌ગુણ સંપન્ન, ધ્યાન અને યોગમાં નિપુણ ગુરુ પાસે જઈને દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. (શિવપુરાણ)

'न प्राप्तव्यं परं तत्त्वं दीक्षागुरु पराङ्मुखैः ।'

દીક્ષાગુરુથી વિમુખ થયેલો વ્યક્તિ ક્યારેય પરતત્ત્વને પામતો નથી.

'दीक्षायां गुरुरुपदेष्टा इति दीक्षागुरुः ।'

દીક્ષાગુરુ એટલે મંત્રાદિનો ઉપદેશ કરનાર ધર્મગુરુ. (શબ્દરત્નમહોદધિ)

'दीक्षा - गुरुमुख्यात्स्वेष्टदेव-मन्त्रग्रहणम् ।'

દીક્ષા એટલે ગુરુના મુખ થકી સ્વેષ્ટદેવનો મંત્ર ગ્રહણ કરવો.
(સર્વલક્ષણસંગ્રહ )

दीप्तं ज्ञानं प्रदद्याच्च क्षयं कुर्यात्तथैनसाम् ।
तस्माद्दीक्षेति सम्प्रोक्ता देशिकैस्तन्त्रवेदिभिः ॥

અતિશય પ્રકાશમાન જ્ઞાન-આત્માપરમાત્માદિનું યથાર્થ જ્ઞાન સારી રીતે ઉત્પન્ન કરે તથા પાપોને મૂળે સહિત નાશ કરે માટે પંચરાત્ર તંત્રને જાણનારા આચાર્યોએ **'દીક્ષા'** કહેલી છે. (શ્રી સત્સંગિજીવન : ૪/૪૯/૧૦)

'ददाति दिव्यतां तावत् क्षियुयात् पापसन्ततिः ।
तेन दीक्षेति विख्याता मुनिभिस्तन्त्र पारगैः ।।'

ધર્મગુરુ દ્વારા લીધેલી દીક્ષા દિવ્યતા આપે છે અને પાપના સમૂહોનો નાશ કરે છે. એટલે તંત્રના પારંગત મુનિઓ દ્વારા **'દીક્ષા'** એવા નામથી પ્રસિદ્ધ થયેલી છે.
(ગૌત્તમીયતન્ત્રે)

'दीयते ज्ञानमत्यन्तं क्षीयते पापसंचयः ।
तस्मात् दीक्षेति सा प्रोक्ता मुनिभिस्तन्त्रवेदिभिः ।।'

દીક્ષા પરતત્ત્વનું જ્ઞાન આપે છે અને પાપના સમૂહનો સંપૂર્ણ નાશ કરે છે. એટલે તન્ત્રને જાણનારા મુનિઓ દ્વારા **'દીક્ષા'** એવા નામથી કહેવાયેલી છે.
(યોગીનીતન્ત્રે)

'दीयते ज्ञानसम्बन्धः क्षीयते च मलत्रयम् ।
दीयते क्षीयते येन सा दीक्षेति निगद्यते ।।'

જે જ્ઞાનના સંબંધ પ્રદાન કરે છે અને મિથ્યા જ્ઞાન, અધર્મ અને વિષયાસક્તિ આ ત્રણેય પ્રકારના મળનો નાશ કરે છે. માટે જેનાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય અને ત્રિવિધ મળનો નાશ થાય તેને **'દીક્ષા'** કહેવાય છે. (શૈવાચારપ્રદીપિકા : ૨/૧૫)

'दीयते ज्ञानसम्भारः क्षालनात् पापसन्ततिः ।
ततो दीक्षेति सा प्रोक्ता मुनिभिस्तन्त्रवेदिभिः ।।'

દીક્ષા - જ્ઞાનના સમૂહને પ્રદાન કરે છે અને પાપરાશિને ધુએ છે. માટે તંત્રવેત્તા મુનિઓએ એને દીક્ષા કહેલી છે. (શારદાતિલક)



'दीयते विमलं ज्ञानं क्षीयते पापपद्धतिः ।
तेन दीक्षोच्यते तन्त्रे स्वागमार्थबलाबलात् ।।'

દીક્ષા વિમલ (સ્વચ્છ) જ્ઞાન પ્રદાન કરે છે. અને પાપ પદ્ધતિ(માર્ગ)ને નાશ કરે છે. માટે તંત્રશાસ્ત્રમાં અને તંત્રના અર્થમાં બળાબળ ભેદથી તેને **'દીક્ષા'** કહેવામાં આવે છે. (લઘુકલ્પસૂત્ર)

'दीयते ज्ञानसद्भावः क्षीयते पापसञ्चयः । तेन दीक्षेति सा ज्ञेया पाशच्छेदक्षयात् क्रिया ।।'

જે જ્ઞાનપૂર્વક સદ્‌ભાવને પ્રદાન કરે છે અને પાપરાશિઓનો પણ નાશ કરે છે તથા સંસારના બંધનોનો નાશ કરે છે. માટે આ ક્રિયાનું નામ **'દીક્ષા'** છે એમ જાણવું જોઈએ. (પ્રયોગસાર)

'दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना । तेन दीक्षेति सा प्रोक्ता मुनिभिस्तन्त्रवेदिभिः ।।'

જે વિમલ જ્ઞાનને પ્રદાન કરે છે અને કર્મવાસનાનો નાશ કરે છે. માટે તંત્રવેતા મુનિગણ તેને **'દીક્ષા'** કહે છે. (તંત્રશાસ્ત્ર)

'दिव्यं ज्ञानं यतो दद्यात् कुर्यात्पापस्य संक्षयम् । तस्माद्दीक्षेति सा प्रोक्ता देशिकैस्तत्त्वकोविदैः ।।'

દીક્ષા દિવ્ય જ્ઞાનને આપે છે અને પાપોનો નાશ કરે છે. માટે તત્ત્વજ્ઞ દેશિકો(આચાર્યો) એને **'દીક્ષા'** કહે છે. (રુદ્રયામલ)

'दिव्यं ज्ञानं यतो दद्यात् कुर्यात्पापक्षयं यतः । तस्माद्दीक्षेति सा प्रोक्ता सर्वतन्त्रस्य सम्मता ।।'

દીક્ષા દિવ્ય જ્ઞાન પ્રદાન કરે છે અને પાપોનો નાશ કરે છે. માટે સર્વ શાસ્ત્રસંમત હોવાને કારણે તેને **'દીક્ષા'** કહેવામાં આવે છે. (વિશ્વસારતંત્ર)

'मन्त्रमार्गानुसारेण साक्षात्कृत्वेष्टदेवताम् । गुरुश्चोद्बोधयेच्छिष्यं मन्त्रदीक्षेति सोच्यते ।।'

સંપ્રદાય માર્ગ અનુસાર ગુરુ પોતાના ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરી પછી પોતાના ઉપદેશ દ્વારા શિષ્યને બોધ કરાવે છે તેને **'દીક્ષા'** કહેવામાં આવે છે. (પ્રયોગસાર)

'दिव्यभावप्रदानाच्च स्खलनात्कलुषस्य च । दीक्षेति कथिता सद्भिः भव बन्धनमोक्षणात् ।।'

દિવ્યભાવને પ્રદાન કરવાથી, પાપનો નાશ કરવાથી, સંસારના બંધનોથી મુક્તિ કરાવે છે. માટે સંતો તેને દીક્ષા કહે છે. (દીક્ષાપ્રકાશિકા)

ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે : "...દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારા હોય તો પુરુષની બુદ્ધિ **નિર્મળ** થાય છે. અને આઠ ભૂંડા હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે." શ્રીજીમહારાજના આ પ્રમાણથી એ સ્પષ્ટ થાય છે કે **શુદ્ધ સંપ્રદાયની દીક્ષા** અને **મંત્ર**



ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે : "...દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારા હોય તો પુરુષની બુદ્ધિ **નિર્મળ** થાય છે. અને આઠ ભૂંડા હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે." શ્રીજીમહારાજના આ પ્રમાણથી એ સ્પષ્ટ થાય છે કે **શુદ્ધ સંપ્રદાયની દીક્ષા** અને **મંત્ર** હોવો અત્યંત જરૂરી છે અન્યથા બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.





હોવો અત્યંત જરૂરી છે અન્યથા બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગૃહસ્થ એવા આચાર્યશ્રી ત્યાગીને દીક્ષા આપે તે યોગ્ય છે કેમ? અને યોગ્ય છે તો તેનું શાસ્ત્રોક્ત પ્રમાણ છે ખરું? આવો પ્રશ્ન આમજનતાને સહેજે ઉઠે એ સ્વાભાવિક છે. આ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રી સ્વામિનારાયણે સચોટ આપેલો છે. જેની નોંધ વિદ્વત્ સમ્રાટ સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી '**શ્રીહરિદિગ્વિજય**' ગ્રંથમાં કરતા કહે છે :-

'दीक्षयेद् गृहिणं त्यागी युक्तमेतत्प्रतीयते ।
नीचस्थानगतो ह्युच्चस्थानि दीक्षां तु नार्हति ।।
मते वस्त्यागिदीक्षापि गृहस्थेनैव दीयते ।
अयुक्तमेतत्तु कथं क्रियते प्रश्न एष नः ।।'

વડોદરાના વિદ્વાનો ભગવાન શ્રીહરિને કહે છે કે, ત્યાગી ગૃહસ્થને દીક્ષા આપે એ તો યોગ્ય છે, પરંતુ ગૃહસ્થ ત્યાગીને દીક્ષા આપે તે યોગ્ય નથી. તો તમારા સંપ્રદાયમાં ગૃહસ્થ આચાર્યશ્રી ત્યાગીઓને દીક્ષા આપે છે. તો આવું અયોગ્ય આચરણ તમારા સંપ્રદાયમાં કેમ કરવામાં આવે છે? એ અમારો પ્રશ્ન છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૭)

'इति पृष्टः स तैरूचे महासदसि संस्थितः ।
युष्माभिः पृच्छ्यते सत्यं श्रूयतां यत्तदुत्तरम् ।।'

આ પ્રમાણે તે રાજપંડિતોએ પૂછેલા અને મહાસભામાં વિરાજમાન થયેલા એવા સત્પુરુષોના પતિ તે ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા : "હે પંડિતો ! તમોએ પૂછેલો પ્રશ્ન ખરો છે. માટે તેનો ઉત્તર અમે કહીએ છીએ તે સાંભળો."

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮)

'चतुर्णामपि वर्णानां जन्मना ब्राह्मणो गुरुः ।
स चेदुक्तगुणैर्युक्तो विशेषेण गुरुर्मतः ।।'

બ્રાહ્મણ જાતિનો પુરુષ ચારેય વર્ણનો જન્મથી જ સહજ ગુરુ માનેલો છે. અને તે વિપ્ર જો પૂર્વે કહેલા ગુણોથી સર્વથા સંપન્ન હોય તો તે વિશેષપણે જ ગુરુ માનેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૬)

'महाभागवतः श्रेष्ठो ब्राह्मणो वै गुरुर्नृणाम् ।
सर्वेषामेव लोकानामसौ पूज्यो यथा हरिः ।।'

જુઓ - શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે, આ લોકમાં સર્વ પ્રાણધારીઓમાં બ્રાહ્મણ જન્મથી જ અતિ શ્રેષ્ઠ છે. માટે સર્વ લોકમાં તે ભગવાનની જેમજ પૂજવા અને માનવા યોગ્ય છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૭)

'जन्मनैव महाभागो ब्राह्मणो नाम जायते ।
नमस्यः सर्वभूतानामतिथिः प्रश्रृताग्रभुक् ।।'

બ્રાહ્મણ બ્રાહ્મણના ગૃહમાં જન્મથવા માત્રથી જ મહાભાગ (ભાગ્યશાળી પણે પ્રસિદ્ધ) થાય છે. સમગ્રજનોને નમસ્કાર કરવા યોગ્ય થાય છે. રાંધેલા અન્નનો અગ્રભોક્તા અર્થાત્ પ્રથમ જમાડવા યોગ્ય અતિથિ થાય છે. (શ્રી સત્સંગિજીવન : ૨/૪૯/૨૮)



'शिष्यशाखानिबन्धश्च गृहस्थस्यैव सम्मतः ।
न तु त्यागवतः क्वापि निषेधस्त्वस्य वर्तते ।।'

**શાસ્ત્રોમાં શિષ્ય-શાખાઓ બાંધવી તે ગૃહસ્થ ગુરુને જ માનેલી છે. પરંતુ ત્યાગી પુરુષને ક્યારેય શિષ્ય-શાખાઓ બાંધવી તે શાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ છે. ત્યાગીને તો ગુરુપરંપરા ચલાવવાનો નિષેધ કરેલો છે.**

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૧)

'अष्टौ पूर्वानिमितानि नरस्य विनशिष्यतः ।
ब्राह्मणान् प्रथमं द्वेष्टि ब्राह्मणैश्च विरुध्यते ।।
ब्राह्मणस्वानि चादत्ते ब्राह्मणांश्च जिघांसति ।
रमते निन्दया चैषां प्रशंसां नाभिनन्दति ।।
नैतान् स्मरति कृत्येषु याचितश्चाभ्यसूयति ।
एतान्दोषान्नरः प्राज्ञो बुद्धयेद् बुद्ध्वा विसर्जयेत् ।।'

જે મનુષ્યનો વિનાશ થવા આવ્યો હોય છે, તેના આ **આઠ પૂર્વચિહ્નો** હોય છે. તે પ્રથમતો બ્રાહ્મણનો દ્વેષ કરે છે, બ્રાહ્મણોની સાથે વિરોધ કરે છે, બ્રાહ્મણોનું ધન હરણ કરે છે, બ્રાહ્મણોને મારવાની ઈચ્છા કરે છે, બ્રાહ્મણોની નિંદાથી ખુશી થાય છે, બ્રાહ્મણોની પ્રશંસાને અભિનંદન આપતો નથી, બ્રાહ્મણોને કાર્યોમાં સંભારતો નથી અને બ્રાહ્મણો યાચના કરે ત્યારે તેમના દોષ કાઢે છે - અવગુણ ગાય છે. ડાહ્યા મનુષ્યે આ દોષોને જાણી લેવા અને તેનો ત્યાગ કરવો. (વિદુરનીતિ : ૧/૯૩-૯૫)

'इति कृष्णोक्तलक्ष्मा यः स हि श्रेयान् गुरुर्मतः ।
स एव श्रेयसे सर्वैः श्रयणीयो मुमुक्षुभिः ।।'

શ્રીકૃષ્ણ પરમાત્માએ કહેલા લક્ષણવાળો જે બ્રાહ્મણ પુરુષ હોય તે સર્વથી શ્રેષ્ઠ ગુરુ માનેલો છે. અને તે જ ગુરુ સર્વ મુમુક્ષુજનોએ પોતાના કલ્યાણ માટે આશ્રય કરવા યોગ્ય છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૯)

સ્મૃતિકારો **બ્રાહ્મણોની મહત્તા** દર્શાવતા કહે છે :-

'धर्मस्य ब्राह्मणो मूलम्'

ધર્મનું મૂળ બ્રાહ્મણ છે. (સ્મૃતિ)

'उत्पत्तिरेव विप्रस्य मूर्ति धर्मस्य शाश्वती ।
सहि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ।।'

બ્રાહ્મણની ઉત્પત્તિ જ ધર્મની સનાતન મૂર્તિ છે. કેમ કે તે ધર્મના રક્ષણ માટે ઉત્પન્ન થયું છે અને મોક્ષ અપાવવામાં પણ સમર્થ છે, શક્તિમાન છે.

(સ્મૃતિ)

'ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते ।
ईश्वरः सर्वभूतानां धर्मकोशस्य गुप्तये ।।'

બ્રાહ્મણ જન્મથી જ પૃથ્વી પર શ્રેષ્ઠ તરીકે જન્મે છે અને સર્વ પ્રાણીઓના ધર્મરૂપી ખજાનાનાં રક્ષણ માટે સમર્થ છે. (સ્મૃતિ)

'एतेषां रक्षणार्थाय संस्सृष्टा ब्राह्मणाः पुरा ।'

વેદો, યજ્ઞ અને આશ્રમોના રક્ષણ માટે જ સર્વપ્રથમ બ્રાહ્મણોને સર્જવામાં આવ્યા હતા. (સ્મૃતિ)

'सर्वस्वं ब्राह्मणस्येदं यद् किंचित् जगतीगतम् ।
श्रैष्ठयेनाभिजनेनेदं सर्वं वै ब्राह्मणोऽर्हति ।।'

આ જગતમાં જે કંઈ છે તે સર્વે બ્રાહ્મણોનું છે. શ્રેષ્ઠતા તથા કુલીનતાના કારણે બ્રાહ્મણ એ સર્વ માટે યોગ્ય છે. (સ્મૃતિ)



'स्ववर्णाश्रमधर्मांश्च वेदोक्तान् क्वापि न त्यजेत् ।
चतुर्वर्णाश्रमाणां स गृहस्थो ब्राह्मणो गुरुः ।।'

વળી, વેદોક્ત એવા પોતાના વર્ણાશ્રમના ધર્મોનો ક્યારેય પણ ત્યાગ ન કરે તેવો ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ પુરુષ ચારેય વર્ણ અને ચારેય આશ્રમનો ગુરુ માનેલો છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૦)

'शिष्यशाखानिबन्धश्च गृहस्थस्यैव सम्मतः ।
न तु त्यागवतः क्वापि निषेधस्त्वस्य वर्तते ।।'

શાસ્ત્રોમાં શિષ્ય-શાખાઓ બાંધવી તે ગૃહસ્થ ગુરુને જ માનેલી છે. પરંતુ ત્યાગી પુરુષને ક્યારેય શિષ્ય-શાખાઓ બાંધવી તે શાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ છે. ત્યાગીને તો ગુરુપરંપરા ચલાવવાનો નિષેધ કરેલો છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૧)

'स्मृतिवाक्यं च भवति त्यागवान्न गुरुर्भवेत् ।
श्रीमद् भागवते साक्षादुक्तं भगवतापि हि ।।'

અને 'त्यागवान्न गुरुर्भवेत् ।' ત્યાગી પુરુષ પોતે ગુરુ ન થાય આવું સ્મૃતિવાક્ય પણ છે. તેમજ શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ કહ્યું જ છે કે -
(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૨)

'न शिष्याननुबध्नीयाद् ग्रन्थान्नैवाभ्यसेत् बहून्।
अतो वर्णी गृही त्यागी सर्वोऽपि गृहिणं भजेत् ।।'

મોક્ષાર્થી એવો વૈરાગી ત્યાગી પુરુષ શિષ્ય-પરંપરાને ન બાંધે તેમજ મોક્ષમાં વિરોધી એવા ઘણા ગ્રંથોને પણ ન ભણે. માટે બ્રહ્મચારી ગૃહસ્થ અને ત્યાગી એ સર્વે મનુષ્ય ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ કરે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૩)

'भिक्षुभ्यश्च वनस्थेभ्यो वर्णिभ्यश्च महेश्वरि ।
गृहस्थो भोगमोक्षार्थी मन्त्रदीक्षां न चाचरेत् ।।'

હે દેવી ! ભોગ અને મોક્ષની ઈચ્છાવાળો ગૃહસ્થ ભિક્ષુકો, નવાસીઓ અને બ્રહ્મચારીઓથી મંત્રદીક્ષા ગ્રહણ ન કરે.
(ત્રિપુરારહસ્ય - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'यतेर्दीक्षा पितुर्दीक्षा या दीक्षा वनवासिनः ।
विविक्ताश्रमिणो दीक्षा न सा कल्याणदायिका ।।'

યતિ (સંન્યાસી), પિતા, વનવાસી અને વિવિક્ત આશ્રમી (સંસાર ત્યાગી)થી જે મંત્રદીક્ષા લેવામાં આવે છે તે કલ્યાણને દેનારી નથી હોતી.
(ગણેશવિમર્શિની - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'पितुर्दीक्षा यतेर्दीक्षा दीक्षा च वनवासिनः ।
अनाश्रमाणां या दीक्षा सा दीक्षा दुःखदायिनी ।।'

પિતા, સંન્યાસી, વનવાસી અને આશ્રમ રહિતથી જે દીક્ષા લેવામાં આવે છે તે દુઃખને દેનારી હોય છે, ન કે કલ્યાણ દેનારી.
(તારાકલ્પતંત્ર - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાસણી)

'यतेर्दीक्षां गृहीत्वा तु कदाचिदपि मोहितः । प्रायश्चित्तं धेनुरेकां त्रिरात्रव्रतमेव च ।।
प्रायश्चित्तं धेनुरेकां त्रिरात्रव्रतमेव च ।।
प्रायश्चित्तं ततः कृत्वा पुनर्दीक्षां समाचरेत् ।।'

ક્યારેક અજ્ઞાનવશ યતિ (ત્યાગી)થી દીક્ષા લીધી હોય તો પ્રાયશ્ચિત્ત રૂપે એક ગાયનું દાન અને ત્રણ રાત્રિ સુધી વ્રત-ઉપવાસ કરવો જોઈએ. આવી રીતે પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થયા બાદ મનુષ્યે ફરીવાર સદ્‌ગૃહસ્થ બ્રાહ્મણ પાસેથી દીક્ષા લેવી જોઈએ.
(દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'न जातु मन्त्रदा नारी न शूद्रो नान्तरोद्भवः ।
नाऽभिशस्तो न पतितः कामकामोऽप्यकामिनः ।।
यथार्थं माननीयाश्च नार्हन्त्याचार्यतां क्वचित् ।।'

સ્ત્રી ક્યારેય પણ પુરુષોને મંત્ર ઉપદેશ ન કરી શકે. તેમજ શુદ્ર, વર્ણસંકર, કલંકિત, પતિત, વિષયી અને સંસાર ત્યાગી નિષ્કામી પુરુષ આ બધા માનવા યોગ્ય હોવા છતાં ક્યારેય પણ મંત્ર ઉપદેષ્ટા-આચાર્ય (ગુરુ) બનવાને યોગ્ય નથી. (નારદપંચરાત્ર, ભારદ્વાજ સંહિતા : ૧/૪૩-૪૪)

'अतो ज्येष्ठाश्रमः प्रोक्तो गार्हस्थ्यं स्मृतिषु ध्रुवम् ।
त्रयाणामप्याश्रमिणां पितेव च गृही मतः ।।'

અને આ કારણથી જ સ્મૃતિમાં ગૃહસ્થાશ્રમને સર્વ આશ્રમોથી શ્રેષ્ઠ આશ્રમ કહેલો છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થી અને સંન્યાસી આ ત્રણેય આશ્રમીઓનો ગૃહસ્થ આશ્રમી પિતા તુલ્ય માનેલો છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૪)

'सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः ।
प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।'

અને સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં શિષ્ટાચાર; ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવાનો છે. અને આ શિષ્ટાચાર સત્યુગથી લઈને આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫)

'सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः ।
सहस्रशो वालखिल्याः ऋषयो ह्यकृतस्त्रियः ।।
अष्टाशीतिसहस्राणि ऋषयो ह्यूर्ध्वरेतसः ।
सर्वेऽप्येते त्यागिनोऽपि गृहिणं गुरुमाश्रयन् ।।'

ત્યાગીમાં શ્રેષ્ઠ સનકાદિકો, નારદમુનિ, ઋભુ, હંસ, અરુણિ, યતિ આ બધા મહર્ષિઓ સ્ત્રીઓ પરણ્યા સિવાયના હતા, ત્યાગી હતા. તથા હજારોહજાર વાલખિલ્ય ઋષિઓ ત્યાગી હતા. છતાં પણ તેઓએ ગૃહસ્થને જ ગુરુ કર્યા હતા.
(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૬-૬૭)

'केचित्सङ्कर्षणं केचित् ब्रह्माणं वरुणं शिवम् ।
योगीश्वरं वसिष्ठं च गुरुं सूर्यं च शिश्रियुः ।
एतेषां चरितं तत्तत्पुराणादिषु दृश्यते ।।'

તેમાંના કેટલાકે ગૃહસ્થ સંકર્ષણને ગુરુ કર્યા હતા. કેટલાકે ગૃહસ્થ બ્રહ્માને, વરુણને, શંકરને, યાજ્ઞવલ્ક્યને તથા વસિષ્ઠને દેવગુરુ-બૃહસ્પતિને તથા સૂર્યને એમ જુદાં જુદાં સમયમાં ગૃહસ્થને તે તે સમયના ત્યાગીઓએ ગુરુ બનાવ્યા હતા. અને આ સર્વનું ચરિત્ર તે તે


'सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः ।
प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।'

**અને સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં શિષ્ટાચાર; ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવાનો છે. અને આ શિષ્ટાચાર સત્યુગથી લઈને આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે.**

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫)






ભાગવતાદિક પુરાણોમાં જોવા જાણવામાં આવે છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૮)

'गृहस्थादपि विद्येयं प्राप्ता संन्यासिभिः पुरा ।'

પૂર્વે કેટલાક સંન્યાસીઓએ આ **બ્રહ્મવિદ્યા** ગૃહસ્થ પાસેથી પ્રાપ્ત કરેલી છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૭૯)

'श्रेयस्करं कृष्णमन्त्रं गृहणीयाद् गृहिणो गुरोः । अत्र प्रमाणवाक्यं च सापेक्षं चेदुदीर्यते ।।'

આત્યંતિકી મુક્તિને આપનારો કૃષ્ણમંત્ર તો ગૃહસ્થ ગુરુ થકી જ ગ્રહણ કરવો. આ વિષયમાં જો તમારે પ્રમાણ-વચનની જરૂર હોય તો અમે કહીએ છીએ. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૩)

'वर्णी गृही वनी वापि त्यागी बहुविधोऽपि यः । गृह्णीयाद् गृहिणो मन्त्रं कृष्णस्यैव विमुक्तये ।।'

બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થ અથવા બીજા પણ અનેક પ્રકારથી ત્યાગાશ્રમમાં રહેલા હોય તે સર્વેએ પોતાની મુક્તિ માટે કૃષ્ણ મહામંત્ર ગૃહસ્થ ગુરુ થકી જ ગ્રહણ કરવો. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૪)

'एवं तृतीयरात्रे हि पञ्चरात्रे बहून्यपि । वचांसि सन्ति चान्यानि विष्णु धर्मोत्तरादिषु ।।'

આ પ્રમાણે પંચરાત્ર શાસ્ત્રમાં તૃતીય રાત્રમાં તથા પંચમરાત્રમાં પણ ઘણા વચનો છે. તેમજ વિષ્ણુ ધર્મોત્તરાદિક ગ્રંથોમાં પણ બીજા ઘણા વચનો છે. માટે અમારા સંપ્રદાયમાં ગૃહસ્થ આચાર્યશ્રી ત્યાગીને દીક્ષા આપે છે, તે મર્યાદા યથાશાસ્ત્ર અને સર્વોત્તમ **સનાતન ધર્મમર્યાદા**ને અનુસરીને જ પ્રવર્તાવેલી છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૬)

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પણ ભગવાન શ્રીહરિ આ બાબતને જ પુષ્ટ કરતા કહે છે :- "સત્સંગમાં અમે જે શુદ્ધ વર્તન રખાવ્યા છે તે નિર્દોષ જનોને પ્રિય લાગે છે. સદોષ જનો સત્સંગમાં પાર પડે નહિ. નિર્મળ મણિ હોય તેના પર મલિન રજ પડી હોય તો તરત જણાઈ આવે છે. તેમ સત્સંગ મણિ સમાન નિર્મળ સ્થાપ્યો છે. તેનાથી અપાર જનો નિર્મળ થાય છે. અને દોષ માત્ર ટાળી દે છે. ગૃહસ્થ આચાર્ય હોય ત્યારે વર્તન તે પ્રમાણે હોય. ધન-નારીના પ્રસંગથી તેમાં દોષ જોવાય નહિ. ગૃહસ્થના નોરમાં તેમને ચાલવું પડે. ત્યાગી પોતાનો ત્યાગીનો ધર્મ પાળી આચાર્યની સેવા કરે.

**'કઠિન મેં કઠિન વચન હે એહા, ત્યાગિ કું ગૃહી ગુરુ કરના તેહા ।**
**આપે ધન ન રાખે રખાવે, ગુરુ અર્થ જાઈ ધન લેવાવે ॥'**

ત્યાગીને કઠણમાં કઠણ એ છે જે ગૃહસ્થને ગુરુ કરવા. પોતે ધન રાખે નહિ અને ગુરુને માટે જઈ દાન લઈ આવે.

ત્યારે નિત્યાનંદ મુનિ બોલ્યા કે અમે એ પ્રમાણે નિશ્ચય કર્યો છે કે વચન પ્રમાણે ચાલવું છે. શાસ્ત્ર અને લોકની રીત એ તમારા વચન જ છે એમ અમે માન્યું છે. બધા સંત હરિભક્તો એ પ્રમાણે સમજે છે. એવા વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને ઉરમાં ચરણ આપ્યાં. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૯, તરંગ : ૫૭)

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં આગળ પણ પૂર-૨૯/૫૧-૫૨માં આ જ વાતને પુષ્ટ કરતા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે **મોટા સંતોનો અભિપ્રાય** ભગવાન શ્રીહરિએ પૂછ્યો ત્યારે તેઓએ પણ ઉપરોક્ત ભગવાન શ્રીહરિની વાતમાં જ પોતાનો સૂર પુરાવ્યો છે.

પ્રસંગ એવો છે કે, શ્રીજીમહારાજ લક્ષ્મીવાડીએ સભા કરીને બિરાજમાન હતા ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "આ અયોધ્યાવાસી આવ્યા તેથી **સૌ સંત-હરિભક્તો** ખૂબ જ રાજી થયા છે. અને આસુરી લોકો ફાવે તેમ બોલતા હતા, તે ખોટા પડવાથી તેમનાં મુખ કાળાં થયાં છે. **હવે તો આ ધર્મકુળ સત્સંગમાં રહે તો અમને બધાને ગમતું છે.** શુક સનકાદિક મોટા ત્યાગી થયા તેમણે વ્યવહાર ક્યારેય સંભાળ્યો નથી. બ્રહ્મા વિપ્ર અને ગૃહસ્થ છે છતાં તે ત્યાગીના પિતા છે, એમપ્રસિદ્ધ વાત છે. બધા ત્યાગી તેમને પૂજે છે. તેમાં કોઈ સંશય કરતું નથી. કારણ કે **વિપ્ર બધાના ગુરુ કહેવાય. તેમને ધર્મ ને ભગવાન પ્રત્યે પ્રેમ હોય છે.** વર્ણાશ્રમના ધર્મ તથા ભગવાનના અવતારના નિમિત્તને તે **શાસ્ત્ર** દ્વારા જાણે છે. **શાસ્ત્રરૂપી દ્રવ્ય** તે **સર્વોપરિ** છે." આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ કહ્યું ત્યારે ભગવાન શ્રીહરિ બોલ્યા કે : "તમે સંત હરિભક્તો ધર્મની ગાદી ઉપર જે યોગ્ય હોય તેનો નિર્ણય કરો." ત્યારે મુક્તમુનિ, બ્રહ્મમુનિ, નિત્યમુનિ, ગોપાળમુનિ વગેરે મોટા સંતો તથા મોટા હરિભક્તો બોલ્યા કે, **ધર્મવંશ**માં જેને ધર્મ ઉપર રુચિ હોય ને પ્રગટ ભગવાનનો નિશ્ચય હોય તે યોગ્ય છે.

**'ધર્મ કિ ગાદી ઉપર હિ જોઉ, ધર્મવંશિ એક જેહિ ।**
**બૈઠાવના હમ કહત હિ, સબકું રુચત હિ તેહિ ॥'**

એવા કોઈ એક ધર્મવંશીને ગાદી ઉપર બેસાડવા એ અમને સૌને ગમે છે. ત્યારે શ્રીહરિ



ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને અભિપ્રાય પૂછીને તેમના મનોરથને પરિપૂર્ણ કરવા માટે જે **ધર્મકુળ**નું સ્થાપન કર્યું છે તે **'યાવચ્ચંદ્રદિવાકરૌ'** શ્રેયસ્કારી જ હોય એમાં ક્યાં શંકાને સ્થાન જ છે ? છતાં આજકાલના કેટલાક લોકો જે માત્ર પરિવર્તનમાં જ રસ ધરાવે છે તેઓ આ ભગવાન શ્રીહરિની મરજી અને સ્થાપેલી રીતિને અન્યથા મરોડી મચડીને પોતાની કલ્પિત પરંપરા સાથે જોડવા પ્રયત્ન કરી રહ્યા છે. તેઓશ્રીઓ તો ક્યા સંપ્રદાયના હશે કે કઈ ગુરુપરંપરાને વળગેલા હશે તે તો તેમને જ નક્કી કરવાનું રહે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની **પ્રણાલિકા** તો હાલ આપણા માટે **'બે દેશ ગાદી કરી, અંતર્ધાન થયા...'** એ જ સદા **કલ્યાણકારી** છે.





કહે કે, તમને ગમે તે પ્રમાણે અમે કરીશું.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૨૯, તરંગ : ૫૧-૫૨)

આ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને અભિપ્રાય પૂછીને તેમના મનોરથને પરિપૂર્ણ કરવા માટે જે **ધર્મકુળનું** સ્થાપન કર્યું છે તે **'યાવચ્ચંદ્રદિવાકરૌ'** શ્રેયસ્કારી જ હોય એમાં ક્યાં શંકાને સ્થાન જ છે ? છતાં આજકાલના કેટલાક લોકો જે માત્ર પરિવર્તનમાં જ રસ ધરાવે છે તેઓ આ ભગવાન શ્રીહરિની મરજી અને સ્થાપેલી રીતિને અન્યથા મરોડી મચડીને પોતાની કલ્પિત પરંપરા સાથે જોડવા પ્રયત્ન કરી રહ્યા છે. તેઓશ્રીઓ તો ક્યા સંપ્રદાયના હશે કે કઈ ગુરુપરંપરાને વળગેલા હશે તે તો તેમને જ નક્કી કરવાનું રહે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની **પ્રણાલિકા** તો હાલ આપણા માટે **'બે દેશ ગાદી કરી, અંતર્ધાન થયા...'** એ જ સદા **કલ્યાણકારી** છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૫૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : "...શિવ બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહિ, એ તો નારદ જેવાના પણ ગુરુ છે..."

વડતાલ પ્રકરણના ૨૦મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે :- "...અને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાયા..." એમઆ વચનામૃતમાં શ્રીજીમહારાજનું અતિ મોટું **પ્રત્યક્ષ પ્રમાણ** છે - રાજા જનકના ગુરુ **પંચશિખ ઋષિ** પણ **ગૃહસ્થ** હતા. અને પંચશિખ ઋષિના ગુરુ કપિલદેવ ભગવાન (શ્રીજીમહારાજની માફક પ્રથમાશ્રમી-બ્રહ્મચારી) જ હતા.

'आत्मनिष्ठां परां प्राप्ताः सन्ति ब्रह्मशिवादयः ।
शिष्यतां भेजिरे येषां नारदः सनकादयः ।।'

શ્રીજીમહારાજ બોલ્યા જે, "બ્રહ્મા, શિવને પરંપરાથી જ સંતોના જેવી આત્મનિષ્ઠા દૃઢ પ્રાપ્ત થઈ છે. તે બ્રહ્માદિક તો નારદ સનકાદિક જેવા (મોટા સાધુ)ના પણ ગુરુ છે. બ્રહ્માદિકના શિષ્ય નારદ સનકાદિક છે તે બ્રહ્માદિકને ભજે છે."

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : તરંગ - ૧૮૪)

વૈદિક સમસ્ત ધર્મગ્રંથોમાં 'ब्राह्मणोऽस्य मुखमासीत्' - બ્રાહ્મણોની ઉત્પત્તિ વિરાટનારાયણના મુખમાંથી થઈ છે.(શુક્લયજુર્વેદ : ૩૧/૧૧) 'ब्राह्मणो मामकी तनुः' - ભગવાન સ્વયં કહે છે કે બ્રાહ્મણો તો મારું શરીર છે. (વામનપુરાણ : ૯૫/૮) 'वर्णानां ब्राह्मणः प्रभुः' - બધા જ વર્ણોમાં બ્રાહ્મણ એ પ્રભુ (સમર્થ) છે. (મનુસ્મૃતિ : ૧૦/૩) ઈત્યાદિ વચનો દ્વારા બ્રાહ્મણોનું વિશેષ મહત્ત્વ કહ્યું છે. બ્રાહ્મણોનું વિશિષ્ટ મહત્ત્વ હોવાથી બધા જ વૈદિક શાસ્ત્રોએ બ્રાહ્મણોને **'જગત્ગુરુ'**ની પદવી આપેલી છે. એટલા માટે જ જગત્ગુરુ બ્રાહ્મણ ચારેય વર્ણના **ગુરુ** કહેવાય છે. તેથી જ શાસ્ત્રો કહે છે :-

'वर्णानां ब्राह्मणो गुरुः' - (પદ્મપુરાણ, સ્વર્ગખંડ : ૫૨/૫૧)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મવૈવર્તપુરાણ, ગૌતમીમાહાત્મ્ય : ૧૦/૪૭)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મપુરાણ : ૮૦/૪૭)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (ચાણક્યનીતિ : ૫/૧)

'ब्राह्मणाः सर्ववर्णानां गुरुरेव द्विजोत्तम ।' (પદ્મપુરાણ, બ્રહ્મખંડ : ૧૪/૨)

'गृहस्थः सर्ववर्णेषु श्रेष्ठो गुरुरुदाहृतः ।' - (સિદ્ધાંતશેખર)

'सर्वशास्त्रार्थवेत्ता च गृहस्थो गुरुरुच्यते ।' - (જ્ઞાનાર્ણવે અને કુલાર્ણવે)

સૃષ્ટિકર્તા બ્રહ્માએ બ્રાહ્મણ વર્ણમાં જ ગુરુત્વની સ્થાપના કરી છે, પરંતુ અન્ય વર્ણોમાં કરી નથી. એટલા માટે બ્રાહ્મણ જ ચારેય વર્ણોના ગુરુ બનવાના અધિકારી છે. માટે ચારેય વર્ણોએ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા યોગ્ય છે.

'महाभागवतश्रेष्ठो ब्राह्मणो वै गुरुर्नृणाम् ।
सर्वेषामेव लोकानामसौ पूज्यो यथा हरिः ।।'

મહાભાગવત અર્થાત્ ભગવદ્ભક્ત હોવાથી શ્રેષ્ઠ બ્રાહ્મણ માનવમાત્રના ગુરુ છે. એટલા માટે જ સમસ્ત માનવ સમાજને ભગવાનની જેમ બ્રાહ્મણ પૂજ્ય છે. (હરિભક્તિવિલાસ)

'विप्रो विप्रेतरगुरुर्न विप्रो जायते ध्रुवम् ।
न च विप्रेषु पूजार्हस्तस्माद् विप्रं गुरुं चरेत् ।।'

બ્રાહ્મણો ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને બ્રાહ્મણના પણ ગુરુ બની શકે છે. બ્રાહ્મણ વર્ણથી અન્ય વર્ણો ક્યારેય પણ ગુરુ બનવાને યોગ્ય નથી. અને અન્ય વર્ણો બ્રાહ્મણોની મધ્યે પૂજાને યોગ્ય નથી. એટલા માટે ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા જોઈએ. (કૌશિકસંહિતા)

'उद्धर्तुं चैव संहर्तुं समर्थो ब्राह्मणोत्तमः ।
तपस्वी सत्यवादी च गृहस्थो गुरुरुच्यते ।।'

તપસ્વી, સત્યવાદી તથા ગૃહસ્થ ઉત્તમબ્રાહ્મણ જ બધાનો ઉદ્ધાર કરવા અને સંહાર કરવા સમર્થ હોવાથી ગુરુ કહેવાય છે.

(શૈવાચારપ્રદીપિકા : ૨/૧૫, આગમસંહિતા)

'जितेन्द्रियः सत्यवादी ब्राह्मणः शान्तमानसः ।
पितृ-मातृहिते युक्तः सर्वकर्मपरायणः ।।
आश्रमी देशवासी च गुरुरित्यभिधीयते ।।'

જીતેન્દ્રિય, સત્યવાદી, શાંતચિત્તવાળો, માતા-પિતાનો હિતેચ્છુ, સમસ્ત કર્મોમાં કુશળ, ભારતવર્ષ નિવાસી ગૃહસ્થ બ્રાહ્મણને ગુરુ કહેવાય છે. (ગુરુગીતા)

વૈદિક શાસ્ત્રોમાં **પંચમહાપાપ** કહ્યા છે :-

'ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ।
महन्ति पातकान्याहुः संसर्गश्चापि तै सह ।।'

બ્રહ્મહત્યા, મદ્યપાન, સોનાની ચોરી, ગુરુસ્ત્રીનો સંગ અને એ ચારમાંથી કોઈપણની સોબત - આ પંચમહાપાપમાં ગુરુસ્ત્રીનો સંગ પણ એક **મહાપાપ** કહ્યું છે. એ તો **અર્થઘટન**માં ત્યારે જ સંભવી શકે જ્યારે ગુરુ ગૃહસ્થ હોય, સત્યયુગથી **ગૃહસ્થ બ્રાહ્મણને ગુરુ** કરતા આવ્યા છે.

શ્રીમદ્ ભાગવતના **એકાદશસ્કંધના** અધ્યાય **૨ થી ૫**માં કહ્યું છે કે, 'રાજા જનકને ત્યાગી એવા શુકદેવજીએ પણ ગુરુ કર્યા છે અને જનકના વંશમાં વિદેહ નિમિરાજાને મહાત્યાગી એવા ઋષભદેવ ભગવાનના પુત્રો નવ યોગેશ્વરોએ પણ ગુરુ બનાવેલા છે.'

'रोगिणो वंशहीनाच्च भार्याहीनात्तथैव च ।
मन्त्रक्षिप्तात्तथा मन्त्रं न गृह्णीयात्कदाचन ।।'

રોગી વંશહીન, સ્ત્રીહીન અને મંત્રને ભૂલી જનાર વ્યક્તિ પાસેથી મંત્ર ક્યારેય ગ્રહણ ન કરવો. અર્થાત્ તેને ગુરુ ન બનાવવા.

(બ્રહ્મવૈવર્તપુરાણ - કૃષ્ણજન્મખંડ : અધ્યાય : ૮૩, શ્લોક : ૪૪)

સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના પૂર્વ પ્રાધ્યાપક **વ્યાકરણાચાર્ય** શ્રી **બાલકૃષ્ણ પંચોલી** વૈયાકરણ-સિદ્ધાંત કૌમુદી ઉપર સવિમર્શ **રત્નપ્રભા** હિન્દી **વ્યાખ્યામાં** 'संज्ञायां ललाटकुक्कुट्यौ पश्यति ।' (૪/૪/૪૬) આ સૂત્ર પર લખે છે. જોઈએ એના જ શબ્દોમાં :-

प्राचीन भारतीय धर्म व्यवस्थामें त्याग प्रधान सन्तजीवन का इससे चित्रण स्पष्ट होता है । अन्यथा नही । गृहस्थो को मन्त्र दीक्षा देने का शास्त्र अधिकार गृहस्थ सदाचारी ब्राह्मण को ही है ।

(મેરે ગુરુદેવ - સભાપતિ ઉપાધ્યાય વિરચિત વૈદિક ધર્મ રહસ્ય)



સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રીયુત **ડો. નીરજાકાંત ચૌધુરી** (એમ.એ., એલ.એલ.બી., પી.એચ.ડી) કલ્યાણ માસિકના **'ઉપાસના'** વિશેષાંક પેજ નં. ૫૨૬માં લખે છે :-

**'आजकल अकस्मात् प्राप्त हुए जिस किसी साधु-संन्यासी को गुरु बनाने का नया प्रचलन चल गया है । साधु-संन्यासी को तो अधिकार ही नहीं है कि वह गृहस्थ को या स्त्रीजन को दीक्षा प्रदान करे ।'**

શાસ્ત્રાર્થમહારથી **પં. શ્રી માધવાચાર્યજી શાસ્ત્રી**એ પોતાની 'ક્યોં ?' નામની પુસ્તકના ઉતરાર્ધ (પેજ નં. ૫૧૭)માં કળિયુગી પાંખડી સાધુ-સંન્યાસીના વિષયમાં બહુ મહત્ત્વપૂર્ણ તથ્ય લખતાં કહે છે :-

**'आज ज्ञान के नाम पर जितना पाखण्ड, अनाचार, दुराचार और अत्याचार का बोलबाला हो रहा है, उतना अन्य किसी नाम पर नहीं । एक अधेले कीमत की गेरुकी गंठिया (भगवा वस्त्र) साक्षात् राम की भी अर्धाङ्गिनी (सीता) को विश्वासघातपूर्वक चुरा सकने का अवसर दे सकती है । लाखों अबोध बालक और भोलीभाली विधवाए और सधवाए भी आज कथित ज्ञानियों के गुरुडम की प्रचण्ड अग्नि में भस्मसात् हो रही है । अनेकों मण्डलेश्वर, रण्डलेश्वर बने अपने दोनो लोक नष्ट कर रहे है ।'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ બાળપણમાં જ્યારે સ.ગુ. **શ્રી રામાનંદ સ્વામી**ને મળ્યા ન હતા ત્યારે પણ પોતાના પિતા **ધર્મદેવ** કે જેમને, શ્રી રામાનંદ સ્વામી ધર્મપ્રચારાર્થે એ જ્યારે પ્રયાગક્ષેત્રમાં વિચરતા હતા ત્યારે એમને મળ્યાં હતાં અને **ભાગવતી** વૈષ્ણવી **દીક્ષા** આપી હતી.

'अष्टाक्षरौ कृष्णमन्त्रौ तस्मै सोऽपि मुमुक्षवे ।
उपादिशन्मुनिर्दत्त्वा तुलसीकाष्ठजे स्त्रजौ ॥४॥
श्रीकृष्णेति त्वमादिश्च गतिर्मद्वयमन्ततः ।
मनुराद्य इति प्रोक्तो वैष्णवत्वविधापकः ॥५॥
ब्रह्माऽहमादि च पदं दान्तं कृष्णेति तत्परम् ।
सोऽस्मीत्युक्तो द्वितीयोऽपि मनुरिष्टफलप्रदः ॥६॥'

(શ્રી સત્સંગિજીવન :૧/૧૬/૪-૫-૬)

થોડા વખતમાં જ ધર્મદેવ, રામાનંદ સ્વામીના અંતરનો પરમપ્રેમ અને સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શક્યા. રામાનંદ સ્વામીએ એમને પોતાના સર્વ શિષ્યોમાં જ્યેષ્ઠપદે નિયુક્ત કર્યા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો પોતાનો અધિકાર પણ એમને એકલાને આપ્યો.

તે જ ધર્મદેવને પોતાના ગુરુ બનાવી બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે **અષ્ટાક્ષર મંત્ર** પોતાના પિતા-ગુરુ પાસેથી જ લીધો હતો. જેની નોંધ કરતા સ. ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણી'**માં કહે છે :-

**'વળી શાસ્ત્રયુક્ત ભક્તિ જેહ રે, કરવી કૃષ્ણની તાત કહે તેહ રે;**
**સુણો મંત્ર હુંથી મહામતિ રે, અષ્ટાક્ષરનો તે શુભ અતિ રે.**
**વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે;**
**કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિ હેત કરી કહ્યો તને રે.**
**કરો જપ તેનો પૂજા નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે;**
**એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યું વર્તવા હરિ એ વિધિ રે.'**


(ભક્તચિંતામણી : પ્ર-૨૩/૩૯-૪૧)

વળી, ધર્મદેવે સં. ૧૮૪૮ના જેઠ માસમાં જ્યારે ધામમાં જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્ર **રામપ્રતાપ** અને **ઈચ્છારામ**ને બોલાવી કહે છે :-

**'નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળ જેહ;**
**એમ કરી મોટા મોટા કામ, પછી પધારશે નિજધામ.'**

(ભક્તચિંતામણી : પ્ર-૨૬/૧૮)

આમ, **સંપ્રદાયનું ગુરુપદ** સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ **ધર્મદેવ**ને જ આપેલું અને ધર્મદેવે આ પદ પોતાના કુળમાં જ રહેશે તેવી **ભવિષ્યવાણી** સં.



૧૮૪૮ના જેઠ માસમાં ઉચ્ચારેલી.

**'ભાઇ બે પુત્ર આપવાવાળા, તેણે પૂજ્યા ગણેશ સૂંઢાળા;**
**પછી શ્રીજીનું પૂજન કીધું, દાન બન્નેએ પુત્રનું દીધું.**
**દેવસ્ય ત્વા ભણી મંત્ર નાથ, ઝાલ્યા બે દત્તપુત્રના હાથ;**
**વસ્ત્ર ભૂષણથી શણગાર્યા, પ્રભુએ નિજ પાસ બેસાર્યા.**
**પછી પુત્ર પ્રતિગ્રહ અંગે, કર્યા હોમ આચાર્યે ઉમંગે;**
**કરી હોમ સમાપન ત્યાંય, દિધી આચાર્યને દક્ષિણાય.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૬)

**'વળી ધર્મવંશિ દ્વિજ ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે;**
**એહ દત્તપુત્ર છે અમારા રે, તેને કર્યા છે ગુરુ તમારા રે.'**

(ભક્તચિંતામણી : પ્ર-૧૬૦)

ત્રિકાળજ્ઞાની બ્રહ્મર્ષિ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **સર્વમંગલ સ્તોત્રમાં** લખે છે:-

'दत्तविध्युपात्तसुतद्वयाय नमः ।' - સભામાં જ પોતાના મોટા નાના ભાઈઓ થકી તેમના અયોધ્યાપ્રસાદ અને રઘુવીર નામના બે પુત્રોને શાસ્ત્રોક્ત દત્તવિધાનથી પોતાના પુત્રપણે ગ્રહણ કરનારા. (૮૩૪)

'पुत्रविन्यस्तगुरुताय नमः ।' - તે પુત્રને પોતાનું ગુરુપદ આપનારા. (૮૩૫)

'पुत्रसात्कृतसंश्रिताय नमः ।' - સમસ્ત સ્વાશ્રિતોને દત્તપુત્રાધીન કરનારા. (૮૩૬)

'पुत्रदत्तमहादीक्षाय नमः ।' - આચાર્યપદમાં સ્થાપેલા દત્તપુત્રોને પોતે જ મહાદીક્ષા આપનાર. (૮૮૮)

'पुत्रदीक्षितपुरुषाय नमः ।' - દીક્ષિત દત્તપુત્રો પાસે યથાવિભાગ સ્વ સ્વદેશીય પુરુષોને યથાધિકાર સામાન્ય અને વિશેષ દીક્ષા અપાવનારા. (૮૮૯)

'स्नुषादीक्षितयोषाय नमः ।' - પુત્ર પાસે દીક્ષા દેવડાવેલી તેમની પત્નીઓ (સુનંદા-વિરજાબાઈ) પાસે વિભક્ત સ્વ સ્વદેશીય સ્ત્રીઓને કૃષ્ણદીક્ષા અપાવનારા. (૮૯૦)

સ.ગુ. શ્રી વાસુદેવાનંદ વર્ણી **'શ્રી સત્સંગિભૂષણ'** ગ્રંથમાં લખે છે :

શ્રીહરિ કહે : "હે ભાઈઓ ! તમારા બંનેની હું પ્રાર્થના કરું છું કે, અત્યારે તમો મને પ્રિય એવા તમારા બે પુત્રો દત્તકપુત્ર વિધાનથી આપો. પછી તેમને મારા સ્થાને સ્થાપન કરીશ."

બંને ભાઈઓએ એક-એક પુત્ર આપ્યા બાદ ભગવાન શ્રીહરિ, વેદના કુશળ બ્રાહ્મણો પાસે વેદોક્ત અનુસાર દત્તકપુત્ર ગ્રહણવિધિ કરાવતા હતા. અને વાજિંત્રો વગડાવતા હતા તથા મંગળ કાર્યમાં ગાવા યોગ્ય કીર્તનો ગવરાવવા લાગ્યા.

(શ્રી સત્સંગિભૂષણ : ૧૮/૫૧-૫૬)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત **'શ્રીહરિલીલા પ્રદીપ'** ગ્રંથમાં લખે છે :-

'राजन् हरिर्वैदिकभूसुरैस्ततः शास्त्रोदितं दत्तविधिं विधाय सः ।
मांगल्यवाद्यध्वनिगीतपूर्वकं जग्राह तौ धर्मधुराऽऽवहक्षमौ ।।'

વૈદિક બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રમાં કહેલો દત્તવિધિ કરીને ભગવાન શ્રીહરિએ માંગલ્ય વાજિંત્રોના ધ્વનિ તથા ગીતપૂર્વક ધર્મધુરાને વહન કરવા યોગ્ય તે બંને અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને પુત્રપણે ગ્રહણ કર્યા.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૨૭)

'दद्यान्माता पिता वा यं स पुत्रो दत्तको भवेत् ।'

માતા-પિતાએ પુત્ર વિનાના આર્ય ગૃહસ્થને આપેલા પુત્રને **દત્તક** કહેવાય છે. (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ : ૧૨/૧૩૦)



**શબ્દરત્નમહોદધિ** તથા **આપ્ટેકોશમાં** પણ **'દત્તકપુત્ર'**નો અર્થ કરેલો છે કે, પુત્ર વિનાના આર્ય ગૃહસ્થે ખોળે લીધેલો પુત્ર, આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ (માત્ર સ્વાશ્રિત ત્યાગીજનોની શિક્ષાને અર્થે ત્યાગ પ્રધાન જીવન-પરાયણ હોવા છતાં) ત્યાગી ન હતા. કારણ કે તેઓના જીવનમાં એક પણ એવો **ઈતિહાસ** નથી કે તેઓએ ભગવા કપડાંને પરિધાન કર્યા હોય. હા, તેઓ સાધુજીવન ચોક્કસ જીવ્યા હતા એમાં ના નહી, પરંતુ હતા તો પોતે ધર્માચાર્ય. એટલે જ તેઓએ દત્તપુત્રો લઈ ધર્માચાર્ય પરંપરા જાળવી. પોતાના બંને ભાઈઓના દિકરા ખોળે લીધા, દત્તક લીધા અને પોતે સદ્‌ગૃહસ્થ બ્રાહ્મણે જ ત્યાગીને દીક્ષા આપવાનો અધિકાર છે તેવી વૈષ્ણવ સંપ્રદાયની પરંપરાને જાળવી. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વડોદરાનાં રાજપંડિતોને કહ્યું છે :-

'सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः ।
प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।'

સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં શિષ્ટાચાર **ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવાનો** છે અને આ **શિષ્ટાચાર** સત્યયુગથી લઈ આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણ 'साम्प्रतं' શબ્દ બોલેલા છે. અર્થાત્ અત્યારે અમે પણ અમારા ભાઈઓના પુત્રોને દત્તક (ખોળે) લઈ સર્વ વૈષ્ણવ સંપ્રદાયના શિષ્ટાચાર પ્રમાણે ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા આ વૈષ્ણવ સંપ્રદાયના શિષ્ટાચારને જાળવી રાખ્યો છે. એમાં ન્યૂનતા નથી આવી.

આ ઉપરાંત અનેક ધર્મગ્રંથમાં કહ્યું છે કે, સદ્‌ગૃહસ્થ જ કોઈના પુત્રને દત્તક લઈ શકે, પરંતુ લેખનો અતિ વિસ્તાર થવાના ભયથી અહિં લખતો નથી. આટલા **પ્રમાણવચનો**થી જ સંતુષ્ટ થશો.

**દત્તકચંદ્રિકા** ગ્રંથને વિષે કહેલું છે કે, ત્યાગી ક્યારેય કોઈનાં પુત્રને દત્તક ન લઈ શકે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના બંને ભાઈઓના પુત્રને **દત્તવિધિથી** લીધેલા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ **દત્તકપિતા** હતા. અને **દત્તકપિતાનો અર્થ** ભગવદ્‌ગોમંડલમાં કર્યો છે કે, **'ધર્મપિતા** - અર્થાત્ ધર્મશાસ્ત્રના વિધાન મુજબ **પિતા** કહેવાય છે.'

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો **જામનગરની સભામાં** પંડિત ગોસ્વામીને કહે છે :-

'एवमाचार्यलक्ष्माणि सच्छास्त्रोक्तानि भूरिशः ।
सन्ति तान्यस्मदीयेऽस्मिन्गुरौ सन्त्येव सर्वशः ।।
आचार्यमत एवेमं वदामो हि प्रमाणतः ।
तल्लक्ष्माणि त्वदुक्तानि त्वीक्षितानि न वै क्वचित् ।।'



"...**દત્તકચંદ્રિકા** ગ્રંથને વિષે કહેલું છે કે, ત્યાગી ક્યારેય કોઈનાં પુત્રને દત્તક ન લઈ શકે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના બંને ભાઈઓના પુત્રને **દત્તવિધિથી** લીધેલા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ **દત્તકપિતા** હતા. અને **દત્તકપિતાનો અર્થ** ભગવદ્‌ગોમંડલમાં કર્યો છે કે, **'ધર્મપિતા** - અર્થાત્ ધર્મશાસ્ત્રના વિધાન મુજબ **પિતા** કહેવાય છે..."

મુક્તાનંદાદિક સંતો કહે : "હે વિદ્વાનો ! આવા સત્શાસ્ત્રોમાં કહેલા ઘણાક **આચાર્યના લક્ષણો** છે તે સઘળાં લક્ષણો આ અમારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામીને વિષે સર્વે પ્રકારે વર્તે છે. અને તે કારણથી જ સત્શાસ્ત્રોના પ્રમાણે સહિત જ અમારા ગુરુ શ્રી **સહજાનંદ સ્વામીને** અમે **આચાર્ય** કહીએ છીએ."

(શ્રીહરિદિગ્વિજય : ૨૮/૩૪-૩૫)

'वार्तेषाऽतिप्रसिद्धास्ति स्वामिनोऽस्य भुवस्तले ।
ततो वयं वदामोऽमुमाचार्यं भवतारकम् ।।'

મુક્તાનંદ સ્વામી કહે : "સકળ ઐશ્વર્ય સંપન્ન અને સર્વોપરિ એવા અમારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામીની આ **અલૌકિક વાર્તા** તો પૃથ્વી ઉપર **પ્રસિદ્ધ** છે માટે આવા અલૌકિક પ્રતાપને લીધે જ અમે એમને આ સંસાર સાગરથી તારનાર સાચા **આચાર્ય** કહીએ છીએ." (શ્રીહરિદિગ્વિજય:૨૮/૫૯)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ અને શ્રેષ્ઠ વિદ્વાન સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથના પ્રત્યેક ઉલ્લાસની સમાપ્તિમાં ભગવાન **શ્રી સ્વામિનારાયણને ધર્માચાર્ય** તરીકે સંબોધે છે.

'इति श्रीमदुद्धवसम्प्रदायाचार्यप्रवर श्री सहजानंद
स्वामिशिष्य तत्सम्प्रदाय
सकलहार्दऽभिज्ञनित्यानंदमुनि विरचिते
श्रीहरिदिग्विजये
श्रीमदुद्धवस्वामिनामाचार्यपदस्थापननामा प्रथम
उल्लासः ।।१।।'

ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય આચાર્યપ્રવર શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય અને તેમના સંપ્રદાયના સકળ રહસ્યને જાણનારા નિત્યાનંદ મુનિ વિરચિત શ્રીહરિદિગ્વિજયમાં શ્રીમદ્ ઉદ્ધવ સ્વામીને આચાર્ય સ્થાપ્યા એ નામે પ્રથમઉલ્લાસ સંપૂર્ણ થયો. ॥૧॥

આ પ્રમાણે આ **ધર્મવંશી આચાર્યપદ** ગૃહસ્થાશ્રમમાં ન સ્થાપ્યું હોત તો સ્ત્રીના ગુરુ કોણ થાત ? ભગવાન શ્રીહરિના સિદ્ધાંત પ્રમાણે ત્યાગી સંતોથી સ્ત્રીઓનો સ્પર્શ જ ન થાય, સ્ત્રીઓનું મુખ ન જોવાય. એ સ્થિતિમાં સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કેવી રીતે થાય ? તો પછી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **સ્ત્રીઓને દીક્ષા કે મંત્ર** આપે કોણ ? આ પ્રશ્ન પિતા ધર્મદેવને પણ થયો હતો.

'दीक्षये यद्यहं नारीस्तर्हि क्वापि न मे क्षतिः ।
किन्तु रीतिरियं सम्यक् नैव स्थाप्योध्धवाध्वनि ।।'

હું સ્ત્રીઓને દીક્ષા આપું તો તેમાં મને કોઈ પ્રકારની ક્ષતિ લાગતી નથી, પરંતુ ઉદ્ધવ સંપ્રદાયમાં એ રીતિ સ્થાપન કરવી-પ્રવર્તાવવી તે સારું નથી.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૨૦)



સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **ભક્તચિંતામણી**માં કહે છે :-

**'કહે આજ કાહું રીત એહ રે, ચાલે આગે પરંપરા તેહ રે**
**તેનો આજ તો નથી વિચાર રે, પણ પછી બગાડ અપાર રે**
**માટે કહ્યું સર્વે યુવતિને રે, તમે સૌ કરો ગુરુ ભક્તિને રે**
**ઉદ્ધવ સંપ્રદાયની એ રીત રે, તેને પાળવી બહુ કરી પ્રીત રે'**

(ભક્તચિંતામણી : પ્ર-૨૧)

'पतिव्रता धर्मरता या च पत्यैव दीक्षिता ।
सा तु दद्यात्कृष्णमन्त्रं स्त्रीभ्यः प्रणववर्जितम् ।।'

જે સ્ત્રી પતિવ્રતા હોય, ધર્મમાં પ્રીતિવાળી હોય અને પોતાના પતિએ જ દીક્ષા આપેલી હોય તેજ સ્ત્રી બીજી સ્ત્રીઓને પ્રણવના ઉચ્ચારણ સિવાય કૃષ્ણનો મંત્ર આપે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૩૭)

'गुरुपत्नी गुरुः कार्यः स्त्रीभिर्नान्यः पुमान् क्वचित् ।
आपन्नाभिस्तथाऽसूर्यम्पश्याभिर्भवमुक्तये ।।'

સ્ત્રીઓએ આ સંસાર બંધનથી મુક્તિ પામવા માટે ગુરુપત્નીને જ ગુરુ કરવા. પરંતુ તે સિવાય બીજા કોઈ પુરુષને ક્યારેય પણ ગુરુ ન જ કરવા. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૪૦)

'स्थापिता धर्मदेवेन मर्यादैषा सनातनी ।
सप्रमाणा च सास्माभिः स्वीयेषु सम्प्रवर्त्यते ।।'

આ પ્રકારની મર્યાદા અમારા પિતા જે ધર્મદેવ તેમણે જ અમને શીખવાડેલી અને તે મર્યાદા પંચરાત્રાદિ સત્શાસ્ત્રોના પ્રમાણે સહિત અમે અમારા ઉદ્ધવ સંપ્રદાયમાં અમારા આશ્રિતજનોમાં પ્રવર્તાવીએ છીએ.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૪૯)

ત્યાગી, બ્રહ્મચારી કે સંન્યાસી જો ભાગવતી દીક્ષા આપે કે ગૃહસ્થના ત્યાગી ગુરુ થાય એટલે કે **'ગુરુમંત્ર'** કે **દીક્ષા** આપે તો કલ્યાણના માર્ગમાં બંનેના **મોક્ષના બીજ** નાશ પામી જાય છે. કારણ કે તેમની પાસે કોઈ **વૈદિક સિદ્ધાંત** નથી, તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પવિત્ર ધર્મકુળમાંથી ગૃહસ્થ અને ત્યાગીના ગુરુ બનાવી **વૈદિક પરંપરા** જાળવી.

ભગવાન શ્રી બુદ્ધ એ સ્વયં ભગવાનનો અવતાર હોવા છતાં જો તેમણે વૈદિક **પરંપરાનું ઉલ્લંઘન** કર્યું તો બૌદ્ધ સંપ્રદાય સ્વયં ભગવાન બુદ્ધે સંસ્થાપિત કર્યો હોવા છતાં તે આજે **નાસ્તિક સંપ્રદાય** ગણાય છે.

વ્યાકરણ મહાભાષ્ય છાયા ટિપ્પણીકાર પણ કહે છે :-

'वेदविरुद्धवाद ईश्वरस्यापि अप्रमाणम् ।
अप्रमत्तगीतश्च तदितरस्यापि प्रमाणमिति ।।'

વેદશાસ્ત્ર વિરુદ્ધ વાત જો બ્રહ્માદિ ઈશ્વર કે સ્વયં ભગવાન કરતા હોય તોપણ તે પ્રમાણને પાત્ર ન બને. અને સામાન્ય વ્યક્તિ હોય પણ વેદશાસ્ત્રને અનુસરીને વાત કરે તો તે પ્રમાણરૂપ માનવામાં આવે છે.

"...ત્યાગી, બ્રહ્મચારી કે સંન્યાસી જો ભાગવતી દીક્ષા આપે કે ગૃહસ્થના ત્યાગી ગુરુ થાય એટલે કે **'ગુરુમંત્ર'** કે **દીક્ષા** આપે તો કલ્યાણના માર્ગમાં બંનેના **મોક્ષના બીજ** નાશ પામી જાય છે. કારણ કે તેમની પાસે કોઈ **વૈદિક સિદ્ધાંત** નથી, તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પવિત્ર ધર્મકુળમાંથી ગૃહસ્થ અને ત્યાગીના ગુરુ બનાવી **વૈદિક પરંપરા** જાળવી..."



આચાર્ય પરંપરા એ 'પિતા પછી પુત્ર ગાદીએ આવે' એવું કુળ પ્રથાને સાચવતું 'માળખું' માત્ર નથી. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની **કલ્યાણ વ્યવસ્થા**ની અંગભૂત એક **વ્યવસ્થા** છે. આવી આચાર્ય પરંપરાની પાછળ શ્રીજીમહારાજની યોજનાનું, ભાવનાનું અને વ્યવસ્થાનું એક **પ્રચંડ બળ** છે. આચાર્યપદ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની **અવિચ્છિન્ન પરંપરા**ને ટકાવી રાખનારું એ પદ છે. આચાર્ય પરંપરાની અવહેલના કરવાથી સેંકડો વર્ષોથી ચાલી આવતી ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન ગુરુ-શિષ્ય પરંપરાનું ખુન છે, શ્રી સ્વામિનારાયણીય આચાર્ય પરંપરાનો **ઉઘાડો દ્રોહ** છે, વૈદિક સનાતન પરંપરાના કામનું પાતક છે.

આ વાસ્તવિકતાને આપણાં **સ્વીકાર** કે **ઈન્કાર** સાથે કોઈ જ નિસ્બત નથી. કોઈ સૂર્યના અસ્તિત્વનો ઈન્કાર કરે એટલા માત્રથી સૂર્યનાં અસ્તિત્વને કોઈજ નુકશાન પહોંચતું નથી. અને એ જ રીતે સૂર્યના અસ્તિત્વનો સૂર્યમુખી ફુલ સ્વીકાર કરે એટલા માત્રથી સૂર્યને કોઈ લાભ થઈ જતો નથી. પરંતુ હા, એટલું ચોક્કસ બને છે કે સૂર્યના અસ્તિત્વના ઈન્કારથી ઘુવડ સૂર્યના પ્રકાશથી વંચિત રહી જાય છે. અને સૂર્યના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી સૂર્યમુખી ફુલ પોતે ખીલી જાય છે. આ વાતની તમને ખુદને પ્રતીતી છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'** સત્સંગ સમાજને આંગળી પકડીને બતાવે છે કે **ગુરુ કોને બનાવવા :**

'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः ।
स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ।।'


ગુરુ બનવાનાં સંપૂર્ણ ગુણોએ યુક્ત - શુભ લક્ષણોથી સંપન્ન હોવા છતાં જો તે ધર્મવંશી ધર્મકુળના ન હોય તો જન્મમરણના સંસૃતિ સંકટથી મુક્તિની ઈચ્છાવાળા મુમુક્ષુએ તેમને ગુરુ ન કરવા, ગુરુ તરીકે ન સ્વીકારવા.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૨૩)

ભગવાન શ્રીહરિ 'શ્રી સત્સંગિજીવન'માં સ્વાશ્રિતોને અંતિમ ઉપદેશ તુલ્ય વચનો દ્વારા સ્વસ્થાપિત **આચાર્યશ્રીઓનો મહિમા** પોતાના તુલ્ય અર્થાત્ **અપરસ્વરૂપ સમાન** બતાવતાં **મર્યાદા સભર વચનો** આ પ્રમાણે કહે છે :-

'दीक्षितैः सकलैरेव निजाचार्यस्य केवलम् ।
पादाम्बु च प्रसादान्नं ग्राह्यं नान्यस्य कर्हिचत् ।।'

સમગ્ર દીક્ષિતોએ ચરણોદક અને પ્રસાદી અન્ન કેવળ એક પોતાના આચાર્યનું જ ગ્રહણ કરવું. તેમના વિના બીજાનું


વડતાલમાં પોતાના સ્થાને ગુરુપદ ઉપર
'યાવત્ ચંદ્રદિવાકરો' પરંપરાગત ધર્મકુળ વંશમાં
આચાર્યપદની સ્થાપના કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ



ક્યારેય પણ ગ્રહણ ન કરવું. (શ્રી સત્સંગિજીવન : ૪/૫૨/૨૧)

આચાર્યપદ ધર્મવંશમાં સ્થાપન કરશે એવી **ભવિષ્યવાણી** સં. ૧૮૪૮માં જેઠ માસમાં સ્વયં ધર્મદેવે ઉચ્ચારી હતી. જોઈએ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'**ના શબ્દોમાં :-

'आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् ।
स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ॥'

હે રામપ્રતાપ તથા ઈચ્છારામ! મહા યશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના **'આચાર્યત્વપદ'** ની સ્થાપના કરશે અને પછી પોતાના પરમશ્રેષ્ઠ બ્રહ્મધામમાં પ્રયાણ કરશે. (શ્રી સત્સંગિજીવન : ૧/૩૯/૧૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણના ૧લા **વચનામૃત**માં કહે છે : **"ધર્મકુળને આશ્રિત** એવો જે **ભગવાનનો ભક્ત** છે તે ભગવાનની ઈચ્છાએ કરીને **બ્રહ્મમય દેહ**ને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે."

આજ વાતને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શ્રી સત્સંગિજીવન'**માં દોહરાવતાં લખે છે :-

'एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति च आश्रयम् ।
तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ॥'

આ મારા બંને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો આશ્રય જે કરશે તે ભક્તોને અમો દેહાંતે ધામમાં લઈ જશું. (શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૯)

પ્રેમસખી સ.ગુ. **શ્રી પ્રેમાનંદ સ્વામી**નાં શબ્દોમાં જોઈએ :-

**'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,**
**આજ ધર્મવંશીને દ્વાર નરનારી...જેને૦**
**શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,**
**હ્યાં'તો તરત થાશો પાવન, નરનારી...જેને૦'**

❖ ❖ ❖ ❖ ❖

**'ચાલો ચાલો ધર્મવંશીને દ્વાર, સાહેલી માગીએ મોક્ષને;**
**આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળિમાં મુક્તિ દેનાર...સાહેલી૦**
**સખી થઈએ ધર્મકુળ આશરે, નહી તો મારશે રે જમ બાંધીને માર;**
**ધર્મવંશી વિના આ સંસારમાં, બીજો નથી રે છોડાવણ હાર...સાહેલી૦**
**ધર્મવંશી વિના ત્રણ લોકમાં, ક્યાંયે ન મળે રે કલ્યાણની રીત...સાહેલી૦**
**એમ જાણી મોટા સંત ભૂપતિ, સેવે પ્રીતે રે ધર્મવંશીના ચરણ;**
**પ્રેમાનંદનો સ્વામી ધર્મવંશમાં, આજ પ્રગટ રે પ્રભુ ભવદુઃખહરણ...સાહેલી૦'**

❖ ❖ ❖ ❖ ❖

**'પધાર્યા રે મારે મંદિર આજ, આચારજ શ્રી ધર્મવંશના;**
**મેં તો પૂજ્યા ષોડશ ઉપચારશું, જાણીને રે મુક્તિનાં દાતાર...**
**હું તો થઈ રહી ધર્મકુળ આશરે, મારાં સરીયાં રે બેની સર્વે કાજ...**
**ધર્મવંશી ક્યાંથી મારે બારણે, જેને પૂજે રે શિવ બ્રહ્માને શેષ;**
**પ્રેમાનંદનો સ્વામી જેના કુળમાં, થયા પ્રગટ રે શ્રીકૃષ્ણ દીનેશ....'**

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે :-

**'મેરા સ્વરૂપ હૈ શિક્ષાપત્રી, સો અસલ સત્ય માનીયો;**
**ધર્મવંશી સંતહી હરિજન, દૃઢ કરીને જાનીયો.**
**અબ જો શિક્ષાપત્રી કહે તેહિ, તૈસે ચલના પ્રીતસું;**
**ઔર આચાર્ય ધર્મવંશી, કહે ત્યું કરના સુ રીતસું.**



ધર્મવંશી આચાર્યશ્રીઓની જ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ગુરુપરંપરા** આવે છે, ઉપશમ પરાયણ નિવૃત્તિ માર્ગવાળા ત્યાગી સંતોની કદાપી નહી. આ વાતની પુષ્ટિ શ્રીજીમહારાજ સ્વયં પોતે વડતાલ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં કરે છે :- "સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ; કેમ જે, તેને કોઈ પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય?" એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, "લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો **ઉદ્ધવ સંપ્રદાય** છે તેની રીત જાણી જોઈએ તથા બીજી **ગુરુપરંપરા** જાણી જોઈએ; તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા **ધર્મકુળનું સ્થાપન** કર્યું છે તેની **રીત** જાણવી."



**મેરે હી અક્ષરધામમે સો, આવહી નહિ સંદેહહી;**
**આચાર્ય ધર્મવંશી દ્વારમેં રહે, બચન ગ્રહો મેરો તેહ.**
**ઔરહી મૂર્તિ દ્વારમેં રહે, મંદિર મોરે જોઈ હૈ.'**

શ્રીજીમહારાજે આ લોકમાંથી અંતર્ધાન થતી વખતે સૌ ધર્મવંશી તથા સંત-હરિભક્તને શિક્ષાપત્રીમાં દેઢ વર્તવાનું તથા પોતાની આજ્ઞા માનવાનું કહ્યું. મારી આજ્ઞામાં ભવબ્રહ્માદિક દેવો, કાળ, સમુદ્ર, વાયુ, સૂર્ય વગેરે પણ વર્તે છે. તમો સૌ ધર્મવંશી આચાર્યના વચનમાં વર્તજો. હવેથી હું ધર્મનિષ્ઠ સંતો, શિક્ષાપત્રી, આચાર્ય અને મૂર્તિ દ્વારા પ્રગટ રહીશ અને મારું વચન માનશે તે મારો છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર: પુર-૧, તરંગ-૨)

કવિકુળ શિરોમણી શતાવધાની સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી **'ધર્મવંશી આચાર્યપદનો મહિમા'** પોતાના શબ્દોમાં કહે છે :-

**'ધર્મકુળ તજી કે, દૂજે કો જો શરનો લઈ હું જાઈ કે;**
**તો મેં નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈકે...'**

❖ ❖ ❖ ❖ ❖

**'મેરે અંતર તે, ધર્મવંશકી દેઢતા કબહુ ના ટરે;**
**કોઉં શિર કાટો, ભાવે જેસી આયકે તન વિપતા પરે...'**

❖ ❖ ❖ ❖ ❖

**'જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;**
**તો મોચ કુટુંબી જાનો કંસકો...'**

ભાગવતકાર શ્રી વેદવ્યાસજી **શ્રીમદ્ ભાગવતમાં** લખે છે :-

'आचार्यं मां विजानीयान्नावमन्येत कर्हिचित् ।
न मर्त्यबुद्धयाऽसूयेत सर्वदेवमयो गुरुः ।।'

આચાર્ય એ મારું જ સ્વરૂપ જાણવું, પરંતુ મનુષ્ય છે એવી પ્રાકૃત બુદ્ધિએ કરી એમનું અપમાન કરવું નહિ તેમજ આચાર્યના ગુણમાં દોષારોપણ કરવા રૂપ અસૂયા કરવી નહિ. કારણ કે 'सर्वदेवमयो गुरुः ।' ગુરુ **સર્વ દેવરૂપ** ગણાય છે.

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૧૭/૨૭)

સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'પુરુષોત્તમ પ્રકાશ'** ગ્રંથમાં ભગવાન શ્રીહરિ જે બોલેલા તે એમના એ જ શબ્દોમાં કંડારતા લખે છે :-

**'મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ;**
**એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખકરણ.**
**મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર,**
**એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર.**
**એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ;**
**અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ.'**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર-૪૦)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવતુપ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત **'શ્રીહરિલીલા પ્રદીપ'** ગ્રંથમાં લખે છે :-

'द्रोक्ष्यंति येऽत्र चैताभ्यां द्रोहस्तैरेव मे कृतः ।
मद्दीक्षायाः फलं लोका यांस्यंत्येतन्निरीक्षया ।।'

આ લોકમાં જે તે બંને આચાર્યોનો **દ્રોહ** કરશે તેમણે **મારો જ દ્રોહ** કરેલો છે, એમના દર્શનથી મારા દર્શનનું ફળ જનો પામશે.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.- ૪૩)

ધર્મવંશી આચાર્યશ્રીઓની જ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ગુરુપરંપરા** આવે છે, ઉપશમ પરાયણ નિવૃત્તિમાર્ગવાળા ત્યાગી સંતોની કદાપી નહી. આ વાતની પુષ્ટિ શ્રીજીમહારાજ સ્વયં પોતે વડતાલ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં કરે છે :- "સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ; કેમ જે, તેને કોઈ પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ?" એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, "લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો **ઉદ્ધવ સંપ્રદાય** છે તેની રીત જાણી જોઈએ તથા બીજી **ગુરુપરંપરા** જાણી જોઈએ; તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા **ધર્મકુળનું સ્થાપન** કર્યું છે તેની **રીત** જાણવી."

આ વચનામૃતની પુષ્ટિ પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં કરતા કહે છે :-

જ્યારે ભગવાન શ્રીહરિએ ભર સભામાં પ્રશ્ન કર્યો કે મારા સ્થાને કોને આરૂઢ કરવા? ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક સભાજનો કહે છે :

'धर्मवंश्यो नरस्तस्माद् जनानामेव सर्वशः ।
गुरुत्वेऽत्र त्वदीयानां योग्यो वर्तते सत्पते !।।'

હે સંતોના સ્વામી ! તમારા ત્યાગી તથા ગૃહસ્થ સમસ્ત આશ્રિતોમાં ધર્મવંશી જ ફક્ત ગુરુપદ માટે સત્સંગમાં યોગ્ય છે. (શ્રીહરિલીલાકલ્પતરુ: ૧૦/૨/૭)

'प्रागेवाचार्यपदवी धर्मदेवाय धीमते ।
रामानंदेन सन्दत्ता स्वामिना गुरुणा प्रभो !।।'

હે પ્રભુ ! ગુરુ રામાનંદ સ્વામીએ પૂર્વે આચાર્ય પદવી બુદ્ધિશાળી ધર્મદેવને આપી હતી. (શ્રીહરિલીલાકલ્પતરુ: ૧૦/૨ /૮)

'अथायाते त्वयि स्वामिन् रामानंदस्य सन्निधिम् ।
तुभ्यं धर्मभुवे दत्तं तेन आचार्य पदं शुभम् ।।'

હે સ્વામિન્ ! તમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ આચાર્યપદ ધર્મદેવનાં પુત્ર જાણી તમને આપ્યું. (શ્રીહરિલીલાકલ્પતરુ: ૧૦/૨/૯)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવતુપ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત 'શ્રીહરિલીલા પ્રદીપ' ગ્રંથ ઉપરોક્ત વચનોને પુષ્ટિ કરી આપે છે :-

'त्वदाश्रितानां नस्त्यागिनां गृहिणां तथा ।
प्रसन्नताऽस्ति सर्वेषां भूयसी श्रीहरे ! ध्रुवम् ।।
अस्माकं त्यागिनां तस्मिन् गृहस्थेऽपि गुरौ क्वचित् ।
न बाधोऽस्ति यतस्तेषां गृह्यार्यत्वं श्रुतोदितम् ।।'

હે શ્રી હરે ! આપના આશ્રિત અમો ત્યાગીઓ તથા ગૃહસ્થો સર્વે આમાં અત્યંત પ્રસન્ન છીએ. ધર્મવંશી ગુરુ ગૃહસ્થ હોય તો પણ અમો ત્યાગીઓને ને ક્યારેય પણ બાધકર્તા નથી. ત્યાગીઓના પણ ગૃહસ્થ જ ગુરુ હોય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. આ પ્રમાણે સમસ્ત સભા વતી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને કહ્યું.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૧૦, અધ્યા.- ૨, શ્લો.- ૧૨-૧૩)

'स्यातुं तव पदे योग्यो धर्मवंशोद्‌भवः पुमान् ।
प्रादुर्भूतो भवान् यस्मिन्सर्वकारणकारणम् ।।
यथा सिंहांगना दुग्धं स्वर्णपात्रे हि तिष्ठति ।
तथा त्वदीयमेतद्वै धर्मवंश्ये समर्हति ।।'





**શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના કુળ સામે નજર રાખીને સંપ્રદાયનું આચાર્યપદ** ધર્મદેવના **વંશમાં** આપી દીધેલું છે. તથા શ્રી સહજાનંદ સ્વામીને બે ભાઈઓ હતા તેથી તેમણે સંપ્રદાયમાં બે ગાદી કરેલી છે. આ આક્ષેપોમાં વાદી પક્ષની **'હલકી મનોવૃત્તિનું અધમ પરિણામ'** હોવાનો નિર્ણયાત્મક **અભિપ્રાય દાવો** સાંભળનાર એક તટસ્થ ન્યાયાધિશ **શ્રી આર.નાઈટે** ઉચ્ચારેલો છે.

તમારા સ્થાનમાં રહેવા માટે ધર્મવંશ કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષ જ યોગ્ય છે, જેમાં સર્વકારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં જ રહે છે તેવી રીતે તમારું પદ ધર્મવંશમાં જ યોગ્ય છે.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૧-૧૨)

**'धर्मवंशीयतुल्योऽन्यो न वै स्यात् कोऽपि धर्मज !।**
**त्वदीयधर्मधुर्वाहे शक्तोऽस्त्येव स नेतरः ।।'**

હે ધર્મનંદન! ધર્મવંશી તુલ્ય અન્ય કોઈપણ હરિભક્ત ન થાય. અને આ તમારી ધર્મધુરાનું વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે બીજો કોઈપણ શક્તિમાન નથી.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૩)

આ રીતે સંતો-ભક્તોના મંતવ્ય સાંભળી ભગવાન શ્રીહરિ કહે છે :-

**'किञ्चान्येषामबुद्धिनां जनानां स्यादयं भ्रमः ।**
**स्वामिना स्वकुलेन्यस्तं गुरुत्वं स्वीयमुत्तमम् ।।'**

મેં પણ મારા સ્થાને ધર્મવંશી બાળકને જ બેસારવાનો વિચાર કર્યો છે. પરંતુ બીજા બુદ્ધિહીન (ઓછી બુદ્ધિવાળા) મનુષ્યોને એવો ભ્રમ થશે કે પોતાના ધર્મકુળમાં જ કેમ પોતાનું આવું શ્રેષ્ઠ આચાર્યપદ (ગુરુપદ) સ્થાપન કર્યું. (તે માટે હું વિચારતો હતો, તમોએ મારા વિચારને પુષ્ટ કરી આપ્યો.)

(શ્રીહરિલીલાકલ્પતરુ : 10/૨/30-31)

હાલમાં પણ ૨૧મી સદીના બુદ્ધિમાન ગણાતા મનુષ્યોને આચાર્યપદ વિષે આવો જ કંઈક **ભ્રમ** થઈ રહ્યો છે.

અમદાવાદ દેશના આચાર્યપદ અંગે જ્યારે પહેલો-વહેલો દીવાની દાવો (ઈ.સ. ૧૯૦૧-૦૨ દી.મુ. અંક : ૯૨)માં અમદાવાદની દીવાની ન્યાયાધીશીમાં દાખલ થયો હતો. ત્યારે વાદી પક્ષે જોડાયેલાએ કહ્યું હતું કે, શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના કુળ સામે નજર રાખીને **સંપ્રદાયનું આચાર્યપદ** ધર્મદેવના **વંશમાં** આપી દીધેલું છે. તથા શ્રી સહજાનંદ સ્વામીને બે ભાઈઓ હતા તેથી તેમણે સંપ્રદાયમાં બે ગાદી કરેલી છે. આ આક્ષેપોમાં વાદી પક્ષની **'હલકી મનોવૃત્તિનું અધમ પરિણામ'** હોવાનો નિર્ણયાત્મક **અભિપ્રાય** દાવો સાંભળનાર એક તટસ્થ ન્યાયાધિશ **શ્રી આર.નાઈટે** ઉચ્ચારેલો છે. એમનો એ અભિપ્રાય તે પછી જ્યાં જ્યાં દીવાની દાવાઓ થયાં ત્યાં ગ્રાહ્ય રાખવામાં આવેલો છે.

ન્યાયાધીશ શ્રી આર.નાઈટે નીચે પ્રમાણે ચૂકાદો આપ્યો હતો :

"શ્રી સહજાનંદ સ્વામી બ્રહ્મચારી હતા. (Celibate - અવિવાહિત ) એટલે આચાર્યપદ માટે, પોતાના જ વર્ગની કોઈ વ્યક્તિને પસંદ કરે એ **સ્વાભાવિક** હતું. પણ એ સ્વાભાવિક માર્ગથી તદ્દન વિરુદ્ધ કહી શકાય એવો **વિલક્ષણમાર્ગ** એમણે અપનાવ્યો તેનું શું કારણ ? હાલના વાદીપક્ષે, એ માટે પોતાના કુળમાં જ એ પદ રહે એ પ્રકારના **હલકા હેતુનું** તેમના ઉપર **મિથ્યા દોષારોપણ** કરેલું છે. પણ એટલી અધમહદે, ઉતરવું મને યોગ્ય લાગતું નથી. હાલના દાવામાં પક્ષકાર ન હોત તો, વાદી પક્ષે તેમના ઉપર આ પ્રકારના **હલકા હેતુનું આરોપણ** ન જ કર્યું હોત તેની મને **ખાત્રી** છે. તેથી આ પ્રશ્નનો ઉકેલ મેં જે દૃષ્ટિએ વિચારેલો છે એ દૃષ્ટિએ જ વિચારવો યોગ્ય જણાય છે. **સંપ્રદાયની રચના અને રક્ષા એ જ શ્રી સહજાનંદ સ્વામીના જીવનનો પરમ હેતુ હતો.** આશ્રિત **જનસમાજના કલ્યાણ** અર્થે જ તેમણે **સંપ્રદાયની રચના** કરેલી છે. એમના જીવનની બધી જ પ્રવૃત્તિઓ પોતાના આશ્રિતો, ધર્મ અને કલ્યાણના માર્ગમાંથી પાછા ન પડે પણ પ્રતિદિન આગળને આગળ વધે તે માટે જ યોજાયેલી હતી, તેથી એમણે **મનોમન પ્રશ્ન** કર્યો : "મારા દેહોત્સર્ગ પછી આશ્રિતોના ધર્મની રક્ષા કરવાનું ભારે જવાબદારીવાળું કાર્ય, સરળતા અને સાંગોપાંગ ચાલે તે માટે - એ કાર્ય મારે **કોને સોંપવું** યોગ્ય થશે ? મારા કોઈ ત્યાગી, બ્રહ્મચારીને ? ના, આશ્રિતોના ધર્મની રક્ષાનો ભાર તો **ધર્મદેવનું કુળ જ** વહન કરે, એ જ યોગ્ય અને **કાર્યક્ષમ** લેખાશે."

શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે જે વિવિધ લીલા કાર્યો કર્યા, તેમાંનું એક મહાન કાર્ય બ્રહ્મચર્યની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું હતું. તત્કાલીન સમયમાં ધર્મના પ્રત્યેક ક્ષેત્રમાં ધર્મગુરુઓ, આચાર્યો, ત્યાગી કે સાધુઓનું બ્રહ્મચર્ય કથળી ગયું હતું. ભગવાન શ્રીહરિના સિદ્ધાંત પ્રમાણે ત્યાગીઓ કે સંતોથી સ્ત્રીઓનો સ્પર્શ જ ન થાય, સ્ત્રીઓનું મુખ ન જોવાય - એ સ્થિતિમાં સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કેવી રીતે થાય ? સ્ત્રીઓને દીક્ષામંત્ર કેવી રીતે ત્યાગીવર્ગ આપી શકે ?

આ જટીલ સમસ્યાનું સમાધાન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પિતા ધર્મદેવના કુળમાં જ આચાર્યપદની સ્થાપના કરી છે. સંપ્રદાયમાં **સ્ત્રી મુમુક્ષુને દીક્ષા આપવાનો અધિકાર** આચાર્યશ્રીની **આજ્ઞા** અને **અનુમતિથી** એમના **ધર્મપત્નીને** માટે **સુરક્ષિત** રાખ્યો. કારણ કે સ્ત્રી આશ્રિતોને પુરુષ આચાર્ય દીક્ષા આપે તો અનેક દુષણો પેદા થવાની સંભાવના જ રહે છે. તેને અત્રે બિલકુલ અવકાશ મળતો નથી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્માચાર્યશ્રી ગૃહસ્થાશ્રમી હોવા છતાં (એવો પરંપરાગત નિયમપૂર્વક સહજ ધર્મ છે કે )તે સમીપ સંબંધ વિનાની બીજી કોઈપણ સ્ત્રી સાથે વાતચીત કરી શકતા નથી કે તેનો સ્પર્શ પણ કરી શકતા નથી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ જે **સર્વોપરી** છે, તેમના ઘણા કારણોમાંનું બીજું **કારણ** એ છે કે, સંપ્રદાયમાં આચાર્યપદ વારસામાં ઉતરે તેવી મિલકત કે પદ ગણેલું નથી. વર્તમાન આચાર્યશ્રીના પુત્રોમાંથી જે **વધારે લાયક** હોય અથવા એવો લાયક પુત્ર ન હોય તો, પાંડે હરિપ્રસાદ ઉર્ફે ધર્મદેવના વંશમાંથી એવો લાયક અન્ય પુરુષ પોતે શોધી કાઢીને સંપ્રદાયના હિતેચ્છુ અને સમજુ ત્યાગી અને ગૃહસ્થ શિષ્યોની સલાહ-સંમતિપૂર્વક જેની લેખી નિયુક્તિ થઈ હોય તે પુરુષ જ **અનુગામી**



તરીકે આચાર્યપદે આવી શકે છે.

આ પ્રકારની **વિશિષ્ટ વ્યવસ્થા** અન્ય સંપ્રદાયના આચાર્યપદ અંગે જોવા કે વાંચવા મળે તેમનથી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જે બે વિભાગો **૧. વડતાલ દેશ** અને **૨. અમદાવાદ દેશ**નું આયોજન, ભાગલા પાડવાની દૃષ્ટિએ કરેલું નથી. પરંતુ આશ્રિત સત્સંગીઓને **ધર્મદીક્ષા** લેવાની સરળતા પડે ને તેમના **ધર્મની રક્ષા** થાય તે ખાતર જ કરવામાં આવેલું છે. આ ઉપરાંત **બીજો હેતુ** જે પૈસા (દાન-ધર્માદાની આવક) આવે તેનો **સુંદર વહિવટ** કરવો એ છે.

દેશવિભાગના લેખની કલમ૧૦ પ્રમાણે જે વિભાગમાં આશ્રિત રહેતો હોય, તે વિભાગના આચાર્યશ્રી પાસેથી જ તેણે સામાન્ય કે મહાદીક્ષા લેવી જોઈએ. આવી આજ્ઞા સાથે **દીક્ષા** આપવાનો **અધિકાર** તથા **મૂર્તિ પ્રતિષ્ઠા** કરવાનો **અધિકાર** આચાર્યપદ ઉપર વિરાજમાન આચાર્યશ્રી સિવાય અન્ય કોઈ બ્રહ્મવેત્તાને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે **'દેશવિભાગના લેખ'**માં આપેલો નથી. આ રીતે સમસ્ત સંપ્રદાયનો વહિવટ સુંદર રીતે ચાલે તે માટે જ ભગવાન શ્રીહરિએ બે વિભાગોની યોજના કરી છે. બે આચાર્યપદ પ્રસ્તિષ્ઠિત કરેલા છે, પરંતુ બંને વિભાગોમાં બે ભાગ, બે દેશ, બે આચાર્યપદ સંપ્રદાયના ભાગલા નથી. સંપ્રદાય એક જ છે. ઈષ્ટ ઉપાસ્યદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, ઈષ્ટ ઉપાસ્યના સત્શાસ્ત્રો, ત્યાગી કે સાધુઓની ધર્મજીવન પ્રણાલિકા, દીક્ષાવિધિ, તત્ત્વજ્ઞાન, આચાર્યશ્રીના જીવનની નીતિરીતિ આ બધું એકજ છે. આ રીતે શ્રી સહજાનંદ સ્વામીએ ભાવાત્મક એકતા પક્ષ ઉપર ભાર મૂક્યો છે. આ રીતે આચાર્યપદની આ **ત્રીજી વિશિષ્ટતા** છે.

આચાર્યપદ ઉપર વિરાજમાન આચાર્યશ્રીનું સંપ્રદાયમાં મોક્ષની દૃષ્ટિએ અતિ ઉચ્ચ અને પરમ પાવનકારી યોજના શ્રી સહજાનંદ સ્વામીની છે. (સર્વોપરી શ્રીહરિ - સર્વોપરી આચાર્ય :)

આ વસુંધરામાં ધર્મવંશ જેવું પવિત્ર બીજું કોઈ કુળ જ નથી. એમ સ્વયં શ્રીજીમહારાજ કહે છે અને એ જ શબ્દોને **'હરિસંભવ મહાકાવ્ય'** ગ્રંથમાં સ.ગુ. **શ્રી અચિંત્યાનંદ વર્ણી** આબેહુબ આલેખે છે :-

'स धर्म वंशेतरयोर्विशेषो विषद्रुकल्पागमयोरिवास्ति ।
जानाति साम्यं कुमतिस्तयोर्यः स वासुदेवाद्विमुखो मदीयैः ।।'

વિષવૃક્ષ અને કલ્પતરુની જેમ **ધર્મવંશ** અને **અન્ય વંશમાં ફેર** છે. જે જનો તે બંનેને એક સરખા સમજે છે તે કુત્સિત બુદ્ધિવાળા છે અને મારા આશ્રિત જનોએ તેમને વાસુદેવથી વિમુખ જાણવા. (હરિસંભવ : સર્ગ-૧૭, શ્લોક-૪૦)

અને આના આ જ શબ્દોને પ્રતિસાદ આપતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત **'શ્રીહરિલીલા પ્રદીપ'** ગ્રંથમાં કહે છે :-

'नान्याचार्यसमावेतौ विद्येते शुद्धमेधसौ ।
संयुक्तावागमप्रोक्तैः सर्वैराचार्यलक्षणैः ।।'

વેદ અને શાસ્ત્રોમાં કહેલા આચાર્યના લક્ષણોથી યુક્ત શુદ્ધ આ બુદ્ધિવાળા આચાર્યોની સમાન બીજા કોઈ આચાર્યો નથી.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.- ૪૪)

શું કામ- શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્માચાર્ય સમાન બીજા આચાર્યો નથી ? આ પ્રશ્નનો ઉત્તર **'હરિસંભવ મહાકાવ્ય'** ગ્રંથમાં સ.ગુ. શ્રી અચિંત્યાનંદ વર્ણી આપતાં લખે છે :-

'अयं द्विजत्वेन जनावमुक्त्यै प्रादुर्भवं क्षोणितले प्रपन्नः ।
अजस्त्र मस्मिन् सह भक्तिधर्मौ स्थितौ पवित्रेण निजान्वयेन ।।'

આ ભૂમંડળમાં જનોની મુક્તિને માટે **બ્રાહ્મણ સ્વરૂપમાં** આ **ધર્મવંશ** ઉત્પન્ન થયું છે. આ વંશમાં કલ્યાણકારી **જ્ઞાન વૈરાગ્યાદિક રૂપમાં** પવિત્ર વંશ સહિત, **ભક્તિ** અને **ધર્મ** નિરંતર રહે છે. (હરિસંભવ : સર્ગ-૧૭, શ્લોક-૩૭)

હું સ્વધામગયા પછી સંપ્રદાયના સર્વેસર્વા (મુખ્યપણે માનવા યોગ્ય) ધર્મવંશી આચાર્ય છે એ બતાવવા સ્વયં **ભગવાન શ્રીહરિ** કહે છે :-

'मदीयैरेतयोराज्ञा गृहस्थैस्त्यागिभिस्तथा ।
मान्या मत्प्रीणनासक्तैर्यथा मे सादरं सदा ।।'

મને પ્રસન્ન કરવા ઈચ્છતા ત્યાગી તથા ગૃહસ્થોએ જેમ આદરપૂર્વક મારી આજ્ઞા હમણા માનો છો, તેવી જ રીતે આ બંને ધર્મવંશી આચાર્યોની આજ્ઞા હંમેશા માનવી.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.- ૩૮)

બોટાદના શેઠ **ભગા દોશી** શ્રીજીમહારાજ પાસે **વરદાન** માગતા કહે છે :-

**'મારા વંશમાં જન થાય જેહ, ધર્મવંશી સાથે ધરે સ્નેહ;**
**ગણે આચાર્ય શ્રીજી સમાન, મને એજ આપો વરદાન.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૮૦/૪૭)

'एतयोरनुवृत्त्या ये निदेशं सर्वदाऽऽदरात् ।
पालयिष्यंति तैराज्ञा मंस्येऽहं पालितेति मे ।।'

જે એ બંને આચાર્યોની અનુવૃત્તિથી આજ્ઞાનું આદરપૂર્વક સર્વદા પાલન કરશે તેમણે મારી આજ્ઞા પાલન કરી છે એમ હું માનીશ. (શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.- ૪૦)

આ મારી આજ્ઞાનું જે ઉલ્લંઘન કરશે તે મારા વચનનો દ્રોહી છે અને તે ગુરુદ્રોહી છે. આ વાતને સમર્થન આપતાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં લખે છે :-

'इत्याज्ञा पालनीया मे सर्वैरपि यथायथम् ।
वर्तिष्यतेऽन्यथा यस्तु स मच्छिष्यबहिष्कृतः।।'


આ મારી આજ્ઞા મારા આશ્રિત સર્વે સત્સંગીઓએ યથાયોગ્ય પાલન કરવી. જે મારા કહેવાથી વિરુદ્ધ વર્તશે તે મારા શિષ્યોની પંક્તિથી બહાર કાઢેલો જાણવો.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૫૩)

'इत्याज्ञा मेऽनिशं पाल्या प्रीत्या सर्वै मदाश्रितैः ।
यः स वर्तिष्यते नैवं संप्रदायात् बहिष्कृतः ।।'

આ મારી આજ્ઞા પ્રતિદિન

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ જે **સર્વોપરી** છે, તેમના ઘણા કારણોમાંનું બીજું **કારણ** એ છે કે, સંપ્રદાયમાં આચાર્યપદ વારસામાં ઉતરે તેવી મિલકત કે પદ ગણેલું નથી. વર્તમાન આચાર્યશ્રીના પુત્રોમાંથી જે **વધારે લાયક** હોય અથવા એવો લાયક પુત્ર ન હોય તો, પાંડે હરિપ્રસાદ ઉર્ફે ધર્મદેવના વંશમાંથી એવો લાયક અન્ય પુરુષ પોતે શોધી કાઢીને સંપ્રદાયના હિતેચ્છુ અને સમજુ ત્યાગી અને ગૃહસ્થ શિષ્યોની સલાહ-સંમતિપૂર્વક જેની લેખી નિયુક્તિ થઈ હોય તે પુરુષ જ **અનુગામી** તરીકે આચાર્યપદે આવી શકે છે.





પાળવી, અને જે મારો આશ્રિત થઈ મારી આજ્ઞા ન પાળે તો તેને સંપ્રદાયથી વિમુખ જાણવો.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.- ૪૯)

**'શું થયું જપ તપ તીરથે, શું થયું વળી જોગજગને;**
**શું થયું વિદ્યા ગુણ ડહાપણથી, જો ન રહ્યો હરિના વચને.**
**અશન વસન ભૂષણ મળે, મર મળે ત્રિલોકીનું રાજ;**
**વચન જાતાં જાતું કરે, જાણે થાય એથી અકાજ.'**

(નિષ્કુળાનંદ કાવ્ય : વચનવિધિ : ૮/૧૧)

શ્રી સીતારામસૂરિ વિરચિત **'શ્રીહરિ આજ્ઞામૃત સિન્ધુ'** ગ્રંથમાં તેઓ કહે છે :-

'यस्तथा श्रीहरेरस्मिन् ब्रह्मांडे देहभृत् वसन् । तदाज्ञां नाचरेत् भद्रां न तद्भक्तः स तद्रिपुः ।।'

કોઈપણ દેહધારી આ બ્રહ્માંડમાં રહેવા છતાં ભગવાન શ્રીહરિની મંગળમય આજ્ઞાનું પાલન નથી કરતો તે તો ભગવાનનો ભક્ત નથી, પરંતુ **શત્રુ** છે. (શ્રીહરિ આજ્ઞામૃત:૩/૪)

'स्युः मिथ्या सर्वशून्यानि यथाऽऽद्याङ्कावलोपनात् । हर्याज्ञोल्लङ्घनात् व्यर्थो मोक्षाऽऽयासस्तथा भवेत् ।।'

પહેલા આંકડાને ભૂંસવાથી બધા જ શૂન્ય **નકામા** થાય છે તેમ ભગવાન શ્રીહરિની આજ્ઞા લોપવાથી મોક્ષ માટેના બધા જ પ્રયત્નો વ્યર્થ થાય છે. (શ્રીહરિ આજ્ઞામૃત:૪/૨૪)

શ્રીજીમહારાજ ગઢડા પ્રથમપ્રકરણના ૧૮મા વચનામૃતમાં કહે છે :- "...અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો..., ...અને જો એમનહિ રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો..."

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'નિષ્કુળાનંદ કાવ્ય'**માં લખે છે :-

**'એવા સાધુ કહેવાય છે સંસારમાં, અતિ લબાડ લજામણાં;...**
**પ્રભુની બાંધી મરજાદને, ત્રોડવા છે ત્યાર વળી.'** (વચનવિધિ : ૨૭)

સંપ્રદાયના ધર્મગ્રંથ સમાન શ્રી સત્સંગિજીવનનો એક પણ શબ્દ અનર્થક (અર્થહીન-વ્યર્થ) નથી. એક શબ્દની વાત જવા દો, પરંતુ ત્રિકાળજ્ઞાની મહર્ષિ શ્રી શતાનંદ સ્વામી દ્વારા આ ધર્મગ્રંથ લખતાં અજાણતા એક શાહીનું (ઈંક) ટીપું પણ પડી ગયું હોય તો તે પણ અનર્થ નથી. તો એક શબ્દની (વર્ણની) વાત તો દૂર જ રહી. આ ગ્રંથરત્નને જોઈને **ભગવાન શ્રીહરિ**એ પ્રશંસા કરતા થકા ગ્રંથકર્તા પ્રત્યે કહ્યું : **'रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः'** હે શતાનંદ સ્વામી ! તમારા દ્વારા લખાયેલ **રમણીય આ શાસ્ત્ર** સર્વ શાસ્ત્રોમાં **શિરોમણીરૂપ** છે અને ભવિષ્યમાં પણ **શિરમોડ** બની રહેશે.

શાસ્ત્રની શી ગરીમા છે તે ખુદ મહાભાષ્યકાર પતંજલી ઋષિ 'इको यणचि' (૬/૧/૭૪) - સૂત્રના ભાષ્યમાં લખે છે :- 'सामर्थ्ययोगान्नहि किञ्चिद् अस्मिन् पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् ।' સૂત્રોની પરસ્પર સંબંધની દૃષ્ટિએ હું આ શાસ્ત્રમાં એવું કશું જ નથી જોતો કે જે અનર્થક હોય.

વ્યાકરણ મહાભાષ્યના પ્રથમસૂત્ર 'वृद्धिरादैच' (૧/૧/૧)માં મહાભાષ્યકાર લખે છે :- 'प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचाववकाशे प्राङ्मुख उपविश्य महता प्रयत्नेन सूत्राणि प्रणति स्म । तत्राऽशक्यं वर्णेनाऽप्यनर्थकेन भवितुम् । किं पुनरियता सूत्रेण ।' - પ્રમાણ પ્રાપ્ત આચાર્ય (પાણિની ઋષિ) દર્ભથી નિર્મિત પવિત્ર હાથોવાળા, પવિત્ર સ્થાનમાં, પૂર્વ દિશામાં મુખ રાખીને અતિ પ્રયત્નથી સૂત્રોનું નિર્માણ કરે છે. સૂત્રો લખે છે એ સૂત્રોમાં એકપણ શબ્દ (વર્ણ) અનર્થક નથી હોતો તો પછી એટલા મોટા સૂત્ર માટે કહેવું જ શું ? અર્થાત્ એકપણ સૂત્ર અનર્થક નથી.

શ્રી રામાનુજાચાર્ય વિરચિત **વેદાર્થસંગ્રહ** ગ્રંથની **ભૂમિકા**માં વિદ્વાન **શ્રી ન.ચ. રઘુનાથાચાર્ય** લખે છે કે - 'क्षुण्णामेव सरणिमाद्रियमाणाः रेखामात्रमपि तत्र व्यत्ययं असहमानाः प्रमाणैकशरणाः श्रीभाष्यकाराः ।' - ભગવાન શ્રી રામાનુજાચાર્યે એ જ માર્ગ લીધો હતો કે જે અનાદિ આચાર્ય પરંપરાએ સ્વીકારેલો હતો. રામાનુજાચાર્યને પ્રાચીન પરંપરાની રેખા માત્ર ઉલ્લઘંન સ્વીકાર્યું નહોતું. તે તો પોતાની કોઈ કલ્પનાનું મહત્ત્વ નહોતા આપતાં. પરંતુ એક માત્ર શાસ્ત્રના પ્રમાણના સહારે જ ચાલતા હતા.

સ.ગુ. **શ્રી ગુણાતીતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે :-

"એકલો પોતાનો હૈયાનો ઉઠાવ કામ ન આવે શાસ્ત્ર પણ જોઈએ." (પ્રકરણ - ૩/૧૦૦)

"કાલથી અમને એમ વિચાર થયો જે શાસ્ત્ર વિના તો સર્વે અધુરિયું ઈ કાંચળીઓ પંથ ને નાસ્તિકના પંથ જેવું છે." (પ્રકરણ - ૩/૨૭૧)



સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'નિષ્કુળાનંદ કાવ્ય'**માં લખે છે :-

**'એવા સાધુ કહેવાય છે સંસારમાં,**
**અતિ લબાડ લજામણાં;...**
**પ્રભુની બાંધી મરજાદને,**
**ત્રોડવા છે ત્યાર વળી.'**

(વચનવિધિ : ૨૭)



'परस्परं शास्त्राणां सांकर्यं नैव भावयेत् । अर्धप्राज्ञैस्तथा सर्वं कृतं सीमातिलङ्घनात् ।।'

ધર્મગ્રંથોમાં પરસ્પર 'સાંકર્ય' (ભેળસેળ) વિચાર હોતો નથી. કારણ કે ધર્મગ્રંથોની પણ પોતાની કંઈક સીમા હોય છે. પરંતુ અર્ધવિદ્વાન તે સીમાઓનું ઉલ્લંઘન કરી ધર્મગ્રંથોને ભેળસેળ કરી નાખે છે. (તર્કસંગ્રહ - આલોક વ્યાખ્યા)

વાણી સ્વરૂપ શિક્ષાપત્રી તથા ધર્મગ્રંથ શ્રી સત્સંગિજીવનને આદર ન આપે કે એમના વચનો ન માને એ ભગવાન શ્રીહરિનો આરાધક નથી, તેમજ અનારાધક પણ નથી. પરંતુ તે **ભરપુર વિરોધક** છે.

**સંસ્કૃત-સાહિત્ય**માં કહ્યું છે કે :-

'मतयो यत्र गच्छन्ति तत्र गच्छन्ति वानराः । शास्त्राणि यत्र गच्छन्ति तत्र गच्छन्ति ते नराः ।।'

મનમાની રીતે વર્તે તે **વાનર** અને શાસ્ત્રની રીતે વર્તે તે **નર** (માનવ). (સૂક્તિસંગ્રહ)

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહે છે :-

'ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥'

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે **આ લોક**ને વિષે તથા **પરલોક**ને વિષે **મહાસુખિયા** થાય છે. (શિક્ષાપત્રી : શ્લોક - ૮)

'तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महद्लभन्ते कष्टमेव हि ॥'

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો **કુબુધ્ધિવાળા** છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે **મોટા કષ્ટ**ને જ પામે છે. (શિક્ષાપત્રી : શ્લોક - ૯)

'अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः । प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥'

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૦)

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**માં લખે છે :-

**'સત્સંગ તાકે ગ્રંથ હી, અસુર લે કર એહ । જગતમેં પૂજાવહી, મોક્ષ ન હોવ હી તેહ ॥'**

આ સત્સંગમાં ગ્રંથ લઈને કેટલાય અસુરો જગતમાં પૂજાશે, પણ તેણે કરીને એમનો મોક્ષ કે કલ્યાણ થવાનું નથી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૧૯)

શ્રીમદ્ **ભગવદ્ ગીતા**માં ભગવાન **શ્રીકૃષ્ણચંદ્રજી** કહે છે :-

'यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ।।'

જે મનુષ્ય શાસ્ત્ર વિધિ છોડી દઈને મનમાની રીતે વર્તે છે તે કોઈ પ્રકારની કાર્ય સિદ્ધિ, સુખ કે પરમગતિ પામતો નથી. (શ્રીમદ્ ભગવદ્ ગીતા : શ્લોક - ૧૬)

'यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् । लोचनाभ्यां विहिनस्य दर्पणः किं करिष्यति ।।'

અંધ વ્યક્તિને દર્પણ શા કામનું ? તેમબુદ્ધિ રહિત વ્યક્તિને શાસ્ત્ર શું ઉપદેશ આપે ? (પંચતંત્ર)

'अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शनम् । सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः ।।'

શાસ્ત્ર તો **અનેક સંશયોનું ઉચ્છેદન** કરનાર અને **પરોક્ષાર્થનું પ્રત્યક્ષ દર્શન** કરાવનાર છે. શાસ્ત્ર તો માનવસમાજની **આંખ** છે. શાસ્ત્ર વગર માનવ અંધ છે. (હિતોપદેશ)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને ધર્મગ્રંથોમાં આકંઠ શ્રદ્ધા હતી. તેઓએ વચનામૃતમાં જે કંઈ વાત કરી છે તે શાસ્ત્રોના સારરૂપે સિદ્ધાંત વાત તારવીને કહી છે. તે શ્રીજીમહારાજના પ્રસાદિનાં જ શબ્દોમાં જોઈએ :-

➡ એક વેદાંતીને પ્રશ્ન પૂછતાં **ભગવાન શ્રીહરિ** કહે છે : "તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા અને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી. માટે તમને પૂછીએ છીએ તેને ઉત્તર કરો, તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમ જે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે."

(વચ.ગ.પ્ર.પ્ર. - ૩૯)

➡ જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્ર કરીને જ થાય છે. જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી, એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે અને જો

'तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महद्लभन्ते कष्टमेव हि ॥'

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો **કુબુધ્ધિવાળા** છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે **મોટા કષ્ટ**ને જ પામે છે.

(શિક્ષાપત્રી : શ્લોક - ૯)





**શાસ્ત્રની પ્રતીતિ** હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ. (વચ. સારંગ.પ્ર. - ૧૩)

➡ વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે, આ જે અમે વાત કરી છે તે **સર્વે શાસ્ત્રનું રહસ્ય** છે. (વચ.ગ.મ.પ્ર. - ૧)

➡ ચાર વેદ, સાંખ્ય શાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વશાસ્ત્રનું એ જ **સિદ્ધાંત** છે. (વચ.ગ.મ.પ્ર. - ૮)

➡ અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો **સિદ્ધાંત** છે. (વચ.ગ.મ.પ્ર. - ૧૩)

➡ જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યાં છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા, તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે...' (વચ.ગ.મ.પ્ર. - ૨૧)

➡ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહી. (વચ.ગ.મ.પ્ર. - ૨૭)

➡ આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે **શબ્દમાત્ર** છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે, તે **પરમ રહસ્ય** છે ને **સારનું પણ સાર** છે. (વચ.ગ.મ.પ્ર. - ૨૮)

➡ શ્રીમદ્ ભાગવતાદિક જે સત્શાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે. પણ બીજી રીતે થતું નથી. (વચ.ગ.મ.પ્ર. - ૩૦)

➡ ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે. (વચ.ગ.મ.પ્ર. - ૫૯)

➡ વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૧૦)

➡ અમે સર્વે શાસ્ત્ર સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૬)

➡ અમે સાંખ્યાદિક શાસ્ત્રનાં વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૮)

➡ એ માયા ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૯)

ભગવાન શ્રી સ્વામિનારાયણને **ધર્મગ્રંથો**માં **દઢ પ્રતીતિ** અને **શ્રદ્ધા** છે તેથી તો તેઓ જે કાંઈ વાત કરે છે તે સર્વે શાસ્ત્રનાં આધારે, તેમના સારરૂપે જ કરે છે. પણ કેવળ બુદ્ધિની કલ્પનાથી વાત કરતા નથી.

સર્વે શાસ્ત્રોમાંથી **'રહસ્ય'** કાઢી આપવું, કહી દેખાડવું તે ઘણું કઠણ છે, શ્રીજીમહારાજે વચનામૃતોમાં જે કંઈ વાતો કરી છે તે સર્વે શાસ્ત્રોનાં સાર-સિદ્ધાંત-રહસ્યરૂપ છે. તેમણે ખૂબ જ નાની બાળવયે સર્વશાસ્ત્રોનો યથાર્થ અભ્યાસ કરીને, સર્વમાંથી 'રહસ્ય' જુદું તારવીને શાસ્ત્રોના સાર રૂપે એક **'ગુટકો'** તૈયાર કર્યો હતો. તેઓ સર્વશાસ્ત્રના યથાર્થ રહસ્યને પૂર્ણપણે પામ્યા હતા એટલે તો કાશીમાં ફક્ત ૧૦ વર્ષની ઉંમરે તેમણે વિદ્વાન પંડિતોની સભા જીતીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સંપ્રદાયની સ્થાપના કર્યા પછી પણ તેઓ અવારનવાર સર્વે સત્શાસ્ત્રોનું વાંચન કરતા, અને સંતો-ભક્તો પાસે વાંચન કરાવીને સાથે સાથે તે શાસ્ત્રોમાંથી રહસ્યરૂપ, પરમસિદ્ધાંતરૂપ અને સારભૂત વાતો પણ કરતા.

**શાસ્ત્રની મહત્તા દર્શાવતા વિદ્વાનો કહે છે :-**

"દીવાની સમીપ એકલા બેઠા હોયએ અને સામે ધર્મગ્રંથ હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી." (યોશીકા કેનાકે)

"જે પુસ્તકોથી પ્રકાશકોને વધુમાં વધુ નુકસાન ગયું છે તેનાથી જ્ઞાને સૌથી વધારે લાભ થયો છે." (થોમસ ફુલર)

"માનવજાતિએ જે કાંઈ કર્યું, વિચાર્યું અને મેળવ્યું તે પુસ્તકોના જાદુભર્યાં પાનાઓમાં સુરક્ષિત છે." (કાર્લાઈલ)

"જૂના કોટ પહેરો, પરંતુ ગ્રંથો નવા ખરીદો." (ઓસ્ટિન)

"પુસ્તકોની અબોલ એવી લાગલગ અને તાકાતમાંથી જગતમાં મહાન શક્તિઓનું સર્જન થયું છે. જેઓએ શાંતચિત્તે ગ્રંથોને ગુરુ તરીકે સ્વીકારી તેના જ્ઞાનનો પોતાના જીવનમાં અમલ કર્યો છે તેઓએ સમસ્ત વિશ્વના વહેણને પલટી નાખી નવી સૃષ્ટિ કે નવા યુગના સર્જન કર્યા છે." (ગાઈલ્સ)

"જે વ્યક્તિઓમાં ગ્રંથો વાંચવાની અભિરુચિ નથી એને કંઈ વિચારવાનું કે કહેવાનું રહેતું નથી." (જોક્સન)

"જો કોઈ પુસ્તક વાંચવા લાયક હોય તો તે ખરીદવાને યોગ્ય પણ છે." (રસ્કિન)

"પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે." (થોરો)

"મધમાખી ફુલ જોડે જેવો નાતો જાળવે છે એવો નાતો આપણે પુસ્તકો જોડે જાળવવો જોઈએ." (બેકન)

"જે માણસ કચરા જેવા પુસ્તક વાંચે છે તે સાવ અભણ માણસ કરતા કોઈ રીતે ચડિયાતો નથી." (માર્ક ટ્વેઈન)

"અશ્લીલ પુસ્તકો વાંચવા એ ઝેર પીવા બરાબર છે." (ટોલસ્ટોય)

"પુસ્તકોનો સાચો ઉપયોગ માનવીને પોતાની જાતે વિચારતો કરી મૂકવાનો છે. જો પુસ્તક તેમન કરી શકે તેનું મૂલ્ય અભેરાઈ પર એણે રોકેલી જગ્યા જેટલું પણ નથી." (રીચી કોલ્ડર)

ગુજરાતના **પ્રસિદ્ધ ચિંતક** અને **લેખક શ્રી ગુણવંતભાઈ શાહ** લખે છે : "મેં એકપણ **મુસલમાન**નું ઘર એવું નથી જોયું, એ રેંકડીવાળો કેમ ન હોય જેના ઘરમાં આદરણીય સ્થાને **કુરાન** ન ગોઠવાયું હોય, એકપણ **ખ્રિસ્તી**ભાઈનું ઘર એવું નથી જોયું, એ પછી ગરીબમાં ગરીબ પણ કેમ ન હોય પણ એના ઘરમાં યોગ્ય સ્થાને **બાઈબલ** ન ગોઠવાયું હોય અને કેટલાય હિન્દુઓનાં ઘરમાં **રામાયણ** તો છોડો, **ઉપનિષદ્** તો છોડો પણ **'સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય'**ની આઠ આનાની ગીતાય નથી. અને તેવા હિન્દુઓ કહે છે કે **'હિન્દુ હોને કા હમે ગર્વ હે,'** ખાક ગર્વ ? તમને નથી રામાયણ સાથે સંબંધ, નથી મહાભારત સાથે સંબંધ, નથી ગીતા સાથે કે નથી કોઈ ધર્મગ્રંથ સાથે અને હિન્દુ હોને કા ગર્વ હે !!"

ભૂતપૂર્વનો ઉજ્જવળ ઈતિહાસ તપાસો - ભારતમાં ધર્મગ્રંથોની કેવી મહાનતા હતી. એ મહાનતા ચીનીયાત્રી 'હ્યુએન ત્સાંગે' સ્વયં અનુભવી હતી.

ભારતમાંથી મૂલ્યવાન ગ્રંથો ભેટ મેળવીને ચીનીયાત્રી **હ્યુએન ત્સાંગ** ભણીને વિદાય લઈ રહ્યો હતો. એને નદી પાર કરાવવા માટે ભારતનાં કોઈ પ્રાધ્યાપકે પોતાનો એક યુવાન વિદ્યાર્થી સોંપ્યો. નદીની અધવચ્ચે હોડી આવતા હોડી ડૂબવા લાગી. નાવિકે ભાર ઓછો કરવાનો ચીનીયાત્રીને **આદેશ** આપ્યો. મૂલ્યવાન ગ્રંથોનો કોથળો પાણીમાં પધરાવી દેવાની કલ્પનાથી ચીનીયાત્રીની આંખમાં **આંસુડાં** ઊભરાઈ આવ્યા. પળમાં જ તે પરિસ્થિતિ પામી જઈને પેલા ભારતીય યુવાને નદીના ધસમસતા પ્રવાહમાં પોતાની જાતને ફેંકી દીધી. ભાર ઓછો તો થઈ ગયો પણ એક યુવાનનો ભોગ લઈને ડૂબતા વિદ્યાર્થીએ હસતે મોંએ ચીનીયાત્રીને **છેલ્લા પ્રણામ** કર્યા અને તરત જ તળીયે જઈને **સમાધિ** લીધી.

હીરાના વેપારમાં પડેલાને પૂછો કે તમે હીરાની પસંદગી કઈ રીતે કરો છો ? પહેલા એ હીરાને ઉપર છલ્લી રીતે જૂએ છે. પછી હાથમાં લઈને બરાબર નીરખે છે




અને પછી ગ્લાસ વગેરેની મદદથી એને પરખે છે. માત્ર જોઈને જ કે નીરખીને જ હીરો ન ખરીદી લે, પરંતુ પરખે અને પસંદ પડે તો જ હીરો ખરીદ કરે છે.

બસ, આધ્યાત્મિક જગતમાં પણ સફળતા મેળવવા માટે આપણા ધર્મગ્રંથો ત્રણ તબક્કાઓ બતાવે છે : ૧. **દેખંદા**, ૨. **નીરખંદા**, ૩. **પરખંદા**. પુણ્ય યોગે મળેલા આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને એના સ્થાપક સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે બતાવેલ મર્યાદા, ધર્મ-નિયમો અને સંપ્રદાયના બંધારણીય સિદ્ધાંતોને સત્સંગ સમાજે કદાચ જોયા છે. આગળ વધીને કદાચ નીરખ્યા છે, પરંતુ પરખવાની બાબતમાં સત્સંગ સમાજ સર્વથા થાપ ખાઈ ગયો છે. એટલે જ તો ધર્મની ધજાના નામે ભોળવાઈ રહ્યો છે.

**'બીજા જન એ મર્મ ન લહેરે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર-૪૦)

દરિયાકાંઠે એક નગરમાં **ધવલ શેઠ** રહેતા. તેઓ દીન-દુઃખિયાઓના **હમદર્દ** હતા. સદાવ્રતો એણે ઠેર-ઠેર ખુલ્લા મૂક્યા હતા. આસપાસનાં સો કોશમાં કોઈપણ માણસ ભૂખ્યો રહી જાય એ વાત શેઠને મન આઘાત સમી હતી. એકવાર એમને વિચાર આવ્યો કે, આ બધું તો મે કર્યું. પરંતુ જેમનું સમસ્ત જીવન સાગરની ગોદમાં જ રમી રહ્યું છે એ **દરિયાલાલો**નું શું ? સેંકડો વહાણો આવે છે અને જાય છે. નાવિકો પોતાના પરિવાર સાથે જ રહે છે, અને વહાણને જ પોતાનું ઘર બનાવે છે. આ લોકોને ક્યારેક અન્ન એકાએક ખૂટી પડે તો ક્યાં લેવા જાય ? અને એકાએક તાવ, ઉલ્ટી વગેરે રોગ થાય તો દવા પણ ક્યાંથી લાવે ? આમના માટે મારે કંઈક સગવડ અવશ્ય કરવી જોઈએ. ધરતી ઉપર તો ઠીક ઠીક સગવડો ઊભી કરી છે, પણ સાગરનાં પટેય મારે કંઈક કરવું જોઈએ.

થોડા જ દિવસમાં ધવલ શેઠે સાગરના નીર ઉપર બે વહાણ તરતા મૂકી દીધા. એકમાં અનાજ ભર્યું અને બીજામાં વિવિધ ઔષધિઓ, બંને વહાણો વચ્ચે એક **સફેદ ધજા** લગાવી. દૂર દૂરથી એ ધજા સહુને દેખાય અને જરૂરીયાતવાળા વહાણો એ તરફ દોડી આવે અને પોતાની **જરૂરીયાત** પૂરી કરે. ધીમે ધીમે આ સગવડ વધુને વધુ **ઉપકારક** થતી ચાલી. એ ધજાને લોકો ધર્મની ધજા કહેવા લાગ્યા.

એ જ દરિયા કિનારે કેટલાંક **વાઘેર** જાતિના લોકો રહેતા હતા. તેઓને વહાણો લૂંટી લઈને જ જીવન ગુજારો કરવાની નીતિ વારસામાં મળી હતી. એકવાર વાઘેરોએ એકઠાં થઈને **નિર્ણય** કર્યો કે, આપણે ધવલ શેઠના એ બેય વહાણ લૂંટી લેવા. મધરાતના સમયે ધવલ શેઠના બંને વહાણો લૂંટાઈ ગયા. પેલી ધર્મની ધજા પણ લૂંટાઈ ગઈ હતી. વાઘેરોએ માલ-સામાન વહેંચી ખાધો, પરંતુ પેલી **ધર્મની ધજા** સહિયારી રાખી. અસલ એવીને એવી રીતે જ ધજાને પોતાના વહાણની મધ્યમાં ચડાવી દીધી. હવે બિચારા **ભોળા દરિયાલાલો** - સાગરખેડૂઓ આ ધર્મની ધજા દેખીને ભૂતકાળની રીત મુજબ વાઘેરોના વહાણો પાસે પહોંચતા અને વાઘેરો એમને લૂંટી લેતા. ધર્મની ધજાની **ખ્યાતિ** તો **દેશ-વિદેશના સાગરખેડૂઓ**માં પ્રસરી હતી. સાગર પ્રવાસમાં આ ધર્મની ધજાનું **એક જ સ્થાન** હતું, જ્યાં જોઈતી વસ્તુ બધુંય મળી રહેતું. આમ, **ધર્મની ધજાને નામે** કેટલાય શ્રદ્ધાળુ આશકોના **નિકંદન** નીકળી ગયાં.

જે સાચું હોય એને પ્રમાણની કે સાબિતીની જરૂર હોતી નથી. આપણે ક્યારેય એવો પ્રશ્ન નથી કરતા કે એ વાતની શું ખાતરી છે કે, આ એકડો જ છે. જે સાચું હોય છે તેની ખાતરીની કોઈ જરૂર જ હોતી નથી. **આપણે માનીએ છીએ એ સાચું જ હોય એ જરૂર નથી.** જરૂરી એ છે કે, જે **સાચું છે તે આપણે માનીએ.**

અંતે ઉપસંહારમાં **સકલ શાસ્ત્ર પારંગત** પ્રાજ્ઞ, દશોપનિષદો ઉપર ભાષ્ય લખનાર, શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપર ભાષ્યની રચના કરનાર, શ્રીમદ્ ભાગવત ઉપર ભાષ્ય લખનાર, યોગસિદ્ધિથી ચંદ્રગ્રહણ બદલનાર, જડ એવી બોરડીને સદુપદેશ આપી નિષ્કંટક કરનાર મુનીન્દ્ર સ.ગુ. **શ્રી ગોપાળાનંદ સ્વામીના શબ્દોથી** આ લેખમાળાને સમાપ્ત કરીએ.

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના **અવતાર જેટલું દૈવત** પોતે મૂક્યું છે માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે **પુરુષોત્તમ ભગવાન** તેના **અવતાર જેવા** જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ **તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે** તથા એમ કહે જે **'આચાર્યને અને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્ચો.** કેમ જે **સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.'** એમ **અવળો** ઉપદેશ કરીને પોતાની શુશ્રૂષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને **પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ** ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને **પંચ મહાપાપ** જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તોજ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ **હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ** આ વાતને **હીરાની પેઠે** નિત્ય નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને **ભુલશોમા, જરૂર ભુલશોમા.** કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૩/૮)

જે આ વાતને પામશે (અર્થાત્ જાણીને વર્તશે) તે જ તરશે અને બીજાને તારશે. બાકી તો સર્વત્ર આગ ચાંપશે, ધર્મના નામે પાપવાસનાઓની !

જે આ વાતને નથી પામ્યા તે તો બેવકુફીભરી બુદ્ધિના ગુલામો છે. કે જેઓ સદા પોતાના અહંકારના નશામાં બેભાન બનીને મન ફાવે તેમ જંગલી આખલાની જેમ ગમે ત્યાં માથા મારે છે. અને અનેક ભક્તોના માથા ફોડે છે.

મુમુક્ષુ તો એક જ તરાપ મારીને આ વાતને ઝડપી લે. જીવનમાં ઊતારી લે, ત્યાં વિચારને અવકાશ જ ન હોય ! જરા પણ વિચારવા રહે, પૂછવા રહે, અનુભવવા રહે તે રખડી જાય, મહાપુરુષ મટી જાય, એની સાધના માટીમાં મળી જાય.

ચિંતનોના નિચોડરૂપે આ સાર મુક્તપુરુષોને જડ્યો. જડેલું જીવનમાં જડી દીધું ત્યારે જ તિમિર ગયું અને જ્યોતિ પ્રકાશી, ઉકળાટ શમ્યા અને આનંદ ઉભરાયા, બંધનના કમ્પનો ગયા અને મુક્તતા સ્પર્શી.

જેમ મૂંગા માણસના મુખમાં કોઈ સાકરનો ગાંગડો મૂકે અને તેને સ્વાદ આવે પણ તેનું વર્ણન કેમ કરી શકે ? તેમ આ ઉપરોક્ત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો મુજબ વર્તનનો આનંદ તો માત્ર અનુભવજન્ય અને અવર્ણનીય જ રહે છે.

'कीदृशोऽयं स्वानुभव इति प्रश्नस्य मूकरसास्वादवत् दुरुत्तरत्वात् ।'

અસ્તુ....

જય શ્રી સ્વામિનારાયણ...





### સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત
### શ્રી સત્સંગિજીવનમાં
### ભગવાન શ્રી સ્વામિનારાયણે ડભાણપુરમાં કહેલ

# બ્રાહ્મણોનું અતિશય માહાત્મ્ય

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકોનેક વખત સમૈયા-ઉત્સવો કરીને બ્રાહ્મણોને ખુબ જમાડ્યા છે અને સાથે માહાત્મ્ય પણ કહેલું છે. તેમાંય સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથના પ્રકરણ-૨, અધ્યાય-૪૯માં ડભાણમાં કરેલ મહાયજ્ઞ વખતે શ્રીજીમહારાજે બ્રાહ્મણોનો જે મહિમા સભામાં કહ્યો હતો તે સ્વામી આખો અધ્યાય સંસ્કૃત શ્લોકોમાં ગૂંથી લીધો છે. તે અહિં સંપૂર્ણ અધ્યાય ગુજરાતીમાં લેખમાળાની અનુરૂપ આપવામાં આવ્યો છે.

સુવ્રત મુનિ બોલ્યા : હે રાજન્ ! શ્રીહરિ આ પ્રકારે મહાવિષ્ણુયજ્ઞ સમાપ્ત કરી અને યજ્ઞમાં આવેલા સમગ્ર બ્રાહ્મણોને સંતોષ પમાડી પોતાના ભક્તોએ પૂજેલા મહાસભામાં ઊંચા સિંહાસનમાં બેઠા. (૧)

શ્રીહરિ મહાસભામાં મર્યાદાથી બેઠેલા સમગ્ર ભક્તો અને ભકત સ્ત્રીઓને જોઈ અમૃતની માફક મિષ્ટ વાણીથી સમગ્ર ભક્તોને આનંદ પમાડતા બોલ્યા : (૨) શ્રીનારાયણમુનિ કહે છે : હે ભકતો ! મારું વચન સાંભળો. જ્યારે જે કોઈ પણ આવેલા માણસને કંઈ પણ પૂછવું હોય તો તે માણસ હાલમાં જ મને સુખેથી પૂછો. (૩)

સુવ્રત મુનિ કહે છે : હે રાજન્ ! પછી તે સભામાં બેઠેલા નાગડકાના સુરસિંહ રાજા શ્રીહરિને ભક્તિપૂર્વક નમસ્કાર કરી પૂછતા હતા : (૪) સુરસિંહ રાજા કહે છે : હે ભગવન્ ! આ લોકમાં અને પરલોકમાં સુખ પમાડનારું સર્વ કાર્યોમાં શ્રેષ્ઠ શું કાર્ય કરવું ? તે સાંભળવા ઈચ્છું છું. તમો મને કહેવા માટે યોગ્ય છો. (૫) હે રાજન્ ! આ પ્રકારે પોતાના ભક્ત સુરસિંહ રાજાએ પૂછેલા બ્રાહ્મણોને દેવની માફક માનનારા શ્રીહરિ સભાના જનોને આનંદ આપતાં બોલ્યા : (૬)

શ્રી નારાયણ મુનિ બોલ્યા : હે સુરસિંહ ! જે પ્રકારે તમે મને પૂછો છો તેની માફક ભારતના દાનધર્મમાં ધર્મરાજા (યુધિષ્ઠિર) શિબિ રાજાની કથા સાંભળી ભીષ્મને પૂછતા હતા. (૭) મહાપ્રતાપી ધર્મ ધારણ કરવામાં શ્રેષ્ઠ શંતનુનંદન ભીષ્મે યુધિષ્ઠિરને જે કહ્યું તે હું તમોને કહું છું. (૮)

ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને કહેલું બ્રાહ્મણોનું માહાત્મ્ય :- ભીષ્મકહે છે : હે ભારત ! અત્યંત સુખ ઈચ્છતા-રાજ્યનો અભિષેક પામેલા રાજાને બ્રાહ્મણોનું સેવન અતિશયપણે કરવા યોગ્ય છે. (૯) હે ભરતર્ષભ ! આ લોકમાં રાજાએ બ્રાહ્મણોની સેવા કરવી : આ પ્રમાણે તમો જાણો. શ્રોત્રિય અને તપ-જ્ઞાનાદિથી શ્રેષ્ઠ બ્રાહ્મણોની રાજા હંમેશા પૂજા કરે. (૧૦)

ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરનાર; પોતાના પુરના નિવાસી અને પોતાના દેશના નિવાસી બ્રાહ્મણોને પણ પ્રિય ભાષણથી તથા તેમની પ્રસન્નતાપૂર્વક અન્નવસ્ત્રાદિ આપવાથી તથા નમસ્કારાદિથી રાજા સત્કાર કરે. (૧૧) દરરોજ પૂર્વે કહેલું અતિશ્રેષ્ઠ કાર્ય જ રાજાને (આ રાજા છે એમ) જણાવે છે. વળી રાજા જેમપોતાનું પાલન કરે છે, જેમપોતાના પુત્રોનું પાલન કરે છે તે પ્રમાણે બ્રાહ્મણોનું પરિપાલન કરે. (૧૨)

એ બ્રાહ્મણોમાં જે બ્રાહ્મણો શાસ્ત્ર અધ્યયન-તપ-જ્ઞાનાદિ ગુણોથી અતિશય પૂજા કરવા યોગ્ય હોય તેઓને અતિશય પૂજે. તેઓ શાંત (અન્નવસ્ત્રાદિથી સુખી) થયે સતે સર્વ તેનું રાજ્ય વિશેષપણે શોભે છે. (૧૩) પોતાનાં માતાપિતા જ જેમતેમતે બ્રાહ્મણો પૂજ્ય છે, માન કરવા યોગ્ય છે. જેમભૂત પ્રાણી માત્રની જીવિકા ઈન્દ્રમાં છે તેમલોકોનું સુખી જીવન બ્રાહ્મણોમાં છે. બ્રાહ્મણો સુખી હોય તો લોકો સુખી થાય. (૧૪)

સંતોષ પામેલા બ્રાહ્મણો દેવત્વ રહિત પુરુષને દેવભાવ યુક્ત કરે છે. અસંતુષ્ટ બ્રાહ્મણો દૈવતવાળાને દેવત્વ રહિત કરે છે. (આ બંને પ્રકારથી નહૂષ રાજાની માફક જાણવું.) જે બ્રાહ્મણ જેને રાજા કરવા ઈચ્છે તે રાજા થાય. બ્રાહ્મણો રાજા કરવા ઈચ્છે નહિ તે પરાભવ પામે અર્થાત્ રાજા થાય નહિ. (આ બંને પ્રકારે વેન રાજાની માફક જાણવું.) (૧૫) હે રાજન્! જે અજ્ઞાની રાજાઓ બ્રાહ્મણોની નિંદા કરે તે રાજાઓ નાશ પામે છે : આ પ્રમાણે સત્ય કહું છું, તેમાં સંશય નથી. (૧૬)

બ્રાહ્મણો જેની પ્રશંસા કરે છે તે પુરુષ વૃદ્ધિ પામે છે. બ્રાહ્મણો જેની નિન્દા કરે છે તે ક્ષણ માત્રમાં પરાભવ પામે. (૧૭) દ્વિજાતિની નિન્દા કોઈ પણ પ્રકારે સાંભળવી નહિ. નીચું મુખ રાખી મૌન બેસવું અથવા ઊભા થઈ ચાલી નીકળવું. (૧૮) જે પુરુષ વિપ્રોની સાથે દ્વેષનું આચરણ કરી સુખપૂર્વક જીવવા ઈચ્છે તે પુરુષ આ પૃથ્વીમાં કોઈ પણ ઉત્પન્ન થયો નથી અને થશે પણ નહિ. (૧૯)

રાજાઓએ આવા પ્રતાપી બ્રાહ્મણો અન્ન-વસ્ત્રાદિ અલંકારો અને અન્ય તેમને ઈચ્છિત વસ્તુઓ અને નમસ્કારોથી સદા પિતાની માફક પૂજવા અને રક્ષણ કરવા.





(૨૦) હે રાજન્ ! સત્કુળમાં ઉત્પન્ન-ધર્મ જાણનાર- તીક્ષ્ણ વ્રતધારી બ્રાહ્મણને પોતાના ગૃહમાં વૃત્તિ આપીને નિવાસ કરાવે. તેવા બ્રાહ્મણથી કોઈ પણ શ્રેષ્ઠ નથી જ. (૨૧)

બ્રાહ્મણને આપેલું હવિષ્યાન્ન દેવતાઓ ગ્રહણ કરે છે અને સર્વ પ્રાણીઓના પિતૃગણો પણ પ્રતિગ્રહ કરે છે. માટે બ્રાહ્મણોથી શ્રેષ્ઠ પ્રાણી કોઈ નથી. (૨૨) સૂર્ય, ચંદ્રમા, વાયુ, જળ, પૃથ્વી, આકાશ, દિશાઓ (દિશાના અભિમાની દેવતાઓ) એ સર્વે બ્રાહ્મણમાં પ્રવેશ કરી બ્રાહ્મણની સાથે અન્ન ખાય છે. (૨૩) બ્રાહ્મણોનો દ્વેષ કરનાર માટે જ પાપ રૂપ જે પુરુષનું બ્રાહ્મણો અન્ન ખાતા નથી. દેવો પણ આ પુરુષનું અન્ન ખાતા નથી. (૨૪)

હે રાજન્ ! બ્રાહ્મણો સંતોષ પામે તો પિતૃઓ હંમેશાં પ્રસન્ન થાય છે તેવી રીતે દેવતાઓ પણ પ્રસન્ન થાય છે. આ અર્થમાં સંશય કરવો નહિ. (૨૫) અતિ ઉદાર મતિવાળા જે રાજાઓ બ્રાહ્મણોએ પોતાના હિત માટે સંભળાવેલું વચન કર્તવ્યપણે ગ્રહણ કરે છે તે રાજાઓ પરાભવ પામતા નથી. (૨૬) તેજ અને બળથી પ્રભાવવાળા ક્ષત્રિયોનાં તેજ અને બળ બ્રાહ્મણોમાં જ શાંત થાય છે. (૨૭)

બ્રાહ્મણ બ્રાહ્મણના ગૃહમાં જન્મથવા માત્રથી જ મહાભાગ (ભાગ્યશાળી પણે પ્રસિદ્ધ) થાય છે. સમગ્રજનોને નમસ્કાર કરવા યોગ્ય થાય છે. રાંધેલા અન્નનો અગ્રભોક્તા અર્થાત્ પ્રથમજમાડવા યોગ્ય અતિથિ થાય છે. (૨૮) અસુરો બ્રાહ્મણોનો પરાભવ (દ્રોહાચરણ) કરવાથી સમીપમાં જળવાળા પાતાળમાં રહેનારા થયા છે અને બ્રાહ્મણોના અનુગ્રહથી દેવો સ્વર્ગમાં નિવાસ કરનારા થયા છે. (૨૯) બ્રાહ્મણના વિરોધથી (રાજાઓએ પણ) વસુંધરા શાસન કરવી શક્ય નથી. મહાનુભાવ બ્રાહ્મણો દેવોના પણ દેવતા છે. અર્થાત્ દેવોએ પણ દેવવત્ પૂજ્ય છે. (૩૦) હે રાજન્, તમે જો સમુદ્રપર્યંત આ પૃથ્વી પાલન કરવા ઈચ્છતાં હો, તો બ્રાહ્મણોને દાન અને સેવાથી નિરંતર પૂજા કરો. (૩૧)

શ્રીનારાયણ મુનિ કહે છે : હે સુરસિંહ રાજા ! આ પ્રમાણે ભીષ્મે યુધિષ્ઠિરને વિપ્રનું સન્માન જ અતિશ્રેષ્ઠ રાજકાર્ય કહ્યું છે અને તે રાજા પણ તે પ્રમાણે જ રાજ કરતા હતા (૩૨) હે સુરનૃપતે ! શ્રીકૃષ્ણ દ્વારિકામાં કાંચીડાની યોનિને પામેલા નૃગ રાજાને મુકાવીને પ્રજાજનોને પોતાના પુત્રની માફક શિક્ષણ આપતા હતા. તે વચનો મારાથી સાંભળો. (૩૩)

શ્રીકૃષ્ણ બોલ્યા - ખેદની વાત છે કે બ્રાહ્મણનું ધન લગાર ભોગવેલું હોય તો પણ, અગ્નિ સમાન તેજસ્વી હોય તેને પણ દુર્જર અર્થાત્ પચી ન શકે તેવું (દુઃખદાયક) છે, તો પોતાને ઈશ્વરના અભિમાનવાળા રાજાઓને ન પચી શકે તેમાં કહેવું જ શું ? (૩૪) હું ઝેરને ઝેર માનતો નથી. શાથી ? જે ઝેરને નિવારણ કરવાનો ઉપાય છે. બ્રાહ્મણના ધનને ઝેર કહેલું છે. પૃથ્વીમાં આ વિષને નિવારણ કરવાનો ઉપાય જ નથી. (૩૫)

વળી ઝેર ખાનારને નાશ કરે છે, બીજાને નહિ; બ્રાહ્મણનું ધનરૂપી ઝેર તો કુળને નાશ કરે છે. અગ્નિ જળથી શાંત થાય છે, બ્રાહ્મણના ધનરૂપી અરણિથી ઉત્પન્ન થયેલો અગ્નિ તો મૂળ સહિત ગોત્રને નાશ કરે છે. (૩૬) યથાર્થ નહિ જાણેલું બ્રાહ્મણનું ધન ભોગવાયેલું હોય તો ત્રણ પુરુષ સુધીના કુળને નાશ કરે છે, (પોતે-પોતાનો પુત્ર અને તેનો પુત્ર.) બળાત્કારથી ભોગવેલું દશ પૂર્વના પુરુષો અને દશ થનારા પુરુષો અને પોતે એમએકવીશ પુરુષોને નાશ કરે છે. (૩૭) રાજલક્ષ્મીના મદથી આંધળા રાજાઓ બ્રાહ્મણના ધનને સારુ (ભોગ્ય હોય તેમજાણી) ઈચ્છે છે તે નરકને જ ઈચ્છે છે, કારણ કે અજ્ઞાની છે. મારા આત્માનો નરકપાત થયો તેમજોતા નથી, કારણકે આંધળા છે. (૩૮)

વૃત્તિ હણાયેલા, માટે જ રડતા, દાન સ્વભાવવાળા, કુટુંબી બ્રાહ્મણોનાં અશ્રુબિંદુઓ જેટલી સંખ્યાવાળા રજઃકણોને પલાળે છે; તે અંકુશ વિનાના-માટે જ બ્રાહ્મણના ધનને હરનારા-રાજાઓ અને રાજાના કુળમાં ઉત્પન્ન થનારા બીજાઓ તેટલા વર્ષ સુધી કુંભીપાકમાં રંધાય છે. (૩૯-૪૦)

રાજાએ પોતે આપેલી તથા બીજાએ આપેલી બ્રાહ્મણની વૃત્તિને લઈ લે તે પુરુષ સાઠ હજાર વર્ષ સુધી વિષ્ઠામાં કીડો થાય છે. (૪૧) માટે મને બ્રાહ્મણના ધનને ગ્રહણ કરવાની ઈચ્છા ના થાઓ. બ્રાહ્મણધનને ઈચ્છીને મનુષ્યો અલ્પાયુષ્યવાળા થાય છે. શત્રુઓથી પરાભવ પામેલા થાય છે. રાજ્યથી ભ્રષ્ટપણાને પામે છે. પોતાના દર્શનમાત્રથી બીજાને ઉદ્વેગ કરનારા સર્પો થાય છે. (૪૨)

હે મારી પ્રજાઓ ! અપરાધ કરનાર બ્રાહ્મણનો દ્રોહ ના કરો, માર મારતા અથવા ઘણા શાપ આપતા બ્રાહ્મણને હંમેશાં નમસ્કાર કરો. (૪૩) હું સાવધાન થઈ જેમસમય પ્રમાણે બ્રાહ્મણોને નમસ્કાર કરું છું તે પ્રમાણે તમો પણ નમસ્કાર કરો. જે કોઈ મારો (પ્રજાજન) હોવા છતાં જો એમના કરે તો તે મારા દંડને ભજનારો છે. (૪૪) બ્રાહ્મણનું ધન હરેલું હોય તે હરનારને નરકમાં પાડે છે. કોની માફક તો અજાણ્યે પણ નૃગરાજાને બ્રાહ્મણની ગાયે જેમકાંચીડાની યોનિરૂપી નરકમાં પાડ્યો હતો તેમનરકમાં પાડે. (૪૫)

શ્રીનારાયણમુનિ કહે છે : હે સુરસિંહ રાજન્ ! આ પ્રમાણે શ્રીકૃષ્ણે શિક્ષણ આપેલી દ્વારિકાની પ્રજાઓ શ્રીકૃષ્ણની આજ્ઞામાં વર્તતી હતી. માટે મોટા સુખને પામી છે. (૪૬) માટે તમોએ તથા મારા આશ્રિત બીજા રાજાઓ તથા ક્ષત્રિયોએ અને બીજા લોકોએ પણ બ્રાહ્મણો વિશેષપણે માનવા અને પૂજવા. (૪૭)

વેદ ભણેલા ના હોય અથવા સારી રીતે ભણેલા હોય, તે પ્રકારે પ્રાકૃત ગ્રંથો અથવા સંસ્કૃત ગ્રંથો જાણતા હોય અથવા ના જાણતા હોય; એવા બ્રાહ્મણોનું ભસ્મથી ઢંકાયેલા અગ્નિની માફક અપમાન કરવું નહિ. (૪૮) જેમસ્મશાનમાં રહેલો પણ જ્વાળાવાળો અગ્નિ દાહ શક્તિથી રહિત થતો નથી એવી રીતે વિદ્વાન અથવા અવિદ્વાન બ્રાહ્મણ મહાદૈવતવાળો-દેવની માફક પૂજ્ય છે. (૪૯) ભગવાનને પ્રિય બ્રાહ્મણોને ઘણાં ઘી અને સાકરથી યુક્ત, બ્રાહ્મણને પ્રિય ભક્ષ્ય અને ભોજ્ય વગેરે અન્નથી અને દક્ષિણાઓથી સંતોષિત કરવા. (૫૦) બ્રાહ્મણો સંતોષ પામ્યે સતે કમલાપતિ શ્રીકૃષ્ણ સંતુષ્ટ થાય છે. આ પ્રકારે મેં રાજાએ કરવા યોગ્ય શ્રેષ્ઠ કાર્ય તમોને કહ્યું. (૫૧)

સુવ્રતમુનિ કહે છે : હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેલું વચન સાંભળીને સુરસિંહ રાજા અને બીજા ભક્તજનો પણ શ્રીહરિને નમસ્કાર કરી શ્રીહરિની આજ્ઞા મસ્તકથી ધારણ કરતા હતા. (૫૨) હે નૃપતે ! શ્રીહરિ આવી રીતે દરરોજ ભક્તોને આનંદ આપતા, ગુજરાતના ભક્તજનોએ ઘણા પ્રકારે પૂજેલા એક માસ સુધી ડભાણપુરમાં નિવાસ કરતા હતા. (૫૩) પછી ડભાણપુરમાં દેશાંતરથી આવેલા ભક્તો પોતપોતાનાં ગામોમાં આવવા માટે શ્રીહરિને અત્યંત પ્રાર્થના કરતા હતા. અને શ્રીહરિ પણ તે ભક્તોને હું તમારા ગામમાં આવીશ એમકહેતા હતા. (૫૪)

હે રાજન્ ! શ્રીહરિ અનેક ગામોમાં રહેલા પોતાના આશ્રિત ભક્તોને સુખી કરવા માટે મુનિસંઘોની સાથે દર્ભાવતીથી નીકળ્યા. પોતાની પાછળ આવતા શ્રીહરિના વિયોગજન્ય પીડાથી નેત્રોમાં આંસુવાળા દર્ભાવતી નિવાસી ભક્તજનોને પાછા વાળી ચરોત્તર સંજ્ઞાવાળા દેશમાં આવ્યા. (૫૫) *ઈતિ શ્રી સત્સંગિજીવને નારાયણ ચરિત્રે ધર્મશાસ્ત્રે દ્વિતીય પ્રકરણે દર્ભાવતીપુરે મહાયજ્ઞમહોત્સવે બ્રાહ્મણમાહાત્મ્યનિરૂપણનામૈકોનપંચાશત્તમોऽધ્યાયઃ (૪૯)*



# સત્સંગ સમાચાર પત્રિકા



નાર (સોજીત્રા)ને આંગણે મંદિર મધ્યે યોજાયેલ શ્રીહરિ યાગમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



નિંગાળા (તા. ગઢપુર)ને આંગણે યોજાયલે સત્સંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ડોંબીવલી(મુંબઈ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલ હિંડોળા ઉત્સવ તેમજ શ્રી ગણેશ મહોત્સવ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સરધારધામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણે બસો વર્ષ પૂર્વે આપેલ આશીર્વાદનું મૂર્તિમંત સ્વરૂપ ધારણ કરતું સંપ્રદાયના નજરાણારૂપ શિખરબધ્ધ મંદિરના આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે પ.પૂ. **સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી** મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા

# ‘ટૂંક સમયમાં જ પુનઃ પ્રકાશિત થાય છે...’

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ ( મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**



# ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે જે શાસ્ત્રને ‘સર્વશાસ્ત્રમાં શિરમોડ’નું બિરુદ આપી પ્રશંસા કરેલી છે. તેમજ આરતી-પૂજન કરેલું છે તેવા ‘શ્રીમદ્ સત્સંગિજીવન’ ગ્રંથનું નંદસંતોના હસ્તલિખિત પ્રત અનુસાર સર્વપ્રથમવાર સંસ્કૃતની સાથે અક્ષરશઃ સરળ ગુજરાતી ભાષામાં ખૂબ સુંદર રીતે પ.પૂ. **સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા શુભાશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. **સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના** શુભ માર્ગદર્શન પ્રમાણે છપાવીને ગત વર્ષે વિ.સં. ૨૦૬૩/તા. ૨૯-૭-૦૭ (ગુરુપૂર્ણિમા)ના દિવસે વડતાલમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

આજે ૧૦ મહિના જેટલા ટૂંક સમયમાં જે ગ્રંથની ૫૦૦૦ હજાર પ્રત સત્સંગમાં વહેંચાઈ જતાં, બાકી રહેલા સત્સંગીઓ તરફથી આ ગ્રંથની દ્વિતીય આવૃત્તિ પ્રકાશન કરવાની માંગણી તાકીદે ઊભી થઈ છે ત્યારે સહર્ષ આ ગ્રંથનું પુનઃ પ્રકાશનનું કાર્ય **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા હાથ ધરવામાં આવેલું છે.

આ ગ્રંથનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ-પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પુનઃ પ્રુફ સંશોધનાદિ કાર્ય પણ સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) દ્વારા જ કરવામાં આવેલ છે.



કોરકલરમાં વિવિધ ચિત્રાવલિના ઉપથી વધારે પોઝ (ફોટા) યુક્ત આ ગ્રંથ અંદાજે રૂા. ૫૦૦/- ની મૂળ કિંમતે તૈયાર થશે. પરંતુ આ ગ્રંથમાં, શ્રી સત્સંગિજીવન માહાત્મ્યમાં આ ગ્રંથના **દાનવિધિ** (અધ્યાય : ૭, શ્લોક : ૨૫)માં કહ્યા મુજબ ‘अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । शास्त्रस्यैतस्य दानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥२५॥’ “આ શાસ્ત્રનું દાન કરવાથી પુત્ર વિનાનો માણસ પુત્ર પામે છે, દરિદ્ર માણસ ધનવાન થાય છે, વિદ્યાર્થી વિદ્યા મેળવી વિદ્વાન થાય છે”- આ ગ્રંથના દાનથી શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો તેમજ ભક્તજનના સર્વ મનોરથ પૂર્ણ થાય છે, એવું મહાફળ પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો માટે આ ગ્રંથમાં સૌજન્ય રાખવામાં આવેલું છે. જે કોઈ હરિભક્તો તરફથી **રૂા.૧૦૦૦/-**નું સૌજન્ય આપવામાં આવશે તેમનું આ ગ્રંથમાં દાતાની નામાવલિમાં નામલખાશે તેમજ તેમને **રૂા.૧૦૦૦/-** દીઠ એક ગ્રંથ ભેટ આપવામાં આવશે. (આ પ્રમાણે **રૂા.૨૦૦૦/-** લખાવશે તેને બે સેટ અને **રૂા.૫,૦૦૦/-** લખાવશે તેને પાંચ સેટ ભેટ આપવામાં આવશે. તેમ આગળ રકમ પ્રમાણે ગ્રંથ ભેટ આપવાનું યથાયોગ્ય જાણી લેવું.) વિશેષમાં દાતા-ભક્તજનો દ્વારા પ્રાપ્ત થયેલા સૌજન્યને આભારી આ ગ્રંથની કિંમત ઓછી થશે, જેથી નાનામાં નાના ભક્તો પણ આ ગ્રંથને પોતાને ઘેર વસાવીને ગ્રંથ સેવનથી કૃતાર્થ થશે અને દાતા-ભક્તોને પણ એક **‘શ્રીમદ્ સત્સંગિજીવન’ના દાન જેટલું ફળ** શ્રીમદ્ સત્સંગિજીવનમાં કહ્યા મુજબ ભગવાન શ્રીહરિની કૃપાથી અવશ્ય પ્રાપ્ત થશે.



ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૫૮માં કહ્યું છે : ‘અમારા સંપ્રદાયની પુષ્ટિ તો અમારા જન્મથી તિરોધાન સુધીના ચરિત્ર સભર શાસ્ત્રના માધ્યમથી જ થાય, પરંતુ અન્ય રીતે ન થાય...’ તો આ ગ્રંથના પ્રકાશન માધ્યમથી સંપ્રદાયની પુષ્ટિ થાય અને હજારો ભક્તજનોને ભગવાન શ્રીહરિની ઓળખાણ થાય અને જીવાત્માની મુક્તિ થાય એવો જ આ ગ્રંથ પ્રકાશનનો હેતુ રહેલો છે.



તો આ ગ્રંથમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે સેવા લખાવી પોતાની સંપત્તિનું સદ્વ્યય કરવાપૂર્વક ગ્રંથલાભ સહિત શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો, **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**ના નામથી ચેક/ડ્રાફ કે રોકડ રકમ મોકલી શકશે. જેની મંદિર તરફથી પાકી પહોંચ આપવામાં આવશે. (**નોંધ :** આ પહોંચને ગ્રંથ ભેટ પ્રાપ્તિ સુધી સાચવીને રાખવી જરૂરી છે.)

**ખાસનોંધ :-** આ ગ્રંથમાં જે કોઈ સેવા-સૌજન્ય લખાવવા માંગતા હોય તેમણે સરધાર મંદિર અથવા તો પૂ. સંતોનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**

તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩/૧૦, ૯૪૨૮૮૯૦૨૧૧

Visit us :- www.sardhardham.org • E-mail :- info@sardhardham.org - amrutdhara2003@yahoo.com

**નોંધ :-**
આ શ્રી સત્સંગિજીવન ગ્રંથની દ્વિતિય આવૃતિનું પ્રકાશન કાર્ય આગામી ગઢપુરને આંગણે ઉજવાવનારા આંતરરાષ્ટ્રીય ‘શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ’ (તા. ૧૨ થી ૨૬ ડીસેમ્બર - ૨૦૦૯)માં કરવામાં આવશે. જેની દરેક ભક્તોએ નોંધ લેવી.



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પ્રકાશિત**

## દરેક ઘરની દિવાલોને શોભાવે તેવું નૂતન વર્ષનું

# તિથિ-તારીખ કેલેન્ડર




**પ્રયોજક :-** પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર (હાલ વડતાલ)

**પડતર કીંમતથી અડધી કીંમતમાં રૂા. ૧૦માં ત્રણ કેલેન્ડર**

**નોંધ :-** જેમને ધંધા કે ઓફિસ, કંપની, ફેકટરી યા તો દુકાનની જાહેરાત માટે છપાવવા હોય તેમને રૂા. ૪/-માં ઓછામાં ૫૦૦ નંગ સાથે જાહેરાત છપાવીને આપવામાં આવશે.

ફક્ત રૂા. ૧૦માં ત્રણ કેલેન્ડર

**સંપર્ક :-**

શ્રી સ્વા. મંદિર-સરધાર. ફો.નં. ૦૨૮૧-૨૭૮૧૨૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩.
શ્રીજી આર્ટ - અમદાવાદ. ફો.નં. ૦૭૯ - ૨૬૫૮૦૯૧૬, મો. ૯૮૭૯૬૦૬૬૮૬.
શ્રી રઘુવીર વાડી - વડતાલ. ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮.
શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર (સુરત). મો. ૯૮૭૯૭૫૮૫૧૩.
શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી (મુંબઈ) ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫.

## શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તોને નમ્ર વિનંતિ

વ્હાલા ગ્રાહક ભક્તો ! આપને ત્યાં આવતા 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંક જો સમયસર ન મળતો હોય તો 'ચિંતન કાર્યાલય - સરધાર' જાણી કરી આપના એડ્રેસ **પીનકોડ** અવશ્ય લખાવવો. જેથી કરી આપને સમયસર જલદીથી અંક મળી જાય છે. અને આપને કદાચ જો સમયસર ન અંક ન મળતો હોય તો તેનું કારણ એડ્રેસ બરાબર નહિ અથવા તેમાં પીનકોડ ન હોવાને કારણે અથવા આપે ભરેલ લવાજમ'ચિંતન કાર્યાલય - સરધાર' પહોંચ્યું નહિ હોય જેથી કરીને સમયસર અંક ન મળવાનું કારણ છે. માટે આપ આપના નજીકના કાર્યકરનો સંપર્ક સાધો અથવા 'ચિંતન કાર્યાલય - સરધાર' ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૯૮૭૯૭૫૮૫૦૩માં જાણ કરવા વિનંતી.

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :** તા. ૦૪-૧૦-૨૦૦૯, આસો સુદ - ૧૫ **સમય :-** સવારે ૯ થી ૧

**રાજકોટ :-** તા. ૨૬-૧૦-૦૯, આસો સુદ - ૮, શનિવાર **સમય :-** રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯





# છાવણીની મહત્તા

✤ જગતના નાશવંત પદાર્થમાંથી મનને મોકળુ કરી ભગવાન શ્રીહરિમાં જોડી દેવું તેનું નામજ છાવણી.

✤ મન તો માયાનું છે તેને ભીડામાં લીધા સિવાય તે ભગવાન શ્રીહરિમાં લાગે તેમનથી. તેવા મનને ભીડામાં લઈ ભગવાન શ્રીહરિમાં જોડી દેવું તેનું નામજ છાવણી.

✤ બાર દિવસ સુધી સંસારની વિટમણામાંથી સંપૂર્ણપણે બાકાત થઈ જગત ભૂલી જગદીશ્વરમાં જોડાઈ જવું તેનું નામજ છાવણી.

✤ ભગવાન શ્રીહરિને રીજવી તેના મહા અલૌકિ સુખમાં ડુબી શકાય છે. ભગવાન શ્રીહરિની મૂર્તિમાં સંપૂર્ણપણે જોડાઈ જઈ ભગવાનને વ્હાલા લાગીએ તેવું જીવન બની જાય તેનું નામજ છાવણી.

**ખાસ નોંધ :-** આ છાવણીમાં પુરુષભક્તો તથા સ્ત્રી ભક્તો તેમબંને લાઈ શકશે. માટે જોજ્યો તમો આ મહા અલૌકિ લાભ લેવાનું ચુકી ન જતા...!!!

## છાવણીના મહાદિવ્ય કાર્યક્રમની રૂપરેખા

**સવાર**

| | |
|---|---|
| ૪-૩૦ થી ૬-૦૦ | સ્નાનાદિક - પૂજાવિધિ |
| ૬-૦૦ થી ૬-૩૦ | પ્રભાતફેરી |
| ૬-૩૦ થી ૭-૦૦ | પ્રભાતિયા |
| ૭-૦૦ થી ૮-૦૦ | કીર્તન વિવેચન વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |
| ૮-૦૦ થી ૯-૧૫ | પુરુષોત્તમપ્રકાશ કથા વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી |
| ૯-૧૫ થી ૯-૪૫ | ધ્યાન અનુષ્ઠાન |
| ૯-૪૫ થી ૧૦-૧૫ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૦-૧૫ થી ૧૧-૩૦ | વચનામૃત વિવેચન વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |
| ૧૧-૩૦ થી ૧૨-૦૦ | પ્રવચન, માનસી પૂજા |
| ૧૨-૦૦ થી ૧-૦૦ | મહાપ્રસાદ |

**બપોર**

| | |
|---|---|
| ૧-૦૦ થી ૨-૦૦ | વચનામૃત કથા, પ્રશ્નોત્તરી |
| ૨-૦૦ થી ૩-૩૦ | વિશ્રાંતી |
| ૩-૩૦ થી ૩-૪૫ | માનસી, ફગવા, કીર્તન-ભક્તિ |
| ૩-૪૫ થી ૫-૦૦ | પુરુષોત્તમપ્રકાશ કથા વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી |
| ૫-૦૦ થી ૬-૧૫ | વચનામૃત વિવેચન વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |
| ૬-૧૫ થી ૭-૩૦ | પ્રવચન, ગોડી, આરતી, સ્તુતિ |
| ૭-૩૦ થી ૮-૩૦ | મહાપ્રસાદ |
| ૮-૩૦ થી ૯-૦૦ | નિયમચેષ્ટા |
| ૯-૦૦ થી ૧૦-૦૦ | વ્યાખાનમાળા |
| ૧૦-૦૦ થી ૪-૩૦ | વિરામ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# પધારો સરધાર... દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી... ચાલો સરધાર..

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે ભવ્ય ચૌદમી



# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-વડતાલ (હાલ - સરધાર)**

**પ્રારંભ :- તા. ૧૬-૧૦-૦૯ આસો વદ -૧૩ પૂર્ણાહુતિ :- તા. ૨૬-૧૦-૦૯ કારતક સુદ - ૮**

સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમભગવાન **શ્રી સ્વામિનારાયણ** જ્યાં ચાર ચાર માસ સુધી રોકાયા છે. તથા ગુરુવર્ય ઉદ્ધવાવતાર મહા મુક્તરાજ સદ્ગુરુપદને શોભાવતા શ્રી રામાનંદ સ્વામી તથા સત્સંગમાં જેમને ખુદ ભગવાન શ્રીહરિએ ''મા'' નું બિરૂદ આપીને વારંવાર બિરદાવેલ છે એવા સ.ગુ. મુક્તાનંદ સ્વામીનું પ્રથમમિલન થયું છે. અને પાંચસો પરમહંસોના મહા મંગલમય પદ પંકજથી પુનિત થયેલ અક્ષરધામતુલ્ય સરધારધામની દિવ્ય ભૂમિમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તથા દક્ષિણ વિભાગ વડતાલ દેશ ગાદી પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા અને રૂડા આશીર્વાદથી તથા **પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે** અને આપણા સૌના સહિયારા પુરુષાર્થથી **તા. ૧૬-૧૦-૦૯ આસો વદ - ૧૩** થી **તા. ૨૬-૧૦-૦૯ કારતક સુદ - ૮** સુધી ચૌદમી **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'** નું વિશાળ ફલક ઉપર ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આ વાતને આપ સુધી પહોંચાડતા અમારા હૃદયમાં અતિ આનંદ થઈ રહ્યો છે. આપ સર્વ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત છો અને મહારાજને પામવાના સાચા તાનવાળા છો તો આપણા પ્રાણપ્યારા પ્રિયતમભગવાન શ્રી સ્વામિનારાયણને રીજવવાનો આ સુવર્ણ અવસર છે તો આ છાવણીમાં શ્રીહરિરસામૃતનું પાન કરવા જરૂર સહભાગી થાશોજી.

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રીહરિની મૂર્તિના સુખે સુખીયા થવા માટે, ફેશન, વ્યસન અને વહેમથી મુક્ત થવા માટે, ષડ્અંગી સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતો સમજવા માટે, ભગવાન શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે, આ મહા અલૌક્કિ અને આધ્યાત્મિકતાના શિખર સમાન છાવણીમાં ભક્તોએ પ્રભુપ્રેમમાં મહેકતા થવા અને ભવાટવીના ભટકણ થકી મુક્ત થઈ ભગવાન શ્રીહરિને ભેટવાનો આ સોનેરી અવસર રખેને ભુલાય ન જવાય...!!! તો નવા વર્ષમાં નવપલ્લવિત દિવસોમાં ભક્તિનું ભાથું બંધાય, ધર્મ નિષ્ઠાનો રંગ પૂરાય તથા જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ પથરાય અને આપણા જીવનમાં નવ ચેતનાનો સંચાર થાય તો આવી સત્સંગ છાવણીમાં દરેક હરિભક્તોને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**લી. કો.** સ્વામી વિરક્તસ્વરૂપદાસજીના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ....

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**

ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩ (વધુ માહિતી માટે પાછળ જુઓ)



**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯**

**૧. છપૈયામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજનો ટ્રેનયાત્રા દ્વારા અભિષેક મહોત્સવ. ૨. સ્પેશ્યલ ટ્રેનયાત્રાના યજમાનપદે બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજને ધરાવેલ અન્નકૂટોત્સવ. ૩. છપૈયામાં યોજાયેલ ટ્રેનયાત્રા યાત્રિકોની સત્સંગ સભા. ૪. ગૌઘાટના દર્શને પૂ. સંતો-ભક્તો. ૫. ગૌઘાટ સ્થિત ધર્મકુળ પરિવારના ઘેરે પધરામણી કરતા પૂ. સંતો-ભક્તો. ૬. શ્રવણ તલાવડીના પ્રાસાદિક જળને મસ્તકે ચડાવતા પૂ. સંતો-ભક્તો. ૭. પતંજિયા મહાદેવના દર્શન કરતા પૂ. સ્વામી સાથે સંતો-ભક્તો. ૮. કલ્યાણસાગરના પ્રાસાદિક છત્રી સ્થાને દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૯-૧૦. ખાપા તલાવડી તેમજ સ્મૃતિ છત્રીસ્થાનના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૧૧. છપૈયા મંદિરમાં યોજાયેલ યાત્રિકોની સમૂહ મહાપૂજા. ૧૨. અયોધ્યા મંદિરમાં બિરાજમાન દેવોના દર્શન કરતા પૂ. સંતો તેમજ યાત્રિક ભક્તજનો.**



1



2



3



4





5



6



7



8



9



10



11



12

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯**

૧. ભારતના મુખ્ય ચારધામપૈકીનું મહાન તીર્થધામશ્રી બદ્રીનાથ મંદિરના દર્શને પૂ. સંતો-ભક્તો. ૨. સરસ્વતી નદીના ઉદ્‌ગમસ્થાન પાસે પૂ. સ્વામી સાથે સંતો-ભક્તો. ૩. ભીમપુલના દર્શન કરતા યાત્રિક ભક્તજનો. ૪. બદ્રીનાથથી ૩ કી.મી. દૂર વ્યાસગુફાના દર્શને પૂ.સંતો-ભક્તો. ૫. ગણેશગુફાના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૬. સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામવડતાલમાં દર્શન કરવા જતાં પૂ. સંતો સાથે યાત્રિક ભક્ત સમુદાય. ૭. મંદિરમાં બિરાજમાન દેવોના ભાવપૂર્વક દર્શન કરતા સર્વે યાત્રિકો. ૮. જ્ઞાનબાગ સ્થિત બાર બારણાં હિંડોળા સ્થાનના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૯. શ્રીજી પ્રસાદિભૂત ગોમતી સરોવરમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી તથા સંતો-ભક્તો. ૧૦. શ્રી રઘુવીર વાડી ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા યાત્રિકોને આપવામાં આવેલ સ્મૃતિ પત્રને પ્રસાદિભૂત કરાવતા પૂ. સ્વામી. ૧૧-૧૨. આચાર્ય નિવાસસ્થાન ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનું રસપાન કરતા પૂ. સંતો તથા સર્વે યાત્રિક ભક્ત સમુદાય.







પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯

૧. દ્વારકા રેલ્વ સ્ટેશનથી સર્વે યાત્રિકો સાથે સમૂહમાં શ્રી દ્વારકાધીશના દર્શને જતાં પૂ. સંતો. ૨. શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શન. ૩. ગોમતીમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી સાથે સંતો-ભક્તો.







ભૂપગઢને આંગણે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ નૂતન મહિલા મંદિરનો ભૂમિપૂજન-શિલાન્યાસ મહોત્સવ







ગઢપુરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ







બોરિવલી (મુંબઈ)ને આંગણે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયલે જલઝિલણી મહોત્સવ





વડોદરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ માસિક સભા તેમજ જન્માષ્ટમી મહોત્સવ





ભદામ(રાજપ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા





શ્રીજી પ્રસાદિભૂત ગામ વરજાંગ જાળિયામાં યોજાયેલ કથા-પારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી





મલાડ(મુંબઈ)ને યોજાયેલ પરાવિસ્તારની દ્વિમાસિક સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે 'શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ - રાજકોટ' દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં રાજકોટને આંગણે યોજાયેલ 'સરસ્વતી સત્કાર સમારંભ મહોત્સવ' (તા. ૨ ઓગષ્ટ - ૦૯)

Shree Swaminarayan Chintan, Aug.-Sept. - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC




ઠાકોરજીના પ્રાસાદિક પૂજન ઉપચારોથી ટ્રેનયાત્રાનું પૂજન કરી લીલી ઝંડી આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ટ્રેન એન્જિનનું પૂજન, 'ચારધામતીર્થયાત્રા'પુસ્તક અને ગુરુપૂર્ણિમા-૨૦૦૯ વિડિયો સી.ડી.નું વિમોચન કરતા
તેમજ પૂ. સ્વામીને શુભાશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

છબીકલા : અમિત પારેખ - ઉમરેઠ. મો. ૯૪૨૭૭૫૮૩૧૯

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૧ થી ૩૦ ઓગષ્ટ - ૦૯)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji